# પ્રકરણ:૧

# હિમાંશી શેલત: વ્યક્તિત્ત્વ અને વાઙ્મય



# પ્રકરણ:૧

## હિમાંશી શેલત: વ્યક્તિત્વ અને વાઙ્મય

## ૧.૧. ભૂમિકાઃ

અનુઆધુનિક ગુજરાતી વાર્તાકારોમાં હિમાંશી શેલત એક અગ્રણી વાર્તાકાર છે. તેઓ સામાજિક નિસબત ધરાવતા સંવેદનશીલ વાર્તાકાર હોવાની સાથે સાથે નવલકથાકાર, વિવેચક, ચરિત્રલેખક, નિબંધલેખક, અનુવાદક, સંપાદક અને પ્રતિબદ્ધતાથી સામાજિક - શૈક્ષણિક કાર્ય કરતાં કર્મશીલ કાર્યકર પણ છે. આવાં અનુઆધુનિક - પ્રતિબદ્ધ વાર્તાકારે ગુજરાતી સાહિત્યમાં કરેલા પ્રદાન વિશે વધુ અભ્યાસ કરતા પહેલા પૂર્વભૂમિકારૂપે આધુનિકતા વિશે ટૂંકમાં પરિચય મેળવીએ.

આધુનિક ગુજરાતી ટૂંકીવાર્તાના પ્રણેતા સુરેશજોશીથી ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાના પગરણ થયા. તે સાથે જ ઘટનાહ્રાસ, ઘટના - તિરોધાન, પ્રતીક - કલ્પન, કપોળકલ્પિત ચેતના પ્રવાહ, વિવિધ ટેક્નિક અને અભિવ્યક્તિના આકારવાદ સાથે આધુનિકવાર્તાનો પ્રવાહ શરૂ થયો. જેના લીધે ગુજરાતી ટૂંકીવાર્તાના લાંબા સમય સુધી રૂંધાયેલા પ્રવાહમાં નવો જોમ આવ્યો. આ દરમિયાન ગુજરાતી ટૂંકીવાર્તામાં ઘટના - સ્થૂળ સામગ્રીનું મહત્ત્વ ઘટ્યું. બાહ્ય કે સ્થૂળ ઘટનાને બદલે તેનાથી ઊભા થતા આઘાત - પ્રત્યાઘાતો એટલે કે સૂક્ષ્મ ઘટનાઓ, મનોઘટનાઓનું આલેખન થવા લાગ્યું. ટૂંકીવાર્તામાં સરલીકરણનો મહિમા ઘટયો અને ટેક્નિક અને રૂપરચનાને વધારે મહત્ત્વ મળવા લાગ્યું. જેથી નવલિકાની પરંપરાગત વિભાવના અને બંધારણમાં જડમૂળથી પરિવર્તન આવ્યું. જેના પરિણામ સ્વરૂપ આધુનિક માનવની સંવેદના દર્શાવતી આધુનિકવાર્તા સાધારણ માનવ સુધી પહોંચી શકી નહીં. રૂપ રચવાની સાધનામાં ઘટનાની સંપૂર્ણ બાદબાકી અને ટેક્નિકની માયાજાળ ગૂંથવાને કારણે વાર્તાનો વિશેષ વિકાસ રૂંધાઈ ગયો. અમુક પ્રકારની પદ્ધતિ- ટેક્નિક રૂઢ થતી ગઈ. વસ્તુ અને પાત્રો પોતાના સંદર્ભો અને ચેતના ગુમાવી બેઠા. એમાંથી સ્ફુરતો જીવનનો કઠોર, કરુણ અને સમવિષમ વાસ્તવિકતાનો સંસ્પર્શ અદશ્ય થતો ગયો. પ્રયોગશીલતાના નામે પ્રયોગખોરીનું ચલણ વધવા માંડયું. જેને કારણે સામાન્ય ભાવક વાર્તાથી છેટો થતો ગયો, એટલું જ નહીં, પ્રતીક - કલ્પનની માયાજાળને સહેલાઈથી પામી- આસ્વાદી ન શકવાને કારણે શિક્ષિત ભાવકો પણ વાર્તાની દુનિયાથી દૂર ચાલ્યાં ગયાં. વળી, જીવનની દૂરની અનુભૂતિ અને વ્યવહારથી દૂરની ભાષાશૈલી પણ વાર્તાને જીવનથી દૂર લઈ જાય છે. પ્રતીક - કલ્પનની અસ્પષ્ટતા વાર્તાનું ધૂંધળું રૂપ સર્જે છે. ટેક્નિક અંતરાયરૂપ બને છે. વાર્તાનું ગદ્ય ક્યાંક સર્જનાત્મક-કાવ્યાત્મક તો ક્યાંક વિચિત્ર ભુલભુલામણી જેવું બનતું જવાના કારણે આધુનિકતાનો મોહ ઊતરવા માંડે છે. ફરી પાછી ઘટના તરફ ગતિ થાય છે, સ્વરૂપવાદનો જાદુ ઓસરવા લાગે છે.

આધુનિક ગુજરાતી કથા સાહિત્યની મર્યાદા જણાંવતા મણિલાલ હ.પટેલ કહે છે, "આધુનિક ગુજરાતી કથાસાહિત્ય આ ગાળામાં ઘણું મંદપ્રાણ અને કૃતક બની રહ્યું હતું. સામાજિક અને જીવનવાદી વ્યક્તિની સંવેદનાઓથી મોઢું ફેરવી લઈને દોઢ - બે દાયકા સુધી (૧૯૬૦ થી ૧૯૭૫-૮૦) લખાતી રહેલી વાર્તા 'નકશીના અતિરેકમાં' અને 'ટેક્નિકને નામે કૃતકતાઓમાં' રાચવા લાગી હતી ને એમ એ પોતાનો વાચક ખોઈ બેઠી હતી. જનાધાર ગુમાવી બેઠેલી વાર્તાનો ચહેરો પણ ઝાંખો પડતો જતો હતો. 'આધુનિકો પણ સ્વાનુકરણમાં રાચવા લાગ્યા છે.', 'આધુનિક વાર્તામાં વાર્તાની કલા ઓસરતી જાય છે.', 'યાંત્રિકતા જેવા પુનરાવર્તનો કંટાળો આપે છે' - જેવા નિરીક્ષણો 'એતદ્' તથા 'સન્ધાન' (વાર્ષિક) જેવા સામયિકોમાં થવા લાગ્યાં હતાં."[1]

આમ, જ્યારે આધુનિક સાહિત્ય એકવિધ, સપાટ અને યાંત્રિક પ્રકારનું સર્જાવા લાગ્યું હતું ત્યારે બરાબર આ જ સમયગાળામાં આધુનિકતાવાદી સાહિત્યની વિશેષતાઓ અને મર્યાદાઓને ઓળખી તેના વિશે બોલનાર વાર્તાકારો સર્જનક્ષેત્રે વધુ સક્રિય થાય છે અને આવા સમયે આધુનિક ટૂંકીવાર્તાની પ્રતિક્રિયારૂપે ૧૯૮૦ પછીની ગુજરાતી ટૂંકીવાર્તા જે રીતે દિશા બદલે છે તેમાં હિમાંશી શેલતનું મહત્ત્વનું યોગદાન છે.

૧૯૮૦ પછીનાં અતિ મહત્ત્વનાં અને નીવડેલાં વાર્તાકાર હિમાંશી શેલતનાં વ્યક્તિત્ત્વ અને વાઙ્મય વિશે હવે વિગતે અભ્યાસ કરીએ.

## ૧.૨. હિમાંશી શેલતનું વ્યક્તિત્ત્વ

### ૧.૨.૧. જન્મ, ઉછેર – ઘડતર અને કુટુંબ સંસ્કાર

અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તામાં મહત્ત્વનું પ્રદાન કરનાર હિમાંશી શેલતનો જન્મ ૮મી જાન્યુઆરી, ૧૯૪૭ના રોજ સુરત મુકામે અભિજાત પરિવારમાં થયો હતો. તેમની માતાનું નામ સુધાબહેન અને પિતાનું નામ ઈન્દુલાલ. તેમના દાદાજી શ્રી કાલિદાસ શેલત જેઓ ઉમરેઠથી સુરત આવી વસ્યા હતા.તેમણે સુરતમાં 'પ્રતાપ' નામનું છાપું શરૂ કર્યું અને સ્વાસ્થ્યે સાથ આપ્યો ત્યાં સુધી ચલાવ્યું. આવા આદર્શવાદી, બહુશ્રુત દાદાની હામ અને વાચન બેઉનો હિમાંશી શેલતનાં વ્યક્તિત્ત્વ ઘડતરમાં બહુ મોટો ફાળો રહ્યો છે.

હિમાંશી શેલત સાહિત્યિક વાતાવરણમાં ઉછર્યાં હતાં. તેમનું કુટુંબ એકદમ સુધારાવાદી, વિદ્યાપ્રેમી હતું. જેથી સહજરીતે તેનો લાભ તેમને મળ્યો હતો. તેમના દાદાજી પત્રકાર હોવાને નાતે

સમાજમાં અને નાના - મોટા શહેરોમાં ખૂબ જાણીતા હતા. દાદાજીનું ઘર એક પ્રતિષ્ઠિત પત્રકારનું ઘર હોવાને નાતે ત્યાં મોભાદાર અને નામાંકિત વ્યક્તિઓનું આવાગમન રહેતું. વળી, આજ વ્યક્તિઓને શાળા અને કોલેજનાં કાર્યક્રમોમાં પણ ઘણીવાર મુખ્ય મહેમાન પદે જોઈને હિમાંશીબહેન અહોભાવથી આશ્ચર્યચકિત થઈ જતાં. છતાં આવા કોઈ વ્યક્તિઓ વિશે દાદાજી તરફથી મોટાઈનાં કોઈ વૃત્તાંત ગવાતાં નહીં. એ વિશે વાત કરતાં હિમાશીબહેન કહે છે, "બનારસમાં અમારું રોકાણ સંગીતજ્ઞ પંડિત ઓમકારનાથ ઠાકુરને ત્યાં હતું. અનિલને અને મને એમની જોડે ગંગાકિનારે ફરવાનું મળતું, છતાં પાછાં આવ્યાં બાદ દાદાજીના મોંએ એ રોકાણની કશી કથા સાંભળવા ન મળે. અમને તો ત્યારે કોણ સુખ્યાત, ને કોણ અજ્ઞાત, કશી ગમ નહીં!"[૨]

ક્યારેક આવાં પ્રતિષ્ઠિત અને મોભાદાર વ્યક્તિઓ અને દાદાજી સૌ ભેગા મળી રવિવારની સાંજે મહિલાઓ અને બાળકોને લઈને ડુમસ ફરવા જતાં. જ્યાં હિમાંશીબહેન સહિત નાનાં બાળકો રેતીમાં મહેલ ચણવામાં અને તેને શણગારવામાં મગ્ન રહેતાં તો મોટેરાં મોકળાશભરી અલકમલકની વાતોમાં મસ્ત રહેતાં. આમ, હિમાંશીબહેન બાળપણથી આવાં વડીલો સાથેની સંગતમાં ઉછર્યાં.

વાંચનરુચિ તથા સંગીત પ્રત્યેની રુચિમાં મા સુધાબહેનનો પણ મોટો ફાળો હતો. પુસ્તકો માટેનો બાનો સ્નેહાદર તેમને વારસામાં મળ્યો હતો. બા અને દાદીમાને હિન્દી વાંચનની સારી ટેવ હતી. બાને સંસ્કૃત સ્તોત્ર મોઢે કરતાં જોઈ હિમાંશીબહેન ખૂબજ ખુશ થતાં. તો દાદાજી સૌને સાથે બેસાડી સંસ્કૃત મહાકાવ્યોના અંશો વાંચી સંભળાવતા. તે માટે જ સુભાષિતોનું પુસ્તક ખરીદી આપેલું અને સંસ્કૃતની વિશેષ તાલીમ માટે વિદ્વાન શિક્ષક કસાલેકરજી ઘરે આવી સંસ્કૃત શીખવતા. તો, જાણીતા ચિત્રકાર વાસુદેવ સ્માર્તના પ્રીતિપાત્ર શિષ્યા બનવાને કારણે હિમાશીબહેનને ચિત્રકળા પ્રત્યે ખાસ અભિરુચિ જાગી હતી, અને તેથી જ બાળપણથી તેમણે ચિત્રો દોરવાનું શરૂ કર્યું હતું.

શિક્ષકો ઉપરાંત હિમાંશીબહેનના વ્યક્તિત્ત્વને ઘડવામાં શાળાનો પણ અમૂલ્ય ફાળો રહ્યો છે. માનવધર્મની પાયાની સમજ તેમને શાળામાંથી જ મળી. તેથી જ તેઓ 'જીવનભારતી'ને સર્વાંગી કેળવણી માટેની સંસ્થા કહે છે. વળી સારા શિક્ષકોની જીવન પર કેટલી મોટી અસર હોઈ શકે એનો પ્રત્યક્ષ પરિચય તેમને ત્યાં જ થયો હતો.

આમ, હિમાંશીબહેનના ઉછેર અને સંસ્કાર ઘડતરમાં તેમનાં કુટુંબ ઉપરાંત શિક્ષકો અને શાળાનો પણ મહત્ત્વનો ફાળો રહ્યો છે.

### ૧.૨.૨. સ્નેહ અને સંસ્કારનું ઝરણું: માતા-પિતા અને દાદાજી

**માતા:** હિમાંશીબહેનનાં સૌથી નિકટનાં મિત્ર એટલે તેમનાં બા - સુધાબહેન. તેમનાં મતે સંકોચ વિના, કશીય અવઢળ વિના, કોઈ બાદબાકી વિના, ગેરસમજનાં ભય વિના, ખુલ્લા દીલે હૈયું ઠાલવી શકાય એવું જો કોઈ વિરલ વ્યક્તિત્ત્વ જીવનમાં મળ્યું હોય તો તે ફક્ત બા છે. બા સાથેની વાતચીતથી હિમાંશીબહેનના દિવસની શરૂઆત થતી. રોજે-રોજ સવારની ચા સાથે રસઝરતી વાતોની રંગત જામતી, જે ક્રમ હિમાંશીબહેન સુડતાળીસ વર્ષે લગ્ન કરીને વલસાડ આવ્યાં ત્યાં સુધી એકધારો ચાલ્યો, ત્યારબાદ એ મિજલસનું સ્થાન બાના મૃત્યુ પર્યંત ટેલિફોને લીધું.

બા મધ્યમકદનાં, સશક્ત બાંધાવાળાં, બહુ રૂપાળાં, જાણે દૂધમાં સહેજ મધ પડી ગયું હોય એવાં વર્ણવાળાં હતાં. સાદા વસ્ત્રો અને આછા અલંકારો ધરાવતાં બા હિમાંશીબહેનને ખૂબ ગમતાં. બાની હિંમત અને નવું શીખવાની ધીરજ તેમને આકર્ષતાં. તેઓ, પરોક્ષ રીતે - બાની વાણી અને વર્તનમાંથી, વૃત્તિ અને વલણમાંથી કંઈકને કંઈક ગ્રહણ કરતાં રહ્યાં. જેનાં ઉજળા સ્મિતથી હિમાંશીબહેનનો આખો દિવસ ઝળહળે, એવાં બાનાં ઉત્સાહિત વ્યક્તિત્ત્વથી તેઓ ખૂબ - ખૂબ પ્રભાવિત થયાં હતાં.

બા સુધાબહેન અભ્યાસે આઠમાં ધોરણ સુધી જ ભણેલાં. કારણ તે સમયે છોકરીઓના ભણતરનું ખૂબ ઓછું મહત્ત્વ અને એ જમાનાની રસમ મુજબ સારું ઘર મળતાં તરત જ પરણાવી દેવાની વૃત્તિ. છતાં, તેમનાં સસરાની હોંશ અને પ્રોત્સાહન તથા ઘરનાં મોકળા વાતાવરણને લીધે તે જાત - જાતનું શીખ્યાં. સિવણમાં ખૂબ રસ હોવાથી તે સિવણકામ શીખ્યાં, સંગીતમાં રસ એટલે શરૂઆતમાં સંગીત શીખ્યાં, મોટર ચલાવવાનો ભારે શોખ હોવાથી ડ્રાઈવિંગ શીખ્યાં, આ ઉપરાંત નર્સિંગ, ભરત-ગૂંથણ, લેધરવર્ક, નેતરકામ વગેરેની સાથે - સાથે અંતે જે શોખ વિકસ્યો તે હતો વાંચનનો. જેમાં તેઓ વાર્તા-નવલકથા, કવિતા, જીવનચરિત્રની સાથે-સાથે શ્રી અરવિંદ, ઓશો, કૃષ્ણમૂર્તિ, વિનોબા અને વિમલાતાઈ વગેરેને વાંચતાં. બાના આવાં ઉત્સાહિત વ્યક્તિત્ત્વથી ઘરનું વાતાવરણ હર્યું-ભર્યું રહેતું. સુધાબહેન પંદર-સોળની ઉંમરે જ પરણીને સાસરે આવ્યાં હતાં. ત્યારથી જ ઉત્સાહિત, તરવરાટથી ભર્યાં ભર્યાં, ભાગે આવેલા બધાજ કામોમાં હોંશથી ડૂબી જતાં, ઘરનાં સહુંની સગવડ સાચવવા દોડાદોડી કરી મૂકતાં એવાં ઉષ્માથી ભર્યાં, સ્વપ્નીલ, મૃદુ અને રૂપાળાં બાના વ્યક્તિત્ત્વનો પ્રભાવ હિમાંશીબહેન પર પડે છે.

છોકરીઓની પરંપરાગત ભૂમિકા અંગે બાના ચોક્કસ ખ્યાલો હોવાથી તેઓ હિમાંશીબહેનને રસોઈ બનાવતા આવડે તેનો ખાસ આગ્રહ રાખતાં, પરંતુ અભ્યાસમાં ઝળહળતી સફળતા મળવાથી રસોઈ આવડવી જ જોઈએ એવો આગ્રહ પડતો મૂકી હિમાંશીબહેનના અભ્યાસ અને શોખ માટે સગવડો ઊભી કરી આપે છે. ચિત્રકળાના શોખની પૂર્તિ માટે આવશ્યક સામગ્રી એકઠી કરી આપી, તો સંગીત શીખવા માટે સ્વ.મહાદેવ શર્મા શાસ્ત્રીને ત્યાં જવાની વ્યવસ્થા કરી આપી. આમ, હિમાંશીબહેનના શોખની પૂર્તિ માટે બા અવ્વલ રહેતાં.

હિમાંશીબહેન ૧૯ વર્ષની ઉંમરથી જ બાનાં પાકાં દોસ્ત બની ગયાં હતાં. ત્યારથી જ તેઓ જીવન વિશેના પોતાના તરંગોથી બાને રોમાંચિત કરી દેતાં તો સામે બા પણ પોતાની મૂંઝવણો, વેદના, ભણી ન શક્યાં એ ખૂબ મોટા અન્યાયનો ચચરાટ, કેટલાક અભાવો અને કેટલીક ઉપેક્ષાઓની બળબળતી કેડીઓ વિશેની રજેરજની માહિતી વહેંચતાં. આમ, બંને એકબીજાનાં સુખ દુઃખના સાથી બની ગયાં. બા વિશે જણાંવતા હિમાંશીબહેન કહે છે, "બા - મારે મન આ પૃથ્વી પરની વ્હાલામાં વ્હાલી વ્યક્તિ...મારા પર એનો જબરદસ્ત પ્રભાવ, એની જીવનપ્રીતિનો, ઉત્સાહનો, ચાહવાની પ્રચંડ શક્તિનો, ઉદારતાનો અને વાંચનપ્રેમનો. છેલ્લા દસેક વર્ષથી તો મને એવું પ્રબળપણે લાગ્યું છે કે મને લખવાની ઈચ્છા થઈ એની પાછળ મૂળ તો મારો વાંચવાનો ઉમંગ રહ્યો છે, અને વાંચવાના એ ઉમંગ પાછળ તો મારી બા જ હોવી જોઈએ."[૩]

હિમાંશીબહેનના નાના - મોટા નિર્ણયોમાં બા મિત્રભાવે સહભાગી બનતાં. તેઓ હિમાંશીબહેનનાં ન પરણવાના નિર્ણયનો ક્યારેય વિરોધ કરતાં નથી, પરંતુ ભરોસો મૂકી તેમને આનંદથી જીવવા માટે લગ્ન અનિવાર્ય નથી એમ કહી સધિયારો આપે છે. આમ, તે બંનેની મૈત્રી પરિપક્વ, પરિપૂર્ણ તથા એકબીજાના ચહેરા વાંચીને એકમેકના મનોભાવો કળી શકે એવી ઊંડી હતી. અને તેથી જ તો, લગ્ન પહેલા હિમાંશીબહેન અને બા નૃત્ય-સંગીતના કાર્યક્રમોમાં, નાટકોમાં, પસંદગીના પરિસંવાદો-વ્યાખ્યાનોમાં અને હસ્તકલાના પ્રદર્શનોમાં ઉમંગભેર જતાં અને સખ્યભાવે વિહરતાં.

સુરતના રેડલાઈટ વિસ્તારમાં સેક્સવર્કર્સને મળીને હિમાંશીબહેન ભારેમને, આક્રોશ સાથે પાછાં ફરતાં ત્યારે બા પાસે બેસી અથથી ઈતિ કહી સંભળાવતાં, ત્યારે બા જ તેમના અવસાદને પારખી તેને શાતાં આપતાં. લગ્ન કરી હિમાંશીબહેન વલસાડ પોતાના 'સખ્ય' નિવાસે રહેવા ગયાં ત્યારે બા ક્યારેક-ક્યારેક થોડા સમય માટે ત્યાં રોકાતાં, આ સમયે મજૂરોનાં બાળકો ભણવા કે

રમવા આવે ત્યારે બા સહભાગી બનતાં. તો ક્યારેક, બાળકો માટેની લાઈબ્રેરીના પુસ્તકોના નામ ચોપડે નોંધવાના કે કાર્ડ બનાવવાના કામમાં અવશ્ય મદદરૂપ થતાં. આવા બાએ હિમાંશીબહેનને સંપૂર્ણ મુક્તિ અને આત્મનિર્ભરતાની પરિકલ્પનાની અદ્‌ભૂત ભેટ આપી છે.

પોતાના જીવનમાં બાના મહત્ત્વ વિશે જણાંવતા હિમાશીબહેન કહે છે, "હું બાની ખાસ ઋણી છું એક જુદી જ બાબતે. જેને સમાજની સ્વીકૃતિની છાપ ન લાગી હોય અને જે વિવાદાસ્પદ લેખાય, એવાં મારાં વર્તનને સમજવાની બાએ હંમેશ કોશિશ કરી છે. કોઈ ચીલાચાલુ ખ્યાલો, પૂર્વનિર્ધારિત માન્યતાઓ કે પરિચિતોની ટીકાટિપ્પણીને ધ્યાનમાં લીધા વિના, તે તરફ સંપૂર્ણ ઉદાસીન રહીને, એણે કેવળ મને, મારી લાગણીઓને પરખવાનો જ પ્રયત્ન આદર્યો અને એવી ક્ષણોમાં બાની ઊંચાઈ હું પામી શકી છું. એણે જે કર્યુ છે તે બધી સ્ત્રીઓ માટે શક્ય નથી. મારી અંગત વાતો હું એને પૂરા વિશ્વાસ સાથે કહી શકી છું. માથી કશુંયે, ક્યારેય સંતાડવાની જરૂર મને પડી નથી. આવાં ઋણની મુક્તિ નથી હોતી. તેમાં જ તો બા મને મારી પ્રિય સખી જેવી લાગે છે. સુરત હતી, બાની જોડે હતી, ત્યારે સવારની ચા અમારી ગોઠડી સંગાથે યાદગાર બની જતી. અમે - મા દીકરી - ભાતભાતની વાતો કરતાં, એમાંથી જ આખા દિવસની સ્ફૂર્તિ જાળવવાનું, ટકી રહેવાનું ભાતું મને મળી રહેતું. અભાવગ્રસ્ત બાળકો વચ્ચે કામ કરવા માંડયું ત્યારથી તો મને આવા પ્રાણવાયુની બહુ જરૂર પડતી."[૪]

બા વિનાની દુનિયાની કલ્પના કરતા તેઓ કહે છે, "એના વિનાની આ દુનિયાનો ખાલીપો મેં કલ્પનામાં અનુભવ્યો છે અને ફફડી ઊઠી છું. મને ખબર છે કે એ નહિ હોય ત્યારે મારો કેટલોક અંશ મૃત્યુ પામ્યો હશે. સંકોચ વિના, ખુલ્લા દિલે, બધી વાતો ઠાલવી શકાય એવો ખોળો પછી નહિ હોય અને આપણી એવી ઝીણી ઝીણી વાતો સાંભળવા માટે બા સિવાય કોની પાસે એટલો સમય હોય છે ?

જો ફરીવાર મારે અને બાને આ પૃથ્વી પર આવવાનું થાય તો બા મારી સખી હશે, અંતરંગ. કોઈ ઝાડની ઘેઘૂર ઘટામાં કે પછી વરંડાને હીંચકે, સૂર્યાસ્ત સમયે અગાશીમાં કે પછી ઘરમાં જ આરામ ખુરશીમાં પડ્યાં-પડ્યાં અમે રસભરી વાતો કરતાં હોઈશું, પુસ્તકોની, સંગીત અને મિત્રોની, પ્રાણીઓની, ફૂલોની અને વૃક્ષોની, નાટક અને ફિલ્મોની, માનવસંબંધની આંટીઘૂંટીઓની...અને વાતવાતમાં હું એને પૂછી બેસીશ અચાનક, 'આપણે ગયા ભવમાંયે ખૂબ નિકટનાં મિત્રો હતાં, તને સાંભરે છે કે ?' "[૫]

આમ, હિમાશીબહેનનાં વિરલ વ્યક્તિત્ત્વ પાછળ તેમની સખી - મિત્ર બાનો ખૂબ મહત્ત્વનો ફાળો રહ્યો છે.

**પિતા:** પિતાનું નામ ઈન્દુભાઈ. હિમાંશીબહેનની દરેક ઈચ્છા પૂર્ણ કરવામાં સૌથી વધુ ફાળો કોઈએ આપ્યો હોય તો તે છે તેમના પિતાજી. બહુજ ઉદાર વ્યક્તિત્ત્વ ધરાવતા ઈન્દુભાઈને તેમના પિતાજીએ મુંબઈમાં વિમાની સેવા સાથે સંકળાયેલ ગ્રાઉન્ડ એન્જિનિયરીંગનું ભણવા મૂક્યા હતા. પરંતુ અભ્યાસમાં રસ ન પડવાને કારણે અભ્યાસ છોડીને અન્ય વિકલ્પના અભાવે દાદાજી સાથે 'પ્રતાપ' દૈનિકમાં જોડાયા અને પાછળથી પ્રિન્ટિંગ પ્રેસનો ધંધો શરૂ કર્યો. વ્યવહારમાં કાચા પરંતુ બહુજ ઉમદા સ્વભાવ ધરાવનાર ઈન્દુભાઈનો પ્રભાવ હિમાંશીબહેનના વ્યક્તિત્ત્વ પર જોવા મળે છે.

હિમાંશીબહેનનો દરેક શોખ એ પછી નૃત્યનો હોય કે સંગીતનો તેને પૂર્ણ કરવામાં સૌથી વધુ સમય ફાળવનાર જો કોઈ હોય તો તે તેમના પિતાજી જ હતા. હિમાંશીબહેન અને તેમના ભાઈઓને બાળપણથી જ બાપુજી પાસેથી ગીતો સાંભળવાનું એક ખાસ પ્રકારનું ખેંચાણ હતું. તેથી બાપુજી પણ તેઓને ગીત સંભળાવતા. કવિતા હોય કે ગમી ગયેલી થોડી પંક્તિઓ હોય કે દોહા યા જોડકણાં હોય, પણ તે સાંભળી બાળકો રાજીરાજી થઈ જતાં. આ રીતે પોતાના બાળપણને ઘડવામાં પિતાજીના ફાળાને વર્ણવતા હિમાંશીબહેન કહે છે, "બાલ્યકાળમાં ભાઈ અમારી વધુ નજીક. એ અમારે માટે સમય ફાળવે, થોડા લાડ પણ કરે. બાને મોટા ઘરના કારભાર અને વખતની ખેંચ રહે. ભાઈ વાર્તા કહે, ફરવા લઈ જાય, અને મનગમતી વસ્તુઓ પણ લાવી આપે. એ અમને રાજી રાખે."[૬]

હિમાંશીબહેનના અભાવગ્રસ્ત બાળકો સાથે, પ્રાણીઓ સાથે, વણકથી પીડાઓથી ઘેરાયેલી સ્ત્રીઓ સાથે જોડાવાની સામાજિક સંવેદના પાછળના મૂળ તેમના પિતાજીની સામાજિક નિસબતમાં જોવા મળે છે. તે વિશેનો એક પ્રસંગ ટાંકતા તેઓ કહે છે, "રાતની ટ્રેનમાં કોઈને લેવા ભાઈ નીકળ્યા, હુંયે સાથે. ટ્રેનની વાટ જોતાં અમે વજન કરવાના મશીન પાસે ઊભાં. ત્યાં નજીકમાં ત્રણેક નાના છોકરાઓ ઘસઘસાટ ઊંઘતા હતા. ઘરવિહોણા, આખા દિવસનાં અપમાન અને રઝળપાટ વેઠીને થાક્યા પાક્યા ઊંઘના સુખપ્રદેશમાં પહોંચ્યા હશે. એમના હાથ આમતેમ ફંગોળાયેલા, એ રીતે, કે હથેળી સહેજ ખુલ્લી રહી ગયેલી. ભાઈએ સાવ સહજ રીતે ઝૂકીને એ હથેળીઓમાં એક-એક સિક્કો મૂકી દીધો. મેં જરા નવાઈથી ભાઈ સામે જોયું.

: જાગશે ને જોશે ત્યારે મજા પડશે એમને!

: પણ કોઈ લઈ લેશે તો?

મેં મારી અક્કલ મુજબનો સવાલ ધર્યો.

: કોઈ નહીં લઈ લે. એવું કોઈ કરે નહીં.

સામી વ્યક્તિની સારપમાં આવો ભરોસો, અને કોઈકના આનંદની કલ્પનાથી રોમાંચ અનુભવી, એ ખુશીના નિમિત્ત બનવાની આ તત્પરતા વિશે વિચારી શકું એવી ત્યારે તો મારી ઉંમર નહોતી. આજે સમજાય છે કે ગણતરીમાં જીવતા અને મરતા, દુનિયા સર કરવાના ઝનૂનમાં, અને છવાઈ જવાના ઉધામામાં અંત સુધી તરફડતા સમુદાયમાં, ભાઈ શી રીતે અળગા પડી જતા હતા. એટલે જ કદાચ એ આટલા ખામોશ અને અવ્યક્ત રહ્યા હશે? "[૭]

આમ, અભાવગ્રસ્ત, દુઃખી, શોષિત બાળકો અને સમાજનાં વંચિતો તરફની સહાનુભૂતિ હિમાંશીબહેનમાં ગળથૂથીમાંથી જ આવતી દેખાય છે, જે તેમને પાછળથી મોટા અભાવગ્રસ્ત સમુદાયની સેવા તરફ પ્રેરે છે.

**દાદાજીઃ** હિમાંશીબહેનને સાહિત્યના વિશ્વનો પ્રથમ પરિચય કરાવનાર એટલે દાદાજી - કાલિદાસ શેલત. તેમનો જન્મ ઉમરેઠના ગરીબ બ્રાહ્મણ - કૃપાશંકરને ત્યાં થયો હતો. ધીરધારનો ધંધો કરતા પિતાજીના જાતમાં અતૂટ ભરોસાના સંસ્કાર કાલિદાસમાં વારસાગત ઉતરી આવ્યાં હતાં. અને તેથી જ દાદાજી સામાન્ય પરિવારમાં જન્મ્યા હોવાછતાં પત્રકાર થવાની ધખના રાખે છે. ઉચ્ચ અભ્યાસની તીવ્ર ઈચ્છા હોવાછતાં નબળી આર્થિક સ્થિતિ અને કૌટુંબિક જવાબદારીના કારણે નોકરીની શોધમાં છેક મુંબઈના 'સાંજ સમાચાર' સુધી પહોંચે છે. સશક્ત કલમને કારણે 'ભારત'પત્રમાં ઉપતંત્રી બને છે. દાદાજીના અગ્રલેખો વાંચી અમૃતલાલ શેઠ તેમને રાણપુરના 'સૌરાષ્ટ્ર'માં જોડાવા આમંત્રણ આપે છે. જે આમંત્રણને સ્વીકારી 'સૌરાષ્ટ્ર'માં એક વર્ષ કામ કરે છે. ત્યારબાદ વિના કશી વગ, વારસા કે વિશેષ સગવડના અભાવમાં સૂરત જેવા અજાણ્યા શહેરમાં વસી ૧૯૨૬માં સુખ્યાત સામયિક 'પ્રતાપ'ની શરૂઆત કરે છે. જે પાછળથી ૧૯૩૦માં દૈનિકમાં પરિણમે છે. સ્વાતંત્ર્ય ચળવળ અને દેશપ્રેમ વિશેના અગ્રલેખોના કારણે 'પ્રતાપ' ખૂબજ પ્રસિદ્ધિ પામે છે. પરંતુ પાછળથી કથળતા સ્વાસ્થ્યને કારણે તેને જન્મભૂમિ ટ્રસ્ટ સાથે જોડી કેટલોક સમય હિમાંશીબહેનના બાપુજીના 'પ્રકાશ' પ્રેસમાંથી 'લોકશક્તિ' નામનું અઠવાડિક પ્રગટ કર્યું હતું.

હિમાંશીબહેનનાં ચિત્રો અને રેખાંકનોના શોખને પ્રોત્સાહિત કરવા દાદાજીએ થોડા રેખાંકનો આ ‘લોકશક્તિ’માં છાપ્યાં હતાં.

પુસ્તકો ખરીદવાનો અને વાંચવાનો શોખ હિમાંશીબહેનને બાળપણથી જ મળે છે. દાદાજી દૈનિકના તંત્રી એટલે વારતહેવારે અને વર્ષગાંઠે ભેટમાં વાંચનસામગ્રી મોટેભાગે આવતી. પોતે પણ પુસ્તકપ્રેમી એટલે વીશીમાં જમવાનું ટાળી પૈસા બચાવતા અને એમાંથી પુસ્તકો ખરીદતા. વળી, દૈનિકના તંત્રી હોવાથી દાદાજી પાસે અવનવા પુસ્તકોનો ખજાનો મળી રહેતો. તેમાંથી કંઈક સરસ વાચ્યું હોયતો તેઓ કુટુંબના તમામ સભ્યોને ભેગાં કરી પઠન કરતા. આવા સુધારાવાદી અને એમના જમાનાથી બહુ આગળ એવા વિદ્યાપ્રેમી દાદાજીએ હિમાંશીબહેનમાં શૈશવથી જ શબ્દવાંચનનાં બીજ રોપ્યાં હતાં. આમ, શબ્દના સંસ્કાર હિમાંશીબહેનને બાળપણથી જ મળે છે.

સાહિત્ય સાથે જેનો ઘનિષ્ટ નાતો બંધાયેલો હતો એવા દાદાજી વિશે જણાંવતાં હિમાંશીબહેન કહે છે, “દાદાજીની શૈલી સંસ્કૃત સાહિત્ય અને કવિતાથી પોષાયેલી. ઝમકદાર અને રોચક. એમની રમૂજવૃત્તિ તીવ્ર અને પ્રતિભાવો ત્વરિત. ‘પ્રતાપ’માં અને પછી ‘લોકશક્તિ’માં એમનાં પ્રતિકાવ્યો અવાર નવાર પ્રગટ થતાં. એમાં થોડાં તો આજે આટલાં વર્ષેય તાજાં લાગે એવાં.

કવિ ન્હાનાલાલના કાવ્ય ‘ધર્મના વીર ઓ આર્યપૂત ઊઠજો’ પરથી દાદાજીએ રચેલું કટાક્ષકાવ્ય ‘સૂરતના વીર, ઓ શોખીનો ઊઠજો! કનકવા - દોરીની વાગી ઘડીઓ’ અને એમાં આલેખાયેલું સૂરતના પતંગ-જંગનું મજેદાર ચિત્ર જેટલું ત્યારે ગમતું એથી વિશેષ આજે ગમે. હકીકતમાં દાદાજીનાં કટાક્ષ કાવ્યોમાં સૂરતીપણું ધબકતું. ભૂંસા પર, ચંદની પડવા પર, તાપી તટની ઉજાણીઓ પર, પાપડી અને પોંક પર, ઘારી પર, અને ઊંધિયા પાર્ટી પર આવી અને આટલી મોજીલી પંક્તિઓ પાકા સૂરતી વિના અન્ય કોણ રચી શકે ? સૂરતની બોલી, સૂરતના વિશિષ્ટ લહેકાઓ, અને સૂરતની લોકજીભે રમતા ઉત્સવો દાદાજીએ એમનાં પ્રતિકાવ્યોમાં લિજ્જતથી રમતાં મૂક્યાં.

રાજકીય કટાક્ષની એમને સારી ફાવટ, અને ટૂંકભંડોળિયા નેતાઓની ભરપૂર મજાક કરવામાં એમની કલમ મોકળી. મેં જે પ્રકારનું કટાક્ષલેખન કર્યું એનાં મૂળમાં આ બધુંયે હશે.”[૮]

દાદાજી ઊંચી મહત્ત્વાકાંક્ષા ધરાવતા આદર્શવાદી, દઢ નિશ્ચયી અને વ્યવહારુ સમજનો સુમેળ હતા. તેઓ કુટુંબની સિદ્ધિઓ માટે ગૌરવ અનુભવતા. સંતાનોને વિદેશ ભણવા મોકલવાનું એમનું સ્વપ્ન એમણે હિમાંશીબહેનના કાકા તથા મોટાભાઈને મોકલીને પૂરું કર્યું હતું. ખેડાવાળ

જ્ઞાતિના મોભીઓમાં દાદાજીની ગણતરી થતી. પરંતુ તેઓ હંમેશા Low Profile રહેતા. પત્રકાર હોવાથી અનેક મોભાદાર, સુખ્યાત, નગરના સંપન્ન શ્રેષ્ઠીઓ અને જાણીતાં લોકોનું દાદાજીના ઘરે આવાગમન રહેતું. છતાં ક્યારેય તેમણે પોતે આટલા મોટા વ્યક્તિ હોવાનો દંભ-દેખાડો કર્યો નહોતો. આવા સાહિત્યપ્રેમી દાદાજીનો હિમાંશીબહેનના નિર્ણયોમાં, ભણતરમાં અને જીવનનાં સારા-નરસા પ્રસંગોમાં સધિયારો હતો.

**૧.૨.૩.બાળપણ**

હિમાંશીબહેનનું બાળપણ સુશિક્ષિત અને સુધારાવાદી કુટુંબમાં વિત્યું હતું. બાળપણથી જ તેમને સાહિત્યના સંસ્કાર વારસામાં મળ્યાં હતાં. તેમનો ઉછેર સંયુક્ત કુટુંબમાં દાદા-દાદી, બા-બાપુજી, ભાઈ વગેરેની છત્રછાયામાં જ થયો. તેમના નાની એટલે કે ખૂબ મોજીલા સ્વભાવના મંગીબા એક જાણે ગાતાં પંખી હતાં. તેઓ લગ્નગીત, ફટાણાં, ભજન, ગરબા અને લોકગીતો ખૂબ ઉમંગથી ગાતાં, જેને સાંભળવાનો લહાવો હિમાંશીબહેનને બાળપણથી જ મળ્યો હતો. તેમના નાના (જેમને હિમાંશીબહેન આજા કહેતા)ના ભોળા સ્વભાવનો અનુભવ ઉપરાંત દાદા-કાલિદાસ અને દાદીના ખૂબ જ લાડ પ્યારમાં હિમાંશીબહેન ઉછર્યા હતાં.

બાળપણમાં હિમાંશીબહેન તેમના મોટાભાઈ અનિલ સાથે ટીમલિયાવાડની રૂપાળી અને મનગમતી શાળા 'જીવનભારતી'માં ચાલતાં જ જતાં. ઘરમાં મોટર હોવાછતાં મોટરમાં જવાનું તેમને ક્યારેય ગમતું ન હતું. તેને બદલે વસ્તીમાંથી, ઘાસછાયા મેદાનમાંથી કે ચોમાસે ભરાયેલ ખાબોચિયામાંથી કૂદતાં કે છબછબિયાં કરતાં જવાનું તેમને ખૂબ ગમતું. સાંજે નિશાળેથી આવી તેઓ અઠવાની ખાડીને અડીને પથરાયેલા ઐતિહાસિક કોટની કેડીએ પહોંચી જતાં, એ એમનાં નિજાનંદ ભ્રમણનું મહત્ત્વનું સ્થાન હતું. ક્યારેક ભાઈ અનિલ સાથે હોય, તો ક્યારેક એકલાં હોય છતાં સાંજે અંધારું થાય ત્યાં સુધી આકાશમાં સાંજના રંગોને મન ભરાય ત્યાં સુધી માણતાં. વળી, અઠવાનું હવેલી જેવું ઘર તેમના માટે જાણે રાજમહેલ અને તેની વાડી તેમનું રજવાડું. ત્યાં રોજે રોજ ઉત્સવ. હીંચકો, પાણી વગરનો હોજ, ગુલમહોરના વૃક્ષો, જીવજંતુઓ, સાપ-વણિયર, ગીચ ઝાડી, લીલોતરીવાળાં રહસ્યમય પરિવેશ અને જીવસૃષ્ટિના ગાઢ સંપર્કને કારણે બાળપણમાં જ મનુષ્યો કરતાં પ્રાણીઓ સાથેની દોસ્તી ગાઢ બને છે. તેમને બિલાડીઓ સાથે રમવાની, એમને ખોળે બેસાડવાની ખૂબ તાલાવેલી રહેતી.

નાગર ફળિયામાં ગાળેલી ઉતરાણ કે જ્યાં સામેની અગાશી પરથી જ્યોતીન્દ્ર દવે અને ચંદ્રકાન્ત મહેતાએ કરેલી લાઈવ કોમેન્ટરી સાંભળવાની વાત હોય કે, સૂરતના બે સ્થળો-નીલકંઠ મહાદેવ અને રૂંઢનાથનું મંદિર કે જ્યાં ઘુમ્મટને ફરતી અગાશીમાંથી નદીકાંઠા અને સુસવાટા મારતા પવનને માણવાની વાત હોય કે, આકર્ષક રેખાંકન જેવું નીલકંઠ મહાદેવનું સુંદર મંદિર કે જ્યાં શાંત નદી, વૃક્ષો, વનસ્પતિ, પંખીઓ કે ઘંટારવવાળા આકર્ષક પરિવેશને માણવાની વાત હોય, હિમાંશીબહેન નસીબદાર રહ્યાં છે કે જેમણે પોતાના બાળપણને આ રીતે ભરપૂર માણ્યું છે.

મુંબઈની મેડિકલ કોલેજમાં ભણતા કાકા રજાઓમાં સૂરત આવે ત્યારે સાઈકલના આગલા સળિયા પર હિમાંશીબહેનને અને પાછલા કેરિયર પર અનિલને બેસાડી ગજ્જરવાડીમાં આગલે રસ્તેથી પાછલી કેડી પર થઈને એક ચક્કર મારતા. આ ભલે સાઈકલ ભ્રમણયાત્રા હતી, પણ ટ્રેનની મુસાફરી જેવું લાગતું, જેમાં રસ્તે સ્ટેશન પણ આવે, ચા-ભજિયાં વેચનારાયે આવે. આમ, મોજીલી પ્રકૃતિ ધરાવતા કાકા તેમને બંને ભાઈ - બહેનને અત્યંત વહાલ કરતા.

કુટુંબવત્સલ દાદાજી - કાલિદાસ ખૂબ ઊમળકાથી પોતાના કુટુંબને આબુ, મહાબળેશ્વર, માથેરાન કે પછી દક્ષિણ ભારતના કોઈ સ્થળનો પંદર - વીસ દિવસનો પ્રવાસ કરાવતા. સાથે - સાથે તેઓ બાળકોને ઊનાળાની રજાઓમાં પોતાના વતન ઓડ - ઉમરેઠ તો અવશ્ય લઈ જતા. જ્યાં ગામનું ઘર ખોલીને રહેવાનો અનેરો આનંદ મેળવતા. કુટુંબના સૌ સભ્યો ગામમાં આવેલ રેલ્વે સ્ટેશનને પાટે પાટે ફરતા અને બા કે બાપુજીની આંગળી ઝાલી કૌતુકભરી આંખે બધુ જોતાં. સૌ બાળકો સાથે હિમાંશીબહેન રોજ રાતે ફાનસ લઈને દાદાજીના મોટા ભાઈ એટલે કે મોટા કાકા પાસે વાર્તાઓ સાંભળવા જતાં, તેઓ રાત્રે બાબર દેવતાની, ભૂપત બહારવટિયાની અને ક્યારેક ભૂતપ્રેતની શ્વાસ અધ્ધર કરી દેતી કથાઓ સાંભળી ભારે રોમાંચિત થઈ ઉઠતાં. જેમનો થોડો સમય પોલીસખાતામાં વીતેલો એવા મોટા કાકા હિમાંશીબહેન સહિત સૌ બાળકોને અદ્‌ભૂત રસમાં તરબતર કરી દે તેવી વાર્તાઓ સંભળાવતા. આમ, બાળપણથી જ વાર્તાઓ સાંભળવાનો ભારે શોખ હિમાંશીબહેન ધરાવતાં.

હિમાંશીબહેનને બાળપણથી જ નૃત્યનો શોખ હતો. નૃત્યની વાત આવે એટલે તેઓ બેહદ ઘેલાં થઈ જતાં. આઠ-દસની વયથી જ તેઓ નૃત્ય કરતાં, આથી પિતાજી તેમને નૃત્ય જોવા લઈ જતા. તે સમય સુખ્યાત નર્તક ગોપીકૃષ્ણનો હતો, અને ‘છનક છનક પાયલ બાજે’ની બોલબોલા હતી. હિમાંશીબહેનને આ ગોપીકૃષ્ણ દુનિયાના શ્રેષ્ઠ પુરુષ લાગતા અને શ્રીકૃષ્ણ સદેહે આવા જ

દેખાતા હશે એવી દઢ માન્યતા ધરાવતાં હતાં. બાપુજી હિમાંશીબહેનને ગોપીકૃષ્ણનું નૃત્ય જોવા ઘણીવાર લઈ જતા. એકવાર તો ‘છનક છનક પાયલ બાજે’ જેવા ગીતોની રેકર્ડ તેમના માટે લઈ આવેલા જેને ગ્રામોફોન પર ચડાવી ‘નૈન સૌ નૈન નાહી મિલાવો’નું નર્તન કરતાં, જે તેમનાં પરમ આનંદનું પ્રાગટ્ય બની ગયું. બાળપણથી જ નૃત્યનો ભારે શોખ ધરાવતાં હિમાંશીબહેન નિશાળમાં, લગભગ બધી નૃત્યનાટિકાઓમાં ભાગ લેતાં. આમ, નૃત્યનો તેમનો શોખ બાળપણથી જ કેળવાયો હતો.

બા કરતા ભાઈ એટલે કે બાપુજી હિમાંશીબહેન પર વિશેષ સ્નેહ વરસાવતા. તેઓ બાળકો માટે ખૂબ સમય ફાળવતા, લાડ લડાવતા, વાર્તા કહેતા, ફરવા લઈ જતા અને મનગમતી વસ્તુઓ પણ અચૂક અપાવતા. નિશાળના એ દિવસોમાં તેઓ જેની ઈચ્છા વ્યક્ત કરે તે બાપુજી અપાવતા. પંદરમી ઓગષ્ટ અને છવ્વીસમી જાન્યુઆરીએ ત્રિરંગી હલવો, ખાંડનું પડ ચડાવેલા મેંદાના ગગનગાંઠીઆ, રંગ ઉપવનની પાછળના ભાગમાં ઊભી રહેતી લારીમાં વેચાતા ગુલાબજળ છાંટેલી, છોલેલી શેરડીના ટૂકડા, એકાદ નવું નક્કોર ચિત્રોવાળું પુસ્તક, પ્રાણીઓના ચિત્રામણવાળી પેન્સિલ, સુગંધિત રબર જેવી અનેક નાની-મોટી ચીજો બાપુજી અવશ્ય અપાવતા. તેમનાં બા ભલે ઘરકામમાં વ્યસ્ત રહેતાં પણ બાપુજી બાળકોને લાડ - પ્યાર - સ્નેહથી તરબતર કરી દેતા.

વળી, બા સિવણ-ભરતગૂંથણમાં પાવરધાં હતાં, જેનો લાભ પણ બાળપણમાં હિમાંશીબહેનને ખૂબ મળ્યો. બા અવનવી ડિઝાઈનનાં કપડાં બનાવી - બનાવીને તેમને પહેરાવતાં. પૈસવર્ક અને ભરત, ઝૂલ અને ટીકીઓ, ફુગ્ગા બાય અને લાંબી બાય, અમ્બ્રેલા સ્કર્ટ અને પ્લીટેડ સ્કર્ટ...આવું બધું પહેરાવી બા તેમને પરીની જેમ શણગારતાં અને હિમાંશીબહેન સઘળું પહેરી ફૂલફટાક થઈ મહાલતાં. તો અલૂણાવ્રતના પાંચેય દિવસોમાં બા તેમને રેશમી ચણિયાચોળી, સોનાના ઢોળવાળો ચાંદીનો સેટ, કપાળે બિંદી અને આંખમાં કાજળ આંજી વિઠ્ઠલવાડીમાં સાથે લઈ જતાં.

હિમાંશીબહેનનો પરિવાર ગાંધી વિચારધારાએ રંગાયેલો હતો. ઘરમાં સહું કાંતે. દાદાજી અને બાપુ ખાદી પહેરતા. બાળકો પણ ખાદી પહેરતાં. દાદાજી મુંબઈ જાય ત્યારે જથ્થાબંધ ખાદી લાવતા. તેમાં છોકરાંઓ માટે આસમાની, ગુલાબી, બદામી અને લીલો - એમ ચાર રંગનું કાપડ અને એક સરખી ડિઝાઈનનાં થોકબંધ ઝભલાં લાવતા. જેને સૌ બાળકો હોંશે-હોંશે પહેરતાં. ગાંધીવિચારથી આખો પરિવાર એટલો પ્રભાવિત હતો કે, આર્થિક સ્થિતિ સારી હોવા છતાં ઘરનાં

કામો જાતે જ કરતાં, સફાઈના કોઈપણ કામની સૂગ નહીં. બાળપણથી મળેલ આ સંસ્કાર-અનુભવ હિમાંશીબહેનને કશા ખચકાટ વગર અભાવગ્રસ્ત બાળકોના જૂથી ખદબદતાં માથાં ધોવામાં કે પાકી ગયેલાં ઘારાં સાફ કરવામાં ખપમાં આવે છે. જેના મૂળમાં આ શિક્ષણ અને સંસ્કાર ઘડતરનો ફાળો રહેલો છે.

હિમાંશીબહેનમાં સાહિત્યસંસ્કારનું ઘડતર પણ બાળપણથી જ મજબૂત રીતે થાય છે. તેમને કવિ ઉમાશંકર જોશી, કવિ જયંત પાઠક, કુંજ વિહારી મહેતા, આચાર્ય કે.એલ.દેસાઈ, વ્રજરાય દેસાઈ, ડૉ.આર.આઈ.પટેલ જેવા મોટા ગજાના શિક્ષણશાસ્ત્રીઓ અને સાહિત્યકારોની ચર્ચા સાંભળવાનો લાભ તેમના કાકા વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના આદર્શનગરના 'મૈત્રી' નિવાસે મળ્યો હતો. તેમની વાતો અને તેમણે ચર્ચેલા પુસ્તકોના ખેંચાણથી સમાજ બદલવાના આશયે શિક્ષક બનીને ઉત્તમ વિચારો અને આદર્શોના પ્રસારક બનવાના સ્વપ્નો હિમાંશીબહેન જોતાં.

આમ, માતા - સુધાબહેનના સ્નેહ - વાત્સલ્ય, પિતાજીની સામાજિક નિસબત અને દાદાજીનું શબ્દ સાથેનું જોડાણ - એવો ત્રિવિધ સંસ્કાર સુમેળ હિમાંશીબહેનના બાળપણને સમૃદ્ધ બનાવે છે.

### **૧.૨.૪.શિક્ષણ અને વ્યવસાય**

હિમાંશી શેલતે સૂરતની પ્રતિષ્ઠિત જીવનભારતી શાળામાં પ્રાથમિકથી લઈને મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યો હતો. સૂરતની જ સૌથી જૂની અને પ્રતિષ્ઠિત એમ.ટી.બી.આર્ટ્સ કોલેજમાંથી અંગ્રેજી મુખ્ય વિષય અને માતૃભાષા પ્રત્યેના લગાવને કારણે ગૌણવિષય તરીકે ગુજરાતી રાખી ૧૯૬૬માં સ્નાતક તથા ૧૯૬૮માં અનુસ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યો. વિષયની ઊંડી સૂઝ અને અભ્યાસની તેજસ્વીતાને પરિણામે એમ.એ.કર્યાના થોડાં જ સમયમાં એટલે કે ૧૯૬૮માં જ તેમને ફક્ત એકવીસ વર્ષની ઉંમરે ઉપરવાળાનાં આશીર્વાદ જેવી અધ્યાપિકાની નોકરી તેમની જ કોલેજમાં મળી જાય છે. ગમતા વિષયનું અધ્યયન - અધ્યાપન તેમના સર્જનસંસ્કારને વધુ પોષણ આપે છે. અધ્યાપકની કારકિર્દી દરમિયાન જ શિક્ષણ તરફના ગાઢ લગાવને પરિણામે તેઓ ૧૯૮૦માં ડૉ.એચ.સી.ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ 'Theme and Technique in the Novels of V. S. Naipaul' વિષય પર સંશોધન કરી Ph.D.ની પદવી પ્રાપ્ત કરે છે.

હિમાંશીબહેનનાં શાલેયજીવન વિશે જોઈએ તો, શાળામાં ભણવા ન જવાની હઠ અને ગણિત પ્રત્યેની અરુચિને કારણે તેમને માટે ઘરમાં જ ભણાવવાની જોગવાઈ કરવી પડી હતી. ગણિતના શિક્ષક ખૂબજ ધીરજથી તેમને ભણાવતા છતાં રસના અભાવે તેમને ગણિત ન ફાવ્યું. જેમ તેમ કરીને ચોથા ધોરણમાં દાખલ થવાય એટલું ગણિત ભણાવીને સીધા ચોથા ધોરણમાં 'જીવનભારતી' શાળામાં દાખલ કર્યાં હતાં.

જીવનભારતી શાળા ઈતરપ્રવૃત્તિ માટેનું શ્રેષ્ઠ સ્થળ. ઈતરપ્રવૃત્તિઓની સાથે-સાથે મોકળાશ અને જીવંત વાતાવરણ. પ્રત્યેક દિવસ કંઈકને કંઈક નવું અને જુદું - જુદું મળે. ત્યાં ખેતીવાડી, કાંતણ-વણાંટ, શ્રમયજ્ઞ, સંમેલનો, ન્યાયસભા, ચિત્ર-સંગીત, વારતહેવારોની ઉજવણી વગેરે કાર્યક્રમો થતા. ત્યાંનું વાતાવરણ અને શિક્ષણ અનુકૂળ આવતા હિમાંશીબહેન વિવિધ સ્પર્ધામાં ભાગ લેતાં થયાં. તેમણે વક્તૃત્ત્વસ્પર્ધા, ચિત્રકળા, નૃત્ય - સંગીત, મૌલિકલેખન જેવા વિષયોમાં ઉત્સાહથી ભાગ લીધો જેના પરિણામ સ્વરૂપ તેમને ઈનામ - અકરામની સાથે-સાથે શિક્ષકોની પ્રશસ્તિ તથા સહપાઠીઓનો અહોભાવ પ્રાપ્ત થયા.

ચિત્રકાર વાસુદેવ સ્માર્ત આજ શાળામાં શિક્ષક હતા. તેમના પ્રીતિપાત્ર શિષ્યા બનવાને કારણે ચિત્રકળા પ્રત્યે વિશેષ રુચિ જાગી હતી. તો, પંડિત મહાદેવ શર્મા આ જ શાળામાં સંગીત શિક્ષક હતા જેને કારણે તેમને સંગીત પ્રત્યે પણ વિશેષ લગાવ હતો. આ ઉપરાંત શાળામાં ચંદ્રવદન શાહ, ત્રિપુરાબહેન ગજ્જર, દેવશંકરભાઈ, અરુણભાઈ પંડયા, અને ગુજરાતીના શિક્ષક નટવરસિંહ પરમાર જેવા શિક્ષકોના સાન્નિધ્યમાં તેમણે શિક્ષણ મેળવ્યું હતું. ઉપરાંત ઘરે સંસ્કૃત શિખવવા કસાલેકરજી અને અંગ્રેજી શિખવવા ક્રિસ્ટી સાહેબ આવતા. આમ, હિમાંશીબહેનના શિક્ષણઘડતરમાં આવા મેધાવી શિક્ષકો અને શાળાનો અમૂલ્ય ફાળો રહ્યો છે.

બી.એ.માં ફર્સ્ટક્લાસ અને એમ.એ.માં સેકન્ડક્લાસ જેવી અભ્યાસની તેજસ્વીતા અને વિષય પરત્વેની ઊંડી સૂઝના કારણે હિમાંશીબહેનને એમ.એ. કર્યાના થોડા જ સમયમાં પોતાની જ માતૃસંસ્થા 'એમ.ટી.બી.આર્ટ્સ કોલેજ'માં અધ્યાપકની નોકરી મળી જાય છે. વર્ગખંડમાં એકધારું અંગ્રેજી બોલી શકાય તે માટે ચર્ચમાં અંગ્રેજીની તાલીમ આપતાં એક સાધ્વીજી પાસે બોલવાની તાલીમ મેળવે છે. પરિણામે તેમની જીભ છૂટી થાય છે અને શુદ્ધ અંગ્રેજી ઉચ્ચારો બોલવાનો મહાવરો મળે છે. અધ્યાપક તરીકેના પ્રથમ દિવસે, કોલેજના પ્રથમ વર્ષના, ફરજિયાત અંગ્રેજીના વર્ગમાં ડિકન્સની નવલકથાનો સંક્ષેપ 'ઓલિવર ટ્વિસ્ટ' ભણાવવાનું થાય છે. હિમાંશીબહેન

મુદ્દાની પૂરતી તૈયારી તથા સતત અને શુદ્ધ ઉચ્ચારણો સાથે અંગ્રેજી બોલવાના મહાવરા સાથે વ્યવસ્થિત ભૂમિકા બાંધી વિષયપ્રવેશ કરે છે. આરંભના દસ-પંદર મિનિટના ખચકાટ પછી તેઓ સાફ-સૂથરાં અને ક્રમબદ્ધ વાક્યોની મદદથી વિષયમાં ઓતપ્રોત થઈ જાય છે. વિદ્યાર્થીઓ પણ ખુશ અને પોતાને પણ સંતોષ. આ રીતે તેમની અધ્યાપકીય કારકિર્દીની શરૂઆત થાય છે.

અધ્યાપિકા તરીકેનો અનુભવ વર્ણવતાં હિમાંશીબહેન કહે છે, "એકવીસની ઉંમરે તો ઉપરવાળાના આશીર્વાદ જેવી કૉલેજની નોકરી મળી ગઈ. સ્કર્ટ પહેરું તો સાવ કિશોરી દેખાઉં, પણ કૉલેજમાં ભણાવવાનું એટલે સાડી સજવાની, કાચી ઘણી તોયે પક્વતા ધારણ કરવાની.મારી સિલકમાં જે કંઈ મતિશક્તિ હશે તે મુજબ બાને રાહત આપવા મથામણ આદરી. વર્ગમાં ભણાવવાનો ઉત્સાહ અઢળક, વળી સામે પુસ્તકો અને સાહિત્યની ચર્ચાની એક વિશાળ દુનિયા ખૂલી ગઈ હતી."[૯]

દસેક વર્ષના અનુભવ પછી તેમને એમ.એ.ના પાર્ટટાઈમના વર્ગોમાં ભણાવવાનું થાય છે. આ વર્ગમાં મોટી ઉંમરના પરિપક્વ અભ્યાસાર્થીઓની સાથે-સાથે શિક્ષકોને પણ ભણાવવાનું થાય છે. છતાં હિમાંશીબહેન ખૂબ મહેનત, સાચી નિષ્ઠા અને વિભાગના અધ્યક્ષ ડૉ.આર.આઈ.પટેલ અને ડૉ.વિમળબેન નવલકરના સહયોગથી વિષયને ખૂબજ ઉંડાણપૂર્વક ભણાવતાં. ક્યારેક વિદ્યાર્થીઓને કાવ્યખંડ બરાબર સમજાવી ન શકાય તો તેને નિખાલસતાથી કબૂલ કરી તેમનાં વરિષ્ઠ સહકર્મીઓ પાસે જઈ તે અઘરાખંડને સમજતાં ત્યારબાદ તે વિદ્યાર્થીઓને આસાનીથી સમજાવતાં. એમને એમ તેમનો અભ્યાસ પ્રત્યેનો ઉત્સાહ બેવડાય છે અને એક ખાસ પ્રકારનો આનંદ મળે છે. બરાબર આ જ સમયે તેઓ Ph.D. કરવાનો નિર્ણય લે છે.

હિમાંશીબહેને ફરજના ભાગરૂપે કૉલેજમાં એન.એસ.એસ.ની પ્રવૃત્તિ પણ કરી હતી. જેના ભાગરૂપે તેમને વારંવાર જુવેનાઈલ ઑબ્ઝર્વેશન હોમ અથવા તો અંધશાળામાં જવા-આવવાનું થતું. જેથી સંવેદનશીલ હૃદય ધરાવતાં હિમાંશીબહેન બાળકોની વધારે નજીક આવતાં ગયાં અને તેમની પીડા, મુશ્કેલીઓ સમજતાં ગયાં.

પોતાના અધ્યાપકીય કાર્યકાળ દરમિયાન હિમાંશીબહેનની નજર સમક્ષ ઘણાં - બધાં આંદોલનો થયાં. તેમાં ૧૯૭૪નું ભ્રષ્ટાચાર વિરોધી નવનિર્માણ આંદોલન અને ૧૯૭૫માં લદાયેલી કટોકટી સમયે થયેલું આંદોલન મુખ્ય હતાં. આવાં આંદોલનોને લીધે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ વચ્ચે નિકટનો સંબંધ સ્થપાયો તો ખરો પણ શિક્ષણ સંસ્થાઓમાં પરીક્ષાઓ સંદર્ભે જાતજાતના

આગ્રહો અને માંગણીઓ યુનિવર્સિટીની સામે આવ્યાં. કારણ હવે વિદ્યાર્થીઓને ધમાલ અને હો-હા કરવાની એક વિશેષ ફાવટ આવી ગઈ હતી. આવાં આંદોલનોને કારણે ભરપાઈ ન થઈ શકે એવું નુકશાન અભ્યાસને થયું. વળી, સાહિત્યમાં Objective Questionsની પદ્ધતિનો અમલ થવાથી, ત્રીસ માર્ક્સવાળાને પાંત્રીસ સુધી ખેંચવાની પ્રથાથી, એકના એક ગોખેલાં વાક્યો ફરી-ફરી લખી ચાર-પાંચ ઉત્તરવહીઓ ભરી પરીક્ષકને છેતરવાની વિદ્યાર્થીઓની પદ્ધતિથી, એકનો એક વિષય વરસોવરસ સુધી એકજ અધ્યાપક ભણાવે એવી વર્તુળાકાર પદ્ધતિથી હિમાંશીબહેનનો અંતરાત્મા દુઃખી થાય છે. અને આ દુઃખ તેમને સ્વૈચ્છિક નિવૃત્તિ ભણી દોરી જાય છે.

આમ,૧૯૬૮થી ૧૯૯૪ જેટલાં લાંબાગાળા સુધી પોતાની માતૃસંસ્થામાં અંગ્રેજી વિષયના વ્યાખ્યાતા તરીકે કામ કરનાર હિમાંશીબહેન વિદ્યાર્થીઓમાં અતિપ્રિય હોવાછતાં શિક્ષણના કથળતા જતા સ્તરથી, વિદ્યાર્થીઓમાં ઘટતી જતી સાહિત્યપ્રીતિ તથા નિસબતના અભાવથી કંટાળીને નિવૃત્તિના પંદર વર્ષ બાકી હોવા છતાં એકદમ સલામત અને મનગમતી એવી નોકરીમાંથી ૧૯૯૪માં સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ પીડાયેલાં - કચડાયેલાં લોકોની સેવા કરવાના પોતાનાં મનગમતાં ક્ષેત્રમાં મન પરોવે છે.

### ૧.૨.૫.દામ્પત્ય જીવન

હિમાંશીબહેને બાળપણમાં પોતાના પરિવારની સ્ત્રીઓના લગ્નજીવન વિશે સાંભળેલ અને જોયેલ અનુભવ સારો ન હતો તેથી તેમણે લગ્નજીવનથી અળગા રહેવાનું નક્કી કરી લીધું હતું. બીજું એમને જે પ્રકારનાં કામ કરવા હતા એમાં લગ્ન બહુજ તકલીફરૂપ થશે અને કશું કામ થઈ નહિ શકે, એવો ખ્યાલ તેમને લગ્નથી દૂર રાખે છે. તો વળી, મનમાં ક્યારેક એમ પણ હતું કે, જે કામ ગમે છે તે કરતાં - કરતાં જો એવી કોઈ પસંદગીની વ્યક્તિ મળી જાય કે તેમના વિચારો સાથે - કામ સાથે મળતું હોય, જે પોતાને સમજી શકે, પૂરેપૂરી સ્વતંત્રતા - સ્પેસ આપી શકે, ઓછામાં ઓછા બંધનો હોય અને એક ખરા સખા - મિત્રનો અનુભવ કરાવી શકે એવી વ્યક્તિ મળે તો જ તેની સાથે લગ્ન કરવા. લગ્નજીવનની બાબતમાં આવાં ચોક્કસ ખ્યાલોને કારણે લગ્ન કરવામાં તેમણે કોઈ ઉતાવળ કરી નહોતી. આખી દુનિયા પરણે તો આપણે પણ પરણવું જ એવા કોઈ મતને આશરે ગયા વિના, પોતાની આ આખી વાતને પોતાના ઘરના વ્યક્તિઓ સામે સ્વીકારાવી શક્યાં તેને પોતાની મોટી સિદ્ધિ ગણે છે.

ઘરના વડીલો માનતાં હતાં કે, હિમાંશી ભલે આજે આવાં નિર્ણયો લે, પરંતુ જ્યારે કોઈ એકાદ ગમી જાય એવો સામે આવીને ઊભો રહેશે એટલે નિર્ણયો તો આપોઆપ ગાયબ થઈ જશે અને અત્યારે આવી કાચી વયે જે નિર્ણય લેવાય તે ટકતા નથી એવું માની 'અત્યારથી શું છે?' જેવી ફૂંક મારીને વાતને ઉડાડી દીધેલી. પરંતુ, લગ્નજીવનમાં કેવાં પ્રકારનાં વિસંવાદ અને એકલતા હોઈ શકે એનાં અનેક ઉદાહરણો આંખ સામે હોવાથી, એકલાં પડી જવાના ડરથી લગ્ન કરી સંસાર ભોગવવાનો રઘવાટ તેમને કબૂલ નહોતો. તેથી જ તેમણે આ નિર્ણય પાછળ મન મજબૂત કરી લીધું હતું, જેનાથી ઘરનાં વડીલો અજાણ હતાં.

લગ્ન ન કરવાના ઈરાદાને સ્પષ્ટ કરતા હિમાંશીબહેન કહે છે, "સ્ત્રીના જીવનમાં પસંદગીને અવકાશ છે. પ્રથમ તો સંતોષકારક પાયાની સગવડો મળે એટલી કમાણી જરૂરી. રહેવા માટે એક ઘર. એકલાં જીવવાની તૈયારી. પુરુષના અહંકારને ચલાવી લેવાનું અને પોષવાનું નહીં બને, અને પોતાની પકડમાં ન આવે એવી સ્ત્રીને ચાહનારા પુરુષો બહુ ઓછા હોય. ટૂંકમાં જે કમઠાણ જોડે મેળ પાડવાનું કષ્ટદાયક બને, અથવા જે ઘણો સમય ગળી જાય એનાથી વેગળાં રહેવું તે જ ઉત્તમ. શરીરની કુદરતી માંગણીઓ બહુ હઠીલી ન હોયતો એને નજર અંદાજ કરી શકાશે. વળી શરીર અને જાતીયતા અંગે પૂર્ણ સ્વાયત્તતામાં માનનારી સ્ત્રી લગ્નની દિશા ન પકડે એ જ સારું.વીસ-બાવીસની વયે બે - ચાર બેનપણીઓના લગ્ન થઈ ચૂકેલાં અને એમની સાથેની અંતરંગ વાતોમાં બાંધી મૂઠ્ઠી ખૂલી ગઈ. પરણ્યાં એટલે જાણે આપણા દેહ પરનો આપણો અધિકાર ડૂબ્યો સમજવો. આપણી - એટલે કે સ્ત્રીઓની - ભૂમિકા સામાવાળાની 'જરૂરીયાત' સ્વીકારવા જેટલી.

ના, અધોરેખાવાળી ઘૂંટેલી ના. આવી સ્થિતિમાં જાતને નથી ગોઠવવી. જો કે મન ક્યારેક વળી એમ પણ કહેતું કે લાગણીશીલ, કાળજીભર્યા અને સજગ પુરુષો આમતેમ જરૂર હોવા જોઈએ, પણ એતો નીવડે વખાણવાળો ઘાટ. જીવન સાહસ માટે ખરું, અખતરા માટે એને ખરચવું નહીં."[૧૦]

લગ્ન ન કરવાના આવા અડગ નિર્ણય સાથે હિમાંશીબહેન સ્વતંત્રતા અને પોતીકી જીવનશૈલી જાળવવા તેમજ પાયાની આવશ્યકતા હેતુ પોતાના પિતાજીના મકાન ઉપર જ એક અલાયદું મકાન બનાવી એકાંકીજીવનનો આરંભ કરે છે. પરંતુ કુદરતને કંઈ બીજું જ મંજૂર હતું. જીંદગીએ અણકલ્પ્યો વળાંક લીધો. સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી ઝવેરચંદ મેઘાણીના પુત્ર અને સારા સાહિત્યકાર તથા ઉત્તમ અનુવાદક શ્રી વિનોદ મેઘાણી સાથે મળવાનું થયું તે સમય દરમિયાન હિમાંશીબહેન રસવિહિન, લગભગ થંભી ગયું હોય તેવું જીવન જીવી રહ્યાં હતાં. કારણ મહેતા

સાહેબ. જે તેમના અને તેમના આખા પરિવારના પ્રિયજન, પરમસખા, ઘરખમ આધાર અને નીકટતમ સ્વજનનું અવસાન થયું હતું. તો સામે પક્ષે, વિનોદ મેઘાણી પણ પોતાની સાથી - સન્નારી કેન્સરની લાંબી માંદગીને લીધે આ દુનિયા છોડી ચાલી નીકળ્યાં હતાં તેથી આઘાતમાં હતા. આમ, બંને પૂરેપૂરાં વેરવિખેર, મર્મભેદક વાસ્તવને ખમી લેવા મથતાં, બેબાકળાં હતાં. આવા સમયે હિમાંશીબહેનને ૧૯૯૫ના મે મહિનામાં નંદિગ્રામ ખાતે વિનોદ મેઘાણી સાથે મળવાનું એકદમ અકસ્માતે બન્યું. તે સમયે વિનોદ મેઘાણીએ વલસાડનાં નંદિગ્રામ ખાતે વિન્સેટ વાનગોગના ચિત્રોનો સ્લાઈડ શો ગોઠવ્યો હતો, જેથી ચિત્રકળાના લગાવને કારણે આ શો જોવા હિમાંશીબહેન ત્યાં રોકાય છે તે દરમિયાનની મુલાકાતમાં બંને જણાંને એકમેકમાં રસ જાગ્યો હોવાની અનુભૂતિ થાય છે સાથે નિયતિને પણ આ બંનેને મળાવવાનો દોર પોતાના હાથમાં લીધો હોય એમ ફરી - ફરીને મળવાના પ્રસંગો બિલકુલ અનાયાસ ઊભા થતાં રહ્યાં અને અવસાદમાં થીજી ગયેલાં બંને જાણે એક નવી કેડી પર ચાલી નીકળ્યાં.

સાંજે ફરવા જાય ત્યારે થતી વાતચિત પરથી ખબર પડે છે કે કામમાં વિનોદ મેઘાણી પણ અનુવાદ વગેરેનું પોતાના બાપુજીનું કામ કરતા હતા. હિમાંશીબહેનને તેઓ સ્વભાવે સૌજન્યશીલ, ફરજ અંગે સભાન, બહુ વિશિષ્ટ અને સામાન્ય માણસથી ખૂબ અલગ, અતિ અલગારી, જેનામાં ખુંવાર થવાની તાકાત છે એવા લાગ્યા. ઘણીબધી મુલાકાતોને અંતે સરખી વિચારધારાને કારણે લગ્ન કર્યા વગર સાથે રહેવાનું વિચારી વિનોદ મેઘાણીના પ્રસ્તાવનો સ્વીકાર કરે છે. પરંતુ મકરંદ દવેને ગામડામાં કામ કરતા હોય અને અન્ય જગ્યાએ રહેતા હોય તો મિત્રો તરીકે રહેવાનું તેમનું આ સાહસ યોગ્ય લાગ્યું નહીં. વળી હિમાંશીબહેનના બાના બા પણ ત્યારે જીવતાં હતાં, તેમને પણ આ ન ગમે તેથી અંતે તેમણે ૪થી ઓક્ટોબર ૧૯૯૫ના રોજ રજિસ્ટર્ડ મેરેજ કર્યા. આ લગ્ન એક શાંત, અંગત ઘટના જેવા હતા. કારણ કે, વિનોદ મેઘાણીના પરિવારમાંથી કોઈ નહોતું, જ્યારે હિમાંશીબહેનના નાના પરિવારની સાથે મિત્ર જગદીપ સ્માર્ત જ હાજર હતા. એટલું જ નહીં કશી વિશેષ ખરીદી વગર અને કોઈપણ પ્રકારની ધમાલ કે જમવા-જમાડવાની માથાકૂટમાં પડયા વગર થયા હતા. આમ, છેક સુડતાળીસમે વર્ષે બાનું ઘર છોડી લગ્ન કરી, મકરન્દભાઈ સાથે નીલમણિ (વિનોદ મેઘાણી)નો સંપર્ક રહે એ હેતુથી મુંબઈ કે સૂરત કરતાં વલસાડના ધરમપુર માર્ગ પર આવેલા મણિબાગના ‘સખ્ય’ નિવાસે દામ્પત્યજીવનની શુભ શરૂઆત કરે છે.

વિનોદ મેઘાણી સાથે થયેલ લગ્નને એક કોયડારૂપ ગણાવતાં હિમાંશીબહેન લગ્ન થવાના પ્રેરકબળ વિશે વાત કરતાં જણાવે છે કે, "નીલમણિ સાથે, ઠેઠ સુડતાળીસમે વર્ષે, જ્યારે એકલાં રહેવાનું અનુકૂળ આવી ગયું હોય, અંગત આદતો બદલી ન શકાય એ હદે સુદ્રઢ બની હોય, અને લગભગ અજાણી કહેવાય એવી વ્યક્તિ સાથે જીવવાનું સાહસ થઈ રહ્યું હોવાની સભાનતા ટકોરા દેતી હોય ત્યારે, લગ્ન શી રીતે કર્યા એ કોયડો હજી અકબંધ છે. જીવનની ઉત્તરાવસ્થામાં સાવ એકલાં પડી જવાનો પ્રચ્છન્ન ભય, કે પછી એક પ્રિયજનની વિદાયને પગલે થીજી ગયેલા જીવનને ગતિ આપવાની સુષુપ્ત ઈચ્છા આ સાહસના પ્રેરકબળ હોઈ શકે."[૧૧]

લગ્ન ન કર્યા હોત તો જીવનમાં ઘણુંબધું ગુમાવી બેઠા હોત એ વિશે વાત કરતાં હિમાંશીબહેન કહે છે, "જો મેં લગ્ન ન કર્યા હોત તો જીવનમાં ઘણુંબઘું ગુમાવ્યું હોત, પણ મારી બાબતને સંબંધ છે ત્યાં સુધી મેં એટલું નક્કી કર્યું હતું કે માત્ર લગ્ન કરવા ખાતર જ હું લગ્ન કરીશ નહિ. એકલા નહીં રહેવાય અથવા હવે થાકી ગયા છીએ કે કોઈકના સહારાની જરૂર છે એવી ભાવનાથી હું જીવનમાં કદી જ સમાધાન કરીને લગ્ન નહીં કરું એ વાતનો મેં પાકો નિશ્ચય કર્યો હતો અને દુનિયા આખી પરણે છે એટલે આપણે પણ પરણી જવું એ ખ્યાલ મારી દષ્ટિએ વાહિયાત છે. હું જીવનની ઉપાસક છું. હું જીવનને ચાહું છું, પૂરી તીવ્રતાથી ચાહું છું. એટલે મારી તીવ્રતા સાથે જેને સંબંધ હોય એવી વ્યક્તિ સાથે જ મને જીવવું ગમે."[૧૨]

સુડતાળીસમે વર્ષે લગ્ન કરી નવેસરથી જીવનની શરૂઆત હિમાંશીબહેન માટે મૂંઝવણ અને રોમાંચના મિશ્રણ જેવી લાગી જેમાં ઘરને ઠીકઠાક રાખવું, રસોઈ કરવી, આવશ્યક ખરીદી કરવી, પ્રસંગોપાત ભેટો આપવી, સાથીના ગમા અણગમા ધ્યાનમાં રાખવા વગેરે નાની-મોટી આનંદદાયક બાબતોનો સમાવેશ થાય છે.

હિમાંશીબહેને નિશ્ચય કર્યો હતો કે મૈત્રી અને પ્રેમવશ કોઈ પુરુષ સાથે રહેવાનું પસંદ પડે, અને માત્ર એ કારણે લગ્ન થાય, તોયે બાળક તો નહીં જ - આ વાતને વાગોળતા તેઓ કહે છે, "બાળજન્મની આખી પ્રક્રિયા મને ડરામણી લાગતી.ઘરમાં બિલાડીઓને અને આંગણે કૂતરીઓને બચ્ચાંને જન્મ આપતાં દીઠેલાં. એમની જીવલેણ પીડા મને વ્યાકુળ કરી મૂકતી. 'We are born in other's pain and perish in our own' એ ઉક્તિની સચ્ચાઇ સામે આંખ બંધ ન થઈ. જગત આખાની મહિલાઓ બાળકના અવતરણ માટે આવી મરણતોલ યાતનામાંથી પસાર થતી હશે. અને પછી કાળક્રમે એમાનાં કેટલાંયે યુદ્ધો અને રમખાણો જેવા માનવસર્જિત સંહારમાં હોમાતાં હશે. એક

બાળક એટલે નવ મહિના, અને જાત સંભાળતું થાય એ પાછળ બીજાં છ-સાત વર્ષ. આવાં બે બાળક એટલે જીવનનાં પંદર વર્ષ કે સોળ વર્ષ. દુનિયા પર માનવ વસ્તી પૂરતા પ્રમાણમાં છે, એમાં આપણાં એકાદ-બે નહીં હોય તો માત્ર ચાલશે જ નહીં, આવકારદાયક પણ ગણાશે."[૧૩]

પોતાના બાળકો ન હોવાનો અભાવ પ્રકૃતિના તત્ત્વો અને અભાવગ્રસ્ત બાળકો સાથે પસાર કરેલો સમય તેમનામાં રહેલા માતૃત્ત્વને સંતૃપ્ત કરી દે છે. બાળકો સાથે પસાર કરેલ સમયને લીધે તેમના બાળકો ન હોવાનો તેમને ક્યારેય અહેસાસ થયો નથી. તેમણે પોતાના ઘરમાં રહેલી બિલાડીઓ, લાલુ, લીયો, વિકટર અને સોનુ જેવાં પાલતું પ્રાણીઓ તથા આજુબાજુનાં અભાવગ્રસ્ત બાળકોને જ પોતાના બાળકો સમજી, વ્હાલથી ઉછેર્યા અને શક્ય તેટલો સમય આપ્યો.

હિમાંશીબહેનને પોતાનું દામ્પત્યજીવન ફળ્યું હતું. તેમનો સંબંધ તેમની મૂળભૂત પ્રામાણિકતા અને પરસ્પરના આદરને લીધે મજબૂત હતો. બંને સાવ સ્વતંત્રરીતે-એકમેક પર બહુ ઓછો આધાર રાખવાવાળાં હતાં. તેમનાં આ સુખી દામ્પત્યજીવનનો સાક્ષી તેમનો શ્વાન - સોનુ હતો.તેઓ દર અઠવાડીયે સોનુને લઈને એકાદ - બે સાંજ દરિયા કિનારે ગાળતાં. ત્રણેય જણ સૂર્યાસ્ત પછીનું આકાશ જોઈને ઊભાં થતાં અને કિનારાની રેતી દરિયાને સોંપી એમનાં વાહન ભણી વળતાં, ત્યારે સંપૂર્ણ પારિવારિક ચિત્ર ઉપસતું. એમાંથી એકપણ પાત્ર ખસે કે આઘુંપાછું થાય તો સમતુલા જોખમાય એટલું પરિપૂર્ણ હતું.દરિયાકાંઠે દોડાદોડ કરીને બંનેના શ્વાસ અદ્ધર કરનાર સોનુ ગાડીની પાછળની બેઠકમાં લંબાવતો અને સંપૂર્ણ પરિવાર ઘરે પાછો ફરતો.

સોનુ પણ જાણે તેમનું અભિન્ન અંગ બની ગયો હતો. સોનુ તેમનાં દામ્પત્યજીવનના ખટરાગમાં કેવો મેળ કરાવી આપે છે એ વિશે વાત કરતાં હિમાંશીબહેન કહે છે, "અમારી વાતચીતમાં જરા તપારો દાખલ પડે, તાતાં તીર તકાય, સોનુ એજ ઘડીએ વ્યાકુળ. અમે પાછાં એવાં કે સહેલાઈથી તંત ન છોડીએ. સોનુ ઊભો થઈ વારા ફરતી બેયની નજીક પહોંચે, ઢીંચણે માથું ઘસે, પૂંછડી હલાવે, પોતાનું રમકડું મોંમાં ઝીલી લાવી અમારા પગ પાસે મૂકે, સાવ હળવું ભસે. બોલ્યા વિના પૂરા હક અને આગ્રહથી એ કહીં શકે, ભ'ઈ ! છોડોને માથાફોડ, હસી રમીને ભૂલી જાવ બધું! કેવળ સોનુંને માટે અમે સુમેળની ધોળી ધજા ફરકાવી હોય એવા પ્રસંગો અગણિત."[૧૪]

અબ્રામા સ્થિત 'સખ્ય' નિવાસમાં બંને પોતપોતાની પ્રવૃત્તિમાં રમમાણ રહેતાં. વ્યવસાયે દરિયાખેડુ એવા વિનોદ મેઘાણીએ આયખાના ચાલીસ વર્ષનો સમય સમુદ્ર વચ્ચે ગાળ્યો હતો જે હવે અનુવાદ વગેરેમાં પ્રવૃત્ત રહેતા, જ્યારે ઘરમાં જ શરૂ કરેલી આસપાસનાં બાળકો માટેની લાઈબ્રેરી

અને વગડા વચ્ચે આવેલા નવા ઘરનો ઉત્સાહવર્ધક પરિવેશ હિમાંશીબહેનના જીવનમાં નવો જોમ પૂરતા હતા. સંધ્યાકાળે હિમાંશીબહેન અને નીલમણિ હાર્મોનિયમ સાથે અગાશીમાં જઈ મુક્તકંઠે ગાતાં અને પોતાનાં જીવનને સંગીતમય બનાવી દેતાં. બંનેને સાહિત્ય અને કળામાં ઊંડો રસ હતો, તેઓએ પંડિત જસરાજ, ઉસ્તાદ ઝાકીર હુસેન, વિશ્વમોહન ભટ્ટ, ગુલામઅલી, કેલુચરણ મહાપાત્ર, અશ્વિની ભીડે જેવાં કલાકારોની ઉત્કૃષ્ઠ રજૂઆતો મનભરીને માણી હતી. સ્વૈચ્છિક નિવૃત્તિ પછી હિમાંશીબહેન પાસે પુષ્કળ સમય હતો જેને તેઓ પોતાની ઉત્તમોત્તમ મૂડી ગણે છે. આ સમયરૂપી મૂડીને તેમણે બા માટે, માશી માટે, વડીલ મિત્ર મંજુલબહેન ઝવેરી માટે, માનવેતર દોસ્તો માટે, મજૂરોના બાળકો માટે, ઘર માટે, ફિલ્મો માટે - એટલે કે મનગમતાં તમામ ક્ષેત્રોમાં છૂટથી - સમજણપૂર્વક વાપરી હતી.

પહેલા તબક્કામાં મહેતા સાહેબે અને બીજા તબક્કામાં નીલમણિએ હિમાંશીબહેનને ક્યારેય મુશ્કેલી પડવા દીધી ન હતી. અભાવગ્રસ્ત સમુદાયના હિતાર્થે સરકારી દફતરો સાથે માથાફોડ કરવાની હોય કે પોલીસતંત્ર સાથે, કાગળો લખવા, એની નોંધ રાખવી, દોડાદોડ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તે કરીનેય વિકટ પરિસ્થિતિને પહોંચી વળતા - તેથી જ તો હિમાંશીબહેન અભાવગ્રસ્ત બાળકો માટે ખૂબ સારું કામ કરી શક્યાં હતાં.

આમ, હિમાંશીબહેનનું વિનોદ મેઘાણી સાથેનું સખ્યભર્યું દામ્પત્યજીવન ચૌદેક વર્ષથી તેમની સેવાકીય પ્રવૃત્તિઓ અને સર્જકતાથી ભારોભાર નીખરી રહ્યું હતું. તેવામાં અણધાર્યો ફેરફાર આવી પડે છે. પેઢુની બીમારીને લીધે મોતને જરાય ટક્કર આપ્યા વિના, સાવ સહજ ભાવે સઘળું છોડીને, હિમાંશીબહેન અને સોનુને એકલાં મૂકી ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ નીલમણિ ચાલી નીકળે છે. ત્યારબાદ, સોનુય તેની વૃદ્ધાવસ્થાની જીર્ણતાને કારણે હિમાંશીબહેનને એકલા મૂકી ચાલી નીકળે છે. આજે પોતાના ઘરને પોતાના ભિલ્લુની આંખ સમજી કેટલાક સામાજિક અને સાહિત્યિક કાર્યોમાં હિમાંશીબહેન અડીખમ છે.

### ૧.૨.૬.સર્જકને ઘડનારા પરિબળો

જમાનાથી બે ડગલા આગળ અને વિદ્યાપ્રેમી દાદાના કુટુંબમાં હિમાંશીબહેનનો જન્મ થયો હોવાથી સાહિત્યના સંસ્કાર તેમને બાળપણથી જ મળે છે. દાદાજી પત્રકાર અને સુધારાવાદી હોવાને કારણે ઘરનું વાતાવરણ જ સાહિત્યના રંગથી રંગાયેલું હતું. હિમાંશીબહેનને બાળપણથી જ વાંચનનો શોખ હતો. કારણ, ઘરમાં સાહિત્યિક પ્રવૃત્તિનું વાતાવરણ સાથે - સાથે ઘરમાં જ

પુસ્તકોની ઉપલબ્ધિ અને ગણિત - વિજ્ઞાન કરતા સાહિત્ય અને ભાષા તરફનો વિશેષ લગાવ મુખ્ય હતો. જૂના ઘરે નીચે દાદર પાસે એક લાકડાના મોટા કબાટમાં થોકબંધ ચોપડીઓ રહેતી. હિમાંશીબહેન રમવાના વિચાર સાથે નીચે આવે ત્યારે તરત જ નીચલું ખાનું ઉઘાડીને ગલબાનાં પરાક્રમો, છોટુ સસલો અને શકરો શિયાળ, મિયાં ફુસકી અને તલા ભટ્ટ, બકોર પટેલ અને શકરી પટલાણી, પરી મહેલ અને 'રમકડું'ના જૂના અંકોની ફાઈલ એવું કંઈ કેટલુંય વાંચવા માટે મળી રહેતું તે લઈ વાંચવા બેસી જતાં. આમ, વાંચનનાં સંસ્કાર તેમનામાં બાળપણથી દઢ થાય છે.

આઠ - નવની વયે ઓછી સમજ હોવાછતાં હિમાંશીબહેને હાથે લખેલું ચાર પાનાનું 'ગુલાબ' નામનું છાપું કાઢ્યું હતું, જેમાં ગજ્જરવાડીના, કૂતરાં - બિલાડીના, ફૂલઝાડ, સાપ - નોળિયો કે વણિયરને જોયાનાં તેમજ અડોશ-પડોશના કજિયા - કંકાસને લગતાં સમાચાર છાપતાં. દાદાજી ખુશ થતા અને એમની નજીકનાને હિમાંશીબહેનનું હાથે લખેલું છાપું દેખાડતા. આમ, તેમનું શબ્દ સાથે અણસમજમાં જ જોડાણ થતું ગયું.

બાળપણમાં વતન ઉમરેઠમાં રહેતા મોટા કાકા પાસે સાંભળેલી બાબરદેવાની, ભૂપત બહારવટિયાની, ભૂતપ્રેતની શ્વાસ અધ્ધર કરી દેતી કથાઓ તેમને સાહિત્યમાં વિશેષ રસ માટે પ્રેરે છે. સાથે - સાથે પોતાનાં નાની - મંગીબા અને વડનાનીના કંઠે ગવાયેલા લગ્નગીત, ફટાણાં, ભજન, ગરબા અને લોકગીતોમાં સાહિત્ય પ્રત્યેના લગાવના મૂળ જોઈ શકાય છે. આ ઉપરાંત પોતાની બા સાથે બેસી સખી ભાવે પુસ્તકોની, સંગીત અને ચિત્રોની, પ્રાણીઓની, ફૂલો અને વૃક્ષોની, નાટક અને ફિલ્મોની માનવસંબંધની આંટીઘૂટીઓની રસભરી વાતો કરતાં. જે કારણે પણ હિમાંશીબહેનમાં સાહિત્યના સંસ્કાર દઢ થતાં જોવા મળે છે. બાળપણમાં હિમાંશીબહેનને ચિત્રો દોરવાનો ખૂબ શોખ હતો, તે ચિત્રો મુ.કાકા સદ્‌ગત સાક્ષર વિષ્ણુપ્રસાદને દેખાડવાનાં દાદાજીના આગ્રહને કારણે તેમની પાસે જતાં ત્યારે મુ.કાકા તેમને સાહિત્યની દુનિયામાં દોરી જતા. ખપ લાગે તેવા પુસ્તકો તેમને ભેટમાં આપી દેતા, નવા-નવા પુસ્તકોની વાતો કરતા અને તેઓ અંગ્રેજી ભાષા - સાહિત્યના ઊંડા અભ્યાસી હોવાથી ભાષા-સાહિત્ય વિશે ઊંડાણથી વાતો કરતા. જેથી જ તો હિમાંશીબહેન મુ.કાકા સાક્ષર વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીને પોતાના પ્રેરણામૂર્તિ ગણાવે છે. વળી, હિમાંશીબહેને ઉમાશંકર જોશી, સુંદરમ્ અને યશવન્ત શુક્લને પહેલીવાર તેમના ઘરે જોયા હતા. આમ, સાહિત્યમાં ઊંડાણથી રસ લેતા કરવામાં તેમના મુ.કાકા સાક્ષર વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીનો મહત્ત્વનો ફાળો ગણાવી શકાય.

હિમાંશીબહેન અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત ભાષાના જાણકાર અને વાંચનના રસને કારણે તેમણે ગુજરાતી, ભારતીય અને વિશ્વના જાણીતા સાહિત્યકારોના પુસ્તકો વાંચ્યા હતાં. કોલેજના અભ્યાસ સમયે તેમને પ્રિયકાન્ત મણિયાર, ઉમાશંકર જોશી અને સિતાંશુ યશશ્ચંદ્ર જેવા મોટા ગજાના સાહિત્યકારો સાથેના પરિચયમાં આવવાનું થયું હતું. વળી, નોકરી દરમિયાન વર્ગમાં ભણાવવાનાં અઢળક ઉત્સાહને લીધે પુસ્તકો અને સાહિત્યચર્ચાની એક વિશાળ દુનિયા તેમને માટે ખુલી ગઈ હતી. તે સમયથી જ તેમને વાર્તાઓનું બહું જ ખેંચાણ હતું તેના કારણે તેમણે અંગ્રેજી વાર્તાઓ ખૂબ વાંચી, તેમાં પણ કેથરીન મૅન્સફિલ્ડથી તો એટલાં બધાં પ્રભાવિત થયાં કે, ‘જો વાર્તાઓ લખીશ તો કેથરીન મૅન્સફિલ્ડ જેવી જ’ એવો નિશ્ચય કરેલો.

હિમાંશીબહેનનું લખવાનું બહુ મોડું શરૂ થાય છે. આ વિશે જણાંવતા તેઓ કહે છે, “મારું વાર્તાલેખન ઠીકઠીક મોડું શરૂ થયું. સાહિત્યના અભ્યાસને કારણે ત્યાં સુધીમાં ઉત્તમ વાર્તાઓનો પરિચય મળી ગયેલો, ખાસ તો અંગ્રેજી અને અંગ્રેજીમાં અનુવાદ થયો હોય તેવી પરભાષાની રચનાઓનો. વાર્તા લખવાનું મન થયું ત્યારે કેવી વાર્તા લખવી ગમે એની પરિકલ્પના પાસે હતી, સ્પષ્ટ અને સુરેખ. એ સમય અઘરી વાર્તાઓના પ્રભાવનો હતો, અને એ પ્રભાવથી સર્વથા મુક્ત રહી શકવાની અનુકૂળતા કરી આપી આ વિશદ પરિકલ્પનાએ.”[૧૫]

હિમાંશીબહેન ભલે અંગ્રેજીના અધ્યાપક હતાં પરંતુ તેમને વિશેષ લગાવ ગુજરાતી ભાષા પ્રત્યે હતો, તેથી તેમણે સાહિત્યસર્જન ગુજરાતીમાં જ કરવાનું નક્કી કર્યું હતું. લગભગ ૮૨-૮૩ના ગાળામાં તેમણે લખવાનું મન બનાવ્યું અને વાર્તા લખવાનું વિચાર્યું તે વિશે તેઓ કહે છે, “વાર્તાનું આકર્ષણ પ્રથમથી મોટું રહ્યું છે. લખવાનો વિચાર દૂર ક્ષિતિજે પણ નહોતો દેખાતો ત્યારે એક ભાવક તરીકેયે વાર્તાનું ખેંચાણ. તીવ્રતા અને લાઘવ અભિવ્યક્તિના પ્રિય લક્ષણો. વાર્તાના પ્રબળ આકર્ષણનું એ એક કારણ હોવાનો સંભવ ખરો.”[૧૬]

હિમાંશીબહેન પ્રારંભમાં કેથરીન મૅન્સફિલ્ડની વાર્તાઓ, જયવંત દળવી અને મન્નુ ભંડારીની વાર્તાઓનો પ્રભાવ સ્વીકારે છે. તેમના પ્રિય ભારતીય લેખકો કે કલાકારોમાં અમૃતા શેરગિલ, રવીન્દ્રનાથ ટાગોર અને પંડિત રવિશંકરનો સમાવેશ થાય છે. જ્યારે કીટ્સ, હાર્ડી, સિમોં - દ - બુવ્વા જેવા ગમતાં વિદેશી સર્જકો છે. આ બધા સર્જકોથી પ્રેરાઈને તેઓ ‘સાત પગથિયાં અંધારા કૂવાનાં’ નામે એક વાર્તા લખે છે, પરંતુ વાર્તા કેવી હશે એ અસમંજસમાં કોઈને પણ વંચાવ્યા - ચર્ચા કર્યા વગર મૂકી રાખે છે, છેવટે હિંમત કરી નવનીત સામયિકમાં મોકલે છે અને

કુન્દનિકા કાપડિયાના સંપાદન હેઠળ તેમની પ્રથમ વાર્તા છપાય છે. પછી ધીરે ધીરે તેમનાંમાં હિંમત કેળવાતી જાય છે અને તેમનું સાહિત્યસર્જન વિસ્તરવા લાગે છે.

સાહિત્યસર્જન - વાર્તાલેખન માટેની મર્યાદિત અનુભવસૃષ્ટિ વિશે સ્પષ્ટતા કરતાં તેઓ કહે છે, "અનુભવસૃષ્ટિ મર્યાદિત હતી ત્યાં સુધી જેટલી નજર પહોંચે એટલું જ સામગ્રીરૂપે મળતું. પછી અભાવગ્રસ્ત સમુદાય વચ્ચેની સઘન પ્રવૃત્તિએ મને અચાનક દુનિયા બહારની દુનિયામાં તાણી લીધી. જીવનનાં આ ભયાવહ અને કુત્સિત રૂપોનો મને આવો પરિચય નહોતો. સલામત અને ચીલાચાલુ સમાજજીવનને પડકારતી આ અંધારઘેરી જીવનરીતિએ મને હચમચાવી. વાસ્તવ સાથેની સીધી અને ગાઢ સંડોવણીએ મને પલટી નાખી. આ સ્થિતિનો પ્રભાવ એવો મોટો કે અનાયાસે એ વાર્તાસર્જનનું નિમિત્ત બની ગયો."[૧૭]

અભાવગ્રસ્ત સમુદાયની સઘન પ્રવૃત્તિએ હિમાંશીબહેનના સર્જક વ્યક્તિત્ત્વને ઘડવામાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એ વિશે વાત કરતાં તેઓ કહે છે, "મારી સમગ્ર પરિવેશ સાથેની નિસબતને શબ્દ સાથેનો સંબંધ માત્ર આટલો જ-ખૂબ બળતરા થાય ત્યારે અકળામણ ઓછી કરવાનો, ભીંસ હળવી કરવાનો, એ એક તાત્કાલિક માર્ગ. બાકી નિસબત સામાજિક નિસબતની - શબ્દમાં બંધાઈને પડી રહેવાની પ્રકૃતિ જ નથી. શબ્દથી સાવ સ્વતંત્ર એવી એની અભિવ્યક્તિમાં જ ટાઢક મળે. આસપાસ વેરાયેલાં અને નિર્વિવાદરૂપે કરવાં જેવાં કામોમાં ઝંપલાવી દેવામાં જે 'અર્જન્સી'નું - તાકીદનું તત્ત્વ છે, એ શુદ્ધ વિદ્યાવ્યાસંગ અને કલાસર્જનમાં વેગળું રહી જાત. મારી બાબતમાં તો એ તત્ત્વ જ સંવેદનાને ધાર આપે છે, ઠરવા દેતું નથી. ટૂંકમાં કહું તો નિસબતભર્યાં કામ અને નિસબતભરી અભિવ્યક્તિ એકમેકમાં ઢળ્યાં છે, ભળ્યાં છે. મારી સામાજિક નિસબતે મને નવેસરથી ઘડી છે."[૧૮]

હિમાંશીબહેનના સર્જક વ્યક્તિત્ત્વને ઘડવામાં સૌથી અગત્યનો ભાગ કશાએ ભજવ્યો હોય તો તે છે તેમની સામાજિક નિસબત. તેઓ ઉપર કહે છે તેમ ભીતર અસહ્ય અકળામણ અને લાચારી, ભીંસ અને બળતરાનો અનુભવ થાય ત્યારે એ ઓછી કરવાના એક તાત્કાલિક માર્ગ તરીકે તેઓ શબ્દના શરણે જતાં. એમની સામાજિક નિસબત અને સર્જન પરસ્પર ગૂંથાતાં જતાં હતાં. એ વિશે વાત કરતાં તેઓ જણાંવે છે, "માણસ સાથેની નિસબત એ મારા લેખનની બુનિયાદ છે, વેદના અને જીવનની વિષમતાઓ એના કેન્દ્રમાં છે. આરંભથી જેની ઓળખ હતી એ બધાં કૌટુંબિક, સામાજિક વિટંબણાઓ અને અંગત સમસ્યાઓથી ઘેરાયેલાં મધ્યમવર્ગીય પાત્રો. એ પછી

અભાવગ્રસ્ત બાળકો માટેની મારી પ્રવૃત્તિઓ મને એક એવી અંધારી અને કુરૂપ દુનિયામાં ખેંચી ગઈ જે મારે માટે અલ્પપરિચિત હતી. ઝૂંપડપટ્ટીઓ, રિમાન્ડ હોમ, રેલ્વે પ્લેટફોર્મ અને રેડલાઈટ વિસ્તારમાં જેમજેમ ફરતી થઈ તેમતેમ હું જાણે નવેસરથી ઘડાતી ગઈ."[૧૯]

સામાજિક નિસબત તેમના વાર્તાસર્જનનું વિષયવસ્તુ કેવીરીતે બને છે એ વિશે વાત કરતા તેઓ કહે છે, "આ અનુભવસામગ્રી મારા લેખનનો વિષય બને એવી મારી કોઈ ખાસ ઈચ્છા નહોતી. પરંતુ મને મળેલાં ચરિત્રો એવાં સશક્ત હતાં, અને કેટલીક ઘટનાઓનું દબાણ એવું હતું કે એ મારી વાર્તાઓમાં પ્રગટ થતાં રહ્યાં. જે ભીંસ ત્યારે અનુભવાતી હતી એ લેખનમાંથી ટાળી શકાય એમ બન્યું નહીં. એ રીતે આંતરિક સમતુલા જાળવવામાં વાર્તાલેખનેમને ખૂબ મોટી મદદ કરી."[૨૦]

આ વિષયે જ વાત કરતાં તેઓ આગળ જણાંવે છે કે, "માણસોના ભાતભાતના વેશ દીઠા, દંભ, સ્વાર્થ, અપ્રામાણિકતા, પોકળતા, જૂઠાણું અને બીજું ભલભલું. નિર્ભાન્તિ સુખ અને દુઃખ બંને એક સાથે આવે. હું એક એવી દુનિયામાં પહોંચી ગઈ હતી. જ્યાં હયાતીની ફળફળતી પીડા દઝાડતી રહે. એમાં મારા પોતીકા પ્રશ્નો વામણા બની ગયા. એમનો એક પછી એક છેદ ઊડવા લાગ્યો. જીવનનો આ ખંડ જ લેખન માટે ફળદાયી નીવડયો. નિસબતે મને ગતિ આપી અને નિસબતે જ મને લખવા પ્રેરી."[૨૧]

આમ, સર્જક જ્યારે પરકાયા પ્રવેશ કરે છે ત્યારે તે પોતાના જીવનની સાથોસાથ અન્યોનાં જીવન પણ જીવતી હોય એવી લાગણી તેને વખતોવખત થતી રહે છે. આવી સંકુલ અને વિશિષ્ટ અવસ્થામાં ભીંસાવાની પરિસ્થિતિ જ સર્જકના લેખનને ધારદાર બનાવે છે તો ક્યારેક સાવ ચૂપ પણ કરાવી શકે છે. હિમાશીબહેનને થયેલ આવાં અનેક અનુભવોના નીચોડરૂપ તેમનું સાહિત્યસર્જન ધારદાર અને સંવેદનશીલ બને છે.

### ૧.૨.૭.સમાજકાર્ય

સંવેદનશીલ વ્યક્તિત્વ ધરાવતાં હિમાંશી શેલત જુવેનાઈલ ઓબ્ઝર્વેશન હોમ, અંધજન શાળા, પ્લેટફોર્મ પર રખડતા બાળકો, ગીચ ઝૂંપડપટ્ટીનાં બાળકો, રિમાન્ડ હોમ તથા અનાથાશ્રમનાં બાળકો ઉપરાંત દેહવ્યાપારના કુખ્યાત વિસ્તારોમાં દેહ વેચીને પેટનો ખાડો પૂરતી વારાંગનાઓ જેવા સમાજના ઉપેક્ષિત લોકો તરફ સહાનુભૂતિને લઈને એમને માટે કામ કરે છે. અભાવગ્રસ્ત સમુદાય વચ્ચેની આ સઘન પ્રવૃત્તિથી તેમને આપણી દુનિયા બહારની દુનિયામાં વસતા લોકોનાં ભયાવહ અને કુત્સિત રૂપોનો પરિચય થાય છે. તેઓ સલામત અને ચીલાચાલું સમાજજીવનને પડકારતી આ

અંધારઘેરી જીવનરીતિથી હચમચી જાય છે. તેમને સંઘર્ષ, અભાવ, લાચારી અને પીડા જેવા શબ્દોનો પ્રત્યક્ષ અનુભવ આ રઝળતાં બાળકો અને દેહવ્યાપારમાં પડેલી કેટલીક સ્ત્રીઓ સાથેના ગાઢ પરિચયથી થાય છે.

અભાવથી ઘેરાયેલાં અને સતત સંઘર્ષમાં જીવતા લોકોની પીડા વિશે વાત કરતાં હિમાંશીબહેન જણાંવે છે, "સાવ પાયાની અને સામાન્ય ગણાતી જરૂરીયાતો પૂરી કરવા જાતને ઘસી કાઢતા, પોતાનો અવાજ કશે પહોંચાડી ન શક્તા અથવા એ ભાડે આપી દેતા, તકના અભાવે અડધું - પડધું જીવી કાઢતા, પોતાની ખૂબીઓ કે શક્તિને ઓળખી ન શક્તા, લગભગ અભાન અવસ્થામાં આખે આખું આયખું ખેંચી કાઢતા થોકબંધ લોકની ઠેઠ નજીક પહોંચતાં દાઝી જવાયું.ઉદાસીન, નઠોર અને થાકીને હારી બેઠેલાં જન્મદાતાઓ અને સ્વકેન્દ્રી સમાજ વચ્ચે ઉપેક્ષિત રઝળતું લાલનવિહોણું બાળપણ, કરમાયેલું, રસકસ વિનાના સંસારમાં હોમાઈને રાખ થતું જતું સ્ત્રીત્ત્વ, ઘર પરિવારમાંથી નકામાં ગણાઈને ફેંકાઈ ગયેલાં જર્જરિત માળખાંઓ-માણસ નામે ઓળખાતા અમૃત - પુત્રની દશા આંખે કસ્તર બનીને ચોંટી ગઈ."[૨૨]

હિમાંશીબહેનની અભાવગ્રસ્ત સમુદાયને મદદરૂપ થવાની આ પ્રવૃત્તિ બહોળા વિસ્તારમાં ફેલાયેલ છે. ઓબ્ઝર્વેશન હોમના બાળકોને તેઓ રવિવારને દિવસે વાર્તાઓ કહેતાં. વ્યવસાયની ફરજના ભાગરૂપે આવેલી એન.એસ.એસ.ની ફરજ પૂરી થવાછતાં તેમનો બાળકો સાથેનો આ નાતો ઘનિષ્ઠ બનતો જાય છે. દર અઠવાડિયે ત્રણેક સાંજ બાળકો સાથે ગાળતાં, જન્મદિનની ઊજવણી કરતાં, રમતોત્સવ ઊજવતાં, ભેટો આપી બાળકોના હસતા ચહેરા અને આનંદભર્યો કલરવ સર્વોત્તમ સોગાદરૂપે મેળવતાં. તો વળી, ગીચ ઝૂંપડપટ્ટીઓનાં બાળકોનાં જૂથી ખદબદતાં માથા ધોવા કે ચામડીનાં ઘારાં - ચાંદા સાફ કરી દવા લગાડવી, વણનાહ્યાં શરીરને ચોખ્ખાં કરી નવા નક્કોર કપડા પહેરાવવાં જેવા કામો સૂગ રાખ્યા વગર કરતાં. એ રીતે તેઓ બાળકોનાં જૂથને લઈ, એમની સાથે થોડો પ્રેમ, થોડી હૂંફ, થોડી કાળજી અને થોડું ભણતર વહેંચતાં. આવાં તકવિહોણાં અને અભાવમાં જીવતાં બાળકો માટેની પોતાની આ મનગમતી પ્રવૃત્તિ માટે તેઓ સૂરતમાં 'શિશુ સહાય ટ્રસ્ટ' નો આરંભ કરે છે. તો વળી, બાળકોની દવાઓ, રમકડાં, કપડાં અને ખાવાનું પૂરી સગવડથી વિવિધ સ્થળે લઈ જઈ શકાય અને જેમ બને તેમ વધારે બાળકો સુધી પહોંચી શકાય તે માટે 'શિશુ મિત્ર'નામે એક મોબાઈલ યુનિટ શરૂ કરે છે. હિમાંશીબહેનનાં આ કામમાં તેમને સૂરત

શહેરના લોકોની ઉદારતાની સાથોસાથ મહેતાસાહેબ અને એમની દીકરી, ડભોઈવાલા દંપત્તી, સંજાણવાળા તેમજ પોતાના ભાઈ - ભાભી, વિદ્યાર્થીઓનો સહયોગ મળતો રહે છે.

૧૯૯૪માં સૂરત શહેર પ્લેગથી રોગગ્રસ્ત બન્યું ત્યારે આવા માનવસર્જિત આપત્તિકાળમાં હિમાંશીબહેન તેમનાં નાના ભાઈ અને ભાભી - જે બંને ડોકટર હતાં તેમને સાથે લઈ 'શિશુ સહાય ટ્રસ્ટ'ના દવાખાના દ્વારા સેવા કરવાનું બીડું ઝડપે છે. વળી પૈસાના અભાવે ખાવા - પિવાની જોગવાઈ ન કરી શક્નારાં માટે શિશુ સહાયના મોબાઈલ યુનિટ દ્વારા રાંધી શકે તેમને માટે સીધું સામાન અને તેમ ન હોય તેમને માટે તૈયાર ખોરાક પહોંચાડવાની વ્યવસ્થા કરે છે. તો ૨૦૦૬માં સૂરતમાં પૂરનો પ્રકોપ આવ્યો ત્યારે પણ લોકોને મદદરૂપ થવા પાણી, કોરો નાસ્તો, દાળ ચોખા, ઓઢવા - પાથરવાનાં ગોદડી-ચાદર-ઓશીકાં, બાળકોના દફતર, નોટબુક વગેરે જે પણ કંઈ બની શક્યું તે રીતે મદદરૂપ થયાં હતાં.

આ ઉપરાંત બાળકીઓ - કિશોરીઓના થતાં અપહરણ અને બળાત્કાર જેવી ઘટનાઓ કે રહસ્યમય રીતે થયેલ મોતથી વ્યથિત થઈને તેઓ મહિલા સંસ્થાઓની મદદ વડે પ્રચંડ જનજાગૃતિ લાવવી,પ્રચાર કરવો, સંપર્કો કરવા, જાહેરાતો આપવી, ચર્ચા કરવી, વિવિધ ઉપરી અધિકારીઓ, કાયદાના જાણકારો, શિક્ષકો, પોલીસ અધિકારીઓ સાથે મુલાકાતો કરી આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય અને જેમની સાથે આવી ઘટના ઘટી છે તેમને ન્યાય મળે તે અર્થે હિમાંશીબહેન સતત ઝઝૂમતાં. તે માટે તેઓ અંજની પારેખ અને બીજા બે - ત્રણ સાથે મળીને 'વીમેન્સ એક્શન ગ્રૂપ - ચિનગારી' નામનાં ગ્રૂપની સ્થાપના કરે છે. આ ઘટના અને તે પછીય કેટલીક સ્ત્રીઓની સમસ્યાઓના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહે છે.

સામાજિક કામો તરફ પોતે શી રીતે વળ્યાં તે વિશે તેઓ કહે છે કે, "મોટા અને અજાણ્યા સમુદાય સાથે ભળવાનો સંકોચ, વ્યવસ્થા, સુંદરતા અને સ્વચ્છતાનું આકર્ષણ, અને મર્યાદિત વર્તુળમાં રાજી રહેવાની વૃત્તિ જેવાં લક્ષણો સામાજિક કામો માટે અવરોધરૂપ નીવડે એ તો સ્પષ્ટ છે. મારી પ્રકૃતિનાં આ લક્ષણોથી સભાન હોવાછતાં હું સામાજિક કામો તરફ શી રીતે વળી એવો પ્રશ્ન મને વારંવાર થાય છે. નોકરી કરતી થઈ, અને આરંભના વર્ષોમાં ભારે ઉત્સાહપૂર્વક વર્ગમાં ભણાવતી થઈ, ત્યાં સુધી સમાજ પરત્વે નિસબતની કોઇ વિશેષ લાગણીથી પ્રેરાઈને મેં કશું કર્યું હોય, અથવા એવી ખાસ સૂઝ મને પડી હોય એમ બન્યું નથી. આ પ્રકારનાં કામો માટેની ધખના ક્યારે જાગી હશે? કોલેજમાં ફરજનાં ભાગરૂપે એન.એસ.એસ.ની પ્રવૃત્તિ ખભે પડેલી, અને

જુવેનાઈલ ઓબ્ઝર્વેશન હોમ અથવા તો અંધજન શાળામાં જવાનું આવતું. આવી મુલાકાતો દરમિયાન કદાચ ઓબ્ઝર્વેશન હોમનાં છોકરાઓ સાથે નાતો બંધાયો હશે."[૨૩]

કોઈપણ પ્રકારની વાહવાહીની અપેક્ષા રાખ્યા વગર, નિઃસ્વાર્થભાવે હિમાંશીબહેન આવાં અભાવગ્રસ્ત બાળકો અને દુઃખભર્યા માનવોની વેદનાને હળવી કરવાના સઘન પ્રયાસો કરે છે. બાળકોના હસતાં ચહેરાં જોવાં, તેમની ઉદાસી દૂર કરવી, બાળક બની તેમની દુનિયામાં ખોવાઈ જવું, બિમાર હોય તેમની સારવાર કરવી, એને પોતે કરેલી નિજાનંદની પ્રવૃત્તિ ગણે છે. માટે જ તેઓ 'સમાજસેવા' જેવા શબ્દથી દૂર રહે છે. પોતે કરેલા આ કામો માટે સમાજસેવા જેવો શબ્દ વાપરવાના મતમાં પોતે નથી. તેઓ કહે છે, "'સમાજસેવા' જેવા શબ્દની મને બહુ બીક લાગે છે. એક તો એને દંભ - જૂઠાણું વળગેલાં હોવાથી એ ખરડાયેલો છે, અને બીજું, એ ખૂબ અસ્પષ્ટ અને ગૂંચવાયેલો છે... 'સમાજસેવા'ના વ્યાપનો અંદાજ બાંધવો મુશ્કેલ છે, અને એમાં દેખાડાનું પારખી ન શકાય તેવું એક અતિસૂક્ષ્મ તત્ત્વ ભળેલું છે. મારે આરંભે જ કહી દેવું છે કે મારો કોઈપણ પ્રકારની સેવા સાથે સંબંધ નથી. જે પ્રવૃત્તિઓ કરવાનું મને મન થયું, એ મેં પૂરી નિષ્ઠાથી હાથ ધરી. એમાં મારાં રસ-રુચિ છે, અને આ રસ-રુચિ કે નિસબતને હું 'સેવા'શબ્દ દ્વારા વ્યક્ત કરવા નથી માગતી. અભાવગ્રસ્ત બાળકો સુધી હું પહોંચી કારણ કે મારે એમ કરવું હતું, એમાં મેં કોઈ પર કશો જ ઉપકાર નથી કર્યો કે નથી સમાજને કશું આપી દીધું."[૨૪]

આમ, અભાવગ્રસ્ત સમુદાયને મદદરૂપ થવાની આ પ્રવૃત્તિને હિમાંશીબહેન 'સમાજસેવા' કહેવાને બદલે તેને નિજાનંદની પ્રવૃત્તિ કહે છે.

### ૧.૨.૮.નારી સંવેદના

હિમાંશીબહેનની નારી સંવેદનાના મૂળ તેમના જ પરિવારની સ્ત્રીઓ સાથે ઘટેલી ઘટનાઓમાં જોઈ શકાય છે. જેમાં તેમનાં વડનાની શિવગંગાની જુવાનીમાં જ બળી મરવાની ઘટના, અંબાફોઈની યુવાન વયે વિધવા થવાની ઘટના, તેમના નાની મંગીબાએ જીવનમાં કરેલા ઢસરડામાં, તેમના દાદાનાં ભાભી કે જેઓ વિધવા હતાં તે સમયે બળી મરેલાં જેવી ઘટનાઓનો સમાવેશ થાય છે. આ જ વાતને પોતાની વાર્તાઓના પાત્રોના સંદર્ભમાં કહેતાં હિમાંશીબહેન જણાંવે છે કે, "ક્યારેક તો આવાં પાત્રો મારા પરિવારમાં જ મળી ગયાં છે. 'દાહ'ની નાયિકા એ જાણે મારાં જ નાનીમા. પોતાની માએ બળી મરીને મોતને વહાલું કર્યું અને દીકરી લેખે પોતે એને મદદ ન કરી શક્યાં એનો વલોપાત છેવટ સુધી દઝાવતો રહેલો એની હું સાક્ષી."[૨૫]

આ ઉપરાંત હિમાંશીબહેનને પોતાના સામાજિક કામો દરમિયાન મળેલી સ્ત્રીઓ જેમાં પોતાની વેરવિખેર અને સંઘર્ષમય જિંદગી ટકાવી રાખવા મથતી, પછાત પ્રદેશમાં જીવનની સામાન્ય જરૂરિયાતો પૂરી કરવામાં ખતમ થઈ જતી કે વિશ્વાસઘાતની દારુણ પીડા સંતાડીને, ચહેરા રંગીને દેહવિક્રય કરતી સ્ત્રીઓ - રસકસ ખોઈ ચૂકેલી. બળેલી - ઝળેલી, અપેક્ષાઓના ભંગારનો બોજ વેંઢારીને થાકેલી અને તોયે સતત ઝઝૂમતી, લાત મારીને તગેડી મૂકવા જેવા નઘરોળ આદમીઓના બદમિજાજને સહન કરતી, પેટનાં જણ્યાંને કોળિયો ખવડાવવા જાત ઘસી નાખતી બહાદુર સ્ત્રીઓના હચમચાવી મૂકે તેવા - ક્ષુબ્ધ કરી દેતા અનુભવોને કારણે પણ નારી પ્રત્યેની તેમની સંવેદના પ્રબળ બની.

વળી, સ્ત્રીની વ્યક્તિ તરીકેની સ્થાપના નથી થતી બલ્કે સ્ત્રીઓની ઓળખ તેના શરીરથી અથવા તો તેમની બૌદ્ધિક પ્રતિભાને આધારે કરવામાં આવે છે ત્યારે સ્ત્રીને સહન કરવાનું આવે છે. આનું પરિણામ બળાત્કાર જેવી ઘટનાઓ હોય છે. એમ હિમાંશીબહેનનું માનવું છે. સાથે જ પોતાના શરીરને કારણે જ તેને અપમાન, પીડા સહન કરવી પડે છે જે પોતે તો દાઝે જ છે પણ સાથે સાથે એની આસપાસના પણ દાઝે છે. ત્યારે સ્ત્રીનો પોતાનો પોતાના શરીર પર પણ અધિકાર ન હોય ત્યારે તેને બળબળતી પીડા થાય છે. સ્ત્રીઓની આવી દઝાડનારી - બળબળતી પીડા હિમાંશીબહેનમાં નારીસંવેદના જગાવે છે. પોતાના ઘરની જ વાત કરતાં હિમાંશીબહેન જણાંવે છે કે, "મારા ઘરમાંયે બાના સ્થાન વિશે અને એને માથે આવી પડતા કામના બોજા વિશે હું દાદાજી સાથે દલીલમાં ઝંપલાવતી. સ્ત્રીનો વિચાર સ્વતંત્ર વ્યક્તિ લેખે થવો જોઈએ, કોઇની પત્ની, દીકરી, કે માતા, અથવા બહેન તરીકે નહીં એમ હું તારસ્વરે જાહેર કરતી."[૨૬]

સ્ત્રી પોતાના શરીર માત્રને કારણે પોતાના પર થતા અત્યાચાર, શોષણને કઈરીતે દૂર કરી શકે એ વિશે પોતાનો મત રજૂ કરતાં હિમાંશીબહેન જણાંવે છે કે, "સ્ત્રીના જીવનમાં પસંદગીને અવકાશ છે. પ્રથમ તો સંતોષકારક અને પાયાની સગવડો મળે એટલી કમાણી જરૂરી. રહેવા માટે એક ઘર. એકલાં જીવવાની તૈયારી. પુરુષના અહંકારને ચલાવી લેવાનું અને પોષવાનું નહીં બને, અને પોતાની પકડમાં ન આવે એવી સ્ત્રીને ચાહનારા પુરુષો બહુ ઓછા હોય. ટૂંકમાં જે કમઠાણ જોડે મેળ પાડવાનું કષ્ટદાયક બને, અથવા જે ઘણો સમય ગળી જાય એનાથી વેગળાં રહેવું તે જ ઉત્તમ. શરીરની કુદરતી માંગણીઓ બહુ હઠીલી ન હોયતો એને નજર અંદાજ કરી શકાશે. વળી શરીર અને જાતીયતા અંગે પૂર્ણ સ્વાયત્તતામાં માનનારી સ્ત્રી લગ્નની દિશા ન પકડે એ જ સારું. વીસ -

બાવીસની વયે બે - ચાર બેનપણીઓના લગ્ન થઈ ચૂકેલાં અને એમની સાથેની અંતરંગ વાતોમાં બાંધી મુઠ્ઠી ખૂલી ગઈ. પરણ્યાં એટલે જાણે આપણા દેહ પરનો આપણો અધિકાર ડૂબ્યો સમજવો. આપણી - એટલે કે સ્ત્રીઓની - ભૂમિકા સામાવાળાની 'જરૂરીયાત' સ્વીકારવા જેટલી."[૨૭]

સમાજ અને સ્ત્રીએ પોતે માતૃપદને અતિમહત્ત્વ આપી દેવાના કારણે સ્ત્રીને કેટલું સહન કરવું પડે છે એ વિશે વાત કરતાં તેઓ જણાંવે છે કે, "પ્રાચીનકાળથી અદ્યાપિપર્યંત માતૃપદને બહુ મહત્ત્વ આપી દેવા પાછળ એની સાથે સંકળાયેલી શારીરિક યાતના તો જવાબદાર નહીં હોય ને ! માતા હોવાનું ગૌરવ, એ વિના સ્ત્રીનો અવતાર અપૂર્ણ ઈત્યાદિ માન્યતાઓ જો નબળી પડી જાય તો હોંશે હોંશે એ દશા તરફ ધસવાનું કદાચ મુશ્કેલ પણ પડે. બાળકનો ભાર અને બાળજન્મની પીડા, એના ઉછેરની જવાબદારી, અને એમાં પડતો શ્રમ સ્ત્રીને બદલી નાખે છે. એને આ કામ કરતાં કરતાં ઘણાં સમાધાનો સ્વીકારવાં પડે, કેટલીયે બાદબાકી કરવી પડે. આટલું હસતે મોંએ સ્વીકારી લીધાં પછી એને શ્રેષ્ઠતા અને ગૌરવનું પ્રમાણપત્ર ન મળે એ કેમ ચાલે ? માતૃપદ પ્રાપ્ત ન થાય ત્યાં લગી સ્ત્રી અધૂરી છે એ ખ્યાલને સમાજે અને પરિવારે ઘૂંટીને એ હદે ઘેરો બનાવી દીધો કે ખુદ સ્ત્રીને પણ એ અપૂર્ણતા ખટકવા માંડે."[૨૮]

વળી, ઉગ્ર નારીવાદ ક્યારે પરિણમે એ વિશે પોતાનો મત રજૂ કરતાં તેઓ જણાંવે છે, "પરિવર્તનની સાથે જે જે પીડા સંકળાયેલી છે એને વેઠવાની અને જોગવવાની સ્ત્રીની નિયતિ છે. દર મહિને શરીરમાં થતા વિચિત્ર ફેરફારો, મધ્યવયે અનુભવાતી ઊથલપાથલ, બાળકને ગર્ભમાં રાખવાની અને જન્મ આપવાની પ્રક્રિયા એ બધાં શરીરની પરિવર્તન - પીડાનાં વિવિધ સ્તરો છે. એની સાથે રોમાંચ કે માંગલ્ય, સ્વપ્નાં કે ઝંખના, જે જોડવું હોય તે જોડી શકાય પણ કોઈક ક્ષણે એ નકરી પીડા બનીને જ રહીં છે. વેદનામાં પરિતપ્ત એવી સ્ત્રીને આ સાથે મનુષ્યસર્જિત ભેદભાવ, અન્યાય, શોષણ અને અત્યાચારની પીડા વેઠવાનું આવે ત્યારે એનું પરિણામ ઉગ્ર - આક્રમક નારીવાદ હોઈ શકે."[૨૯]

સ્ત્રી જ સ્ત્રીની સંવેદનાને ઉત્તમરીતે વાચા આપી શકે એવી નારીવાદી દલીલ વિશે સ્ત્રીસર્જકને નાતે તમારે કંઈ જુદું કહેવું છે ? એવા શરીફાબેન વીજળીવાળાએ તેમને પૂછેલા પ્રશ્નના જવાબમાં હિમાશીબહેન કહે છે, "ઉત્તમ સર્જક, સ્ત્રી અને પુરુષ બંનેની સંવેદનાને વાચા આપવામાં ઊણો ન ઊતરે એમ માનવું છે. સ્ત્રીસર્જક અને પુરુષસર્જક જેવા ભેદ સ્વીકાર્ય નથી. સર્જક ચેતના આવા ભેદની ઉપર જાય છે, એનું સામર્થ્ય એટલું હોય જ.

અપવાદમાં માત્ર એટલું કહીં શકું કે કેટલાક વિશેષ અનુભવોને તીવ્રતાથી પામવા માટે સ્ત્રી કે પુરુષ માનસ વધારે સહાયભૂત બને. જેમકે બળાત્કાર પછી સ્ત્રી અનુભવે છે તે અસહ્ય અપમાનનો ભાવ અથવા નવ મહિના ગર્ભમાં રાખ્યા પછી બાળક મોટું થઈ મા તરફ નિષ્ઠુર બને ત્યારે કેવળ મા જ અનુભવી શકે તેવી વિફલતાની લાગણી અથવા તો નપુંસક પુરુષની હતાશા અને લાચારી.

ફરી સ્પષ્ટ કરું કે આ તમામ લાગણી સ્ત્રી કે પુરુષ બંને પ્રકારના સર્જકો અનુભવી તો શકે જ, પણ એની તીવ્રતામાં સાવ પાતળી રેખા જેવો તો તેવો - પણ ભેદ તો રહેવાનો જ."[૩૦]

આવાં સ્ત્રી સ્વાતંત્ર્ય કે એવી તેવી પ્રચારાત્મક વાતોથી દૂર રહેલા હિમાશી શેલત નારી પ્રત્યે અતિ સંવેદનશીલ છે. તેમની ઘણીબધી વાર્તાઓના કેન્દ્રમાં નારીનું પોતીકું, આગવું સંવેદનાવિશ્વ આલેખાયું છે. તેઓ નારીના સૂક્ષ્માતિસૂક્ષ્મ પાસાંથી સભાન છે અને એટલે જ તેમની એકાધિક વાર્તાઓમાં નારીની પીડિત, શોષિત, બળબળતી છબી આલેખાઈ છે.

### ૧.૨.૯. પ્રાણીપ્રેમ

અભાવગ્રસ્ત બાળકોએ હિમાંશીબહેનને જેમ એક નવી દુનિયાનો પરિચય કરાવ્યો તેમ પ્રાણીઓએ પણ તેમને એક ઉલ્લસિત, મનોહર દુનિયાના દર્શન કરાવ્યાં છે. જ્યાં ક્યારેય એકપણ દિવસ નીરસ કે મંદ નથી, જ્યાં હંમેશા કાંઈક નીતનવું, ગમ્મતભર્યું અને ચેતનવંતું બનતું રહે છે. વળી, તેઓ જે મોકળાશ પ્રાણીઓ સાથેના સંબંધમાં અનુભવે છે તેવી મોકળાશ મનુષ્યજાતિમાં અનુભવાતી નથી. એટલે માનવકુળ કરતાં પ્રાણીકુળ સાથેનાં તેમનાં સંબંધો વધારે ઉષ્માપૂર્ણ અને સુમેળભર્યાં રહ્યાં છે. તેઓ માનતાં હતાં કે, મનુષ્યો ભલે નિકટનાં સ્વજન હોય છતાં ક્યારેક તો તે આંચકા અને આઘાત આપતાં જ હોય છે, જ્યારે પ્રાણીમિત્રો તેમનાં ધસમસતા અને વધઘટ વિનાના સ્નેહથી તરબોળ કરી દેતા હોય છે.તે વિશે જણાંવતા તેઓ કહે છે, "મારા કેટલાયે નિષ્પ્રાણ, બેરંગ, રસકસ વિનાના દિવસોને મારાં પ્રાણીમિત્રોએ નવજીવન આપ્યું છે. મારા વિસ્મય, રોમાંચ, મુગ્ધભાવ સંરક્ષીને, લાંબે ગાળે માણસમાત્રને સદી જતાં ટાઢાબોળ વહેવાર અને કઠોર ગણતરીમાંથી એમણે જ મને ઉગારી લીધી છે. અમારા નિર્હેતુક સખ્યથી આવું કશું બનશે એની તો ત્યારે ખબર નહોતી, કારણ કે આ મૈત્રીનો આરંભ થયો ત્યારે મારી વય માત્ર આઠ-નવની. એમની સાથે રમવું-

દોડવું, ગાવું - ગણગણવું ને વહાલે વરસવું બેરોકટોક, શબ્દ વિનાની આ મીઠી ગપસપ, સમયની ઉપેક્ષા કરીને ચાલી શક્તી આ મનભાવન ગમ્મત, આ દિલેરીને ન્યોછાવરી અન્ય સંબંધમાં ક્યાં ?

પ્રાણીઓના અઢળક પ્રેમે અને ઉમદા ગુણોએ મને અવાક્ બનાવી છે. સાવ અંગત અને શબ્દમાં ગોઠવીને ભાગ્યે જ કોઈને બતાવી શકાય એવી આપણી સૂક્ષ્મતમ પીડાઓને, ઘરમાં છવાયેલા અવસાદના વાતાવરણ કે ખાલીપાને, માનવસંબંધમાં આવી ગયેલા તનાવ કે ઘર્ષણને પ્રાણીઓ માની ન શકાય એ રીતે હળવાં બનાવી દે છે."[૩૧]

હિમાંશીબહેનનો સંબંધ મનુષ્યો કરતાં પ્રાણીઓ સાથે વધુ રહ્યો છે, વળી પ્રાણીઓ પ્રત્યે તેઓ એટલા પક્ષપાતી રહ્યાં છે કે, ક્યારેક માનવપાત્રો વગર ચલાવાશે પણ પ્રાણીમિત્રો વગર નહિ ચાલે તેવું માનતાં. તેઓ પૃથ્વી પર વસતા સમગ્ર જીવસૃષ્ટિ પ્રત્યે વિશુદ્ધ લગાવ અને બેહદ આકર્ષણ અનુભવે છે. પોતાની સામે કોઇ પ્રાણી કે પક્ષી, સરીસૃપ કે જળચરને માણસના દુર્વ્યવહારનો ભોગ બનતા જુએ ત્યારે તેઓ કકળી ઊઠે છે. તેમને મન સમગ્ર જીવસૃષ્ટિ આપણી મિત્ર છે, તેથી તેઓ કૂતરાં-બિલાડાં, પંખીઓ કે ખિસકોલીઓ તો ખરાં જ, પણ ઊંટ - હાથી, ગાય - ઘોડાની સાથે સાથે સાપ અને ઘો જેવા સરીસૃપોની સુખાકારી અને સલામતી અંગે પણ ચિંતિત રહે છે. ક્યારેક કોઈ ધંધાદારી માણસો દ્વારા ડુક્કરની ઓળખ માટે તેનાં પૂંછડી કે કાન કાપવાની ક્રિયા વખતે ડુક્કરની હૃદયવિદારક ચીસો તેમને હચમચાવી મૂકતી. તો સરકસમાં મરવાના વાંકે જીવી રહેલા સિંહ કે હાથીની મુક્તિ માટે લડતા બહાદુર લોકો માટે તેમને પારાવાર આદર થાય છે.

હિમાંશીબહેને પોતાના ઘરે સોનુ, લિયોનાર્દો, લાલિયો, ધાબાળો, રડિયો જેવા કુતરાઓને તો, મેબલ, રાશેલ, થિયોડોર જેવી સિયામીઝ બિલાડીઓ તથા બહુરત્ના, શ્યામા, રંગીલી, છબીલી, ચકોર, ચતુર, સુંદર, રસીલી, બોબી અને કાલિ જેવી અન્ય બિલાડીઓને પણ માનવપુત્રોની જેમ પ્રેમથી આશરો આપ્યો છે. આ બધા પ્રાણીમિત્રોએ પોતાના હૃદયમાં કેવીરીતે જગ્યા બનાવી તે વિશે જણાંવતા હિમાંશીબહેન લખે છે, "ઋણાનુબંધે જે પ્રાણીઓ પાસે આવ્યાં છે એને સારુ બારણાં ખુલ્લાં રાખ્યાં છે. બિલાડીને રમાડતાં વાઘને પંપાળ્યાનો આનંદ લીધો છે અને લિયો - મારા મહાકાય આલ્સેશિયન દોસ્ત - સાથે ધીંગામસ્તી કરતાં વરુની જોડે મૈત્રી બાંધવાની હોંશ કંઈક અંશે પૂરી કરી છે.

મારા તરંગ વિશ્વમાં હું જાતને અનેક પ્રાણીઓથી વીંટળાયેલી જોઉં છું. એમાં કોઈનો પ્રવેશ-નિષેધ નથી. મારા ઘરને ગલૂડિયાં, બિલાડીનાં બચ્ચાં, ક્યારેક કોઈ ઘાયલ પંખી કે બકરીના બચ્ચાં,

કાચબા યા સસલાંએ લાંબા યા ટૂંકાગાળા માટે આશ્રયસ્થાન બનાવ્યું છે. હું મનુષ્યજાતિની છું એટલા જ કારણથી જ્યારે કોઈ જીવ મારાથી સંકોચાઈને, ડરીડરીને, દૂર ભાગે ત્યારે ખિન્ન થઈ જાઉં છું. ભીતર એક આજીજી-આગ્રહભર્યો અવાજ સંભળાય : બીશ નહિ મારાથી; તને કનડે એવું અહીં કોઈ નથી...મને તો બહુ ગમે તારા મિત્ર થવું..."[૩૨]

આમ, જેમણે પૂર્ણપણે પ્રગટવાનો અવસર આપ્યો છે, પ્રેમ આપવાની અને મેળવવાની રીત જેમણે શીખવી છે, જેમણે તેમના વ્યક્તિત્ત્વની ઓળખ આપી છે તેવાં પ્રાણીબંધુઓના સહવાસમાં હિમાંશીબહેન પોતાનું જીવન અકબંધ હોવાનું અનુભવે છે.

હિમાંશીશેલતના વ્યક્તિત્ત્વ વિશે વિગતે અભ્યાસ કર્યા પછી હવે તેમણે રચેલા સાહિત્યનો ટૂંકમાં પરિચય મેળવવાનો અહીં મારો પ્રયાસ રહેશે.

## ૧.૩. હિમાંશી શેલતનું વાઙ્મયઃ

પોતે સ્વીકારેલાં નિશ્ચિત જીવનમૂલ્યોને આધારે જીવન જીવનારાં હિમાંશી શેલત પોતાના સાહિત્યસર્જનમાં સમાજવાસ્તવના અનેકવિધ સંવેદનશીલ પ્રદેશોને સ્પર્શતા રહ્યાં છે. હિમાંશી શેલત મૂળ વાર્તાલેખનના કસબી હોવાછતાં સાહિત્યના અનેક સ્વરૂપોમાં તેમની કલમ વિહરે છે. તેમણે ટૂંકીવાર્તા ઉપરાંત લઘુનવલ, નવલકથા, સ્મરણકથા, નિબંધ, હાસ્યવ્યંગ્ય, બાળસાહિત્ય, સંપાદન, વિવેચન, અનુવાદ જેવા સાહિત્યના મોટાભાગના સ્વરૂપોમાં ભાવકોને વિહાર કરાવ્યો છે. હિમાંશી શેલતના સાહિત્યસર્જને ઈયત્તા અને ગુણવત્તા ઉભય દષ્ટિએ ગુજરાતી ભાષા અને સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. તેઓ આપણી આસપાસના પરિવેશમાં આકાર લેતી ઘટનાઓના પ્રત્યક્ષ અનુભવ જગતને કામે લગાડી સાહિત્યનું સર્જન કરતા રહ્યાં છે. સાહિત્યસર્જન ક્ષેત્રે તેમણે કરેલું પ્રદાન આ પ્રમાણે છેઃ

### ૧.૩.૧. વાર્તાસંગ્રહોઃ

૧. અન્તરાલ (૧૯૮૭)

૨. અંધારી ગલીમાં સફેદ ટપકાં (૧૯૯૨)

૩. એ લોકો (૧૯૯૭)

૪. સાંજનો સમય (૨૦૦૨)

૫. પંચવાયકા (૨૦૦૨)

૬. ખાંડણિયામાં માથું (૨૦૦૪)

૭. ગર્ભગાથા (૨૦૦૯)

૮. ઘટના પછી (૨૦૧૧)

૯. એમનાં જીવન (૨૦૧૫)

૧૦. ધારો કે આ વાર્તા નથી - (૨૦૧૮)

**૧.૩.૨. નવલકથા / લઘુનવલ :**

૧. આઠમો રંગ (૨૦૦૧)

૨. ક્યારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં (૨૦૦૬)

૩. સપ્તધારા (૨૦૧૨)

**૧.૩.૩. સ્મરણકથા / નિબંધ/ હાસ્યવ્યંગ્ય અને બાળસાહિત્ય:**

- **સ્મરણકથા / નિબંધ/ હાસ્યવ્યંગ્ય:**

૧. પ્લેટફોર્મ નંબર ચાર (૧૯૯૮)

૨. વિકટર (૧૯૯૯)

૩. મુક્તિ-વૃત્તાંત (૨૦૧૬)

૪. એકડાની ચકલીઓ (૨૦૦૪)

૫. ડાબે હાથે (૨૦૧૨)

- **બાળસાહિત્ય:**

૧. ગણપતની નોંધપોથી (૨૦૦૭)

૨. આનંદે ભજવીએ (૨૦૦૭)

૩. સોનું અને માઓ (૨૦૦૭)

૪. રમતાં - ભમતાં ભાગ: ૧-૨(૨૦૦૭)

**૧.૩.૪. સંપાદન, વિવેચન અને અનુવાદ**

- **સંપાદન**

૧. સ્વામી અને સાંઈ (૧૯૯૩)

૨. પ્રતિરૂપ (૧૯૯૫)

૩. અડધા આકાશનો રંગ (૨૦૦૫)

૪. પહેલો  અક્ષર (૨૦૦૫)

૫. નવલિકા ચયન :૨૦૦૭ (૨૦૦૮)

૬. ૨૦૦૨ની શ્રેષ્ઠ વાર્તાઓ (૨૦૦૩)

૭. અંતર-છબિ (૧૯૯૮)

૮. લિ. હું આવું છું - ભાગઃ ૧-૨ (૨૦૦૩)

૯. નાયિકા પ્રવેશ (૨૦૦૪)

૧૦. મધદરિયે મહેફિલ (૨૦૧૧)

- **વિવેચન**

૧. પરાવાસ્તવવાદ (૧૯૮૭)

૨. ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના (૨૦૦૦)

૩. સલામત બાળપણની શોધમાં ( અભ્યાસ પુસ્તિકા)(૨૦૧૦)

- **અનુવાદ**

૧. દ્રુત  વિલંબિત (૨૦૦૩)

૨. નોખા મિજાજનો અનોખો ચિત્રકાર (૨૦૦૪)

૩. ગરીબ, પણ છૈયે કેટલાં બધાં! (૨૦૦૭)

હિમાંશી શેલતે સર્જેલ ઉપરોકત વાર્તાસંગ્રહો, નવલકથા - લઘુનવલ, સ્મરણકથા, નિબંધ, હાસ્યવ્યંગ, બાળસાહિત્ય, સંપાદન, વિવેચન તેમજ અનુવાદ વિશે અહીં ટૂંકમાં પરિચય આપવાનો મારો નમ્ર પ્રયાસ છે.

### ૧.૩.૧. વાર્તાસંગ્રહો

પ્રત્યક્ષરીતે જોયેલા - અનુભવેલા સામાજિક વાસ્તવને કળાના વાસ્તવમાં રૂપાંતરિત કરતાં હિમાંશી શેલતની વાર્તાઓમાં પ્રતિબદ્ધતા અને કલાત્મક્તાનું વિરલ મિશ્રણ જોવા મળે છે.તેમની વાર્તાઓ વિષય, અભિવ્યક્તિ અને વાર્તાકળા ગુણની દષ્ટિએ પણ વિશિષ્ટ છે. જેના વિશે અહીં ટૂંકમાં પરિચય મેળવીએ.

**'અંતરાલ'** એ હિમાંશી શેલતનો ૧૯૮૭માં પ્રગટ થયેલો પ્રથમ વાર્તાસંગ્રહ છે. આ વાર્તાસંગ્રહમાં કુલ ૧૯ વાર્તાઓ છે. જેમાં 'નરોત્તમલાલનું ધર્મયુદ્ધ' જેવી મિશ્ર કથનકેન્દ્રથી પ્રયોજાયેલ વાર્તાને બાદ કરતા બાકીની બધીજ વાર્તાઓ સર્વજ્ઞ કથનકેન્દ્રથી પ્રયોજાઈ છે. આ વાર્તાસંગ્રહની બધીજ વાર્તાઓમાં લેખિકાએ પ્રત્યક્ષપણે તીવ્રતાથી અનુભવેલ નિર્ભાન્તિનો વિષાદ

અને જીવનનાં વૈચિત્ર્ય અને વૈષમ્યનું ચિત્ર ઉપસતું જોવા મળે છે. અહીં આધુનિક મનુષ્યની વિચ્છિન્નતા, વિષાદ, નિઃસહાયતા, હતાશા, પરાયાપણું અને ખાલીપો જેવી વિવિધ અવસ્થાઓનું ચિત્ર પ્રગટે છે. આ સંવેદના સભર વાર્તાઓ નાની નાની ઘટનાઓના કે ઝીણા ઝીણા પ્રસંગોમાંથી જાગતા સૂક્ષ્મ પ્રત્યાઘાતોના આલેખનને તાકે છે. અહીં 'ઈતરા', 'એકાંત', 'દાહ', 'અકબંધ', 'અવલંબન', 'એ હોયતો - ' અને 'અન્તરાલ'જેવી ઉલ્લેખનીય વાર્તાઓ છે જે આ વાર્તાસંગ્રહને મુઠ્ઠી ઊંચેરો બનાવે છે.

કેન્દ્રીય સાહિત્ય અકાદમી, દિલ્લી દ્વારા પુરસ્કૃત **'અંધારી ગલીમાં સફેદ ટપકાં'** એ ૧૯૯૨માં પ્રગટ થયેલ હિમાંશી શેલતનો બીજો વાર્તાસંગ્રહ છે. જેમાં કુલ ૨૩ વાર્તાઓમાંથી ૧૧ જેટલી વાર્તાઓમાં નારીજીવનની સમસ્યાઓ અને સંવેદનો ચિત્રિત થયાં છે. નારીજીવનની સંવેદનાઓની સાથે સાથે અહીં લેખિકાએ સમગ્ર માનવજીવનની સંવેદનાઓનું સૂક્ષ્માતિસૂક્ષ્મ નિરૂપણ કર્યું છે. જેમાં જીવાતા જીવનનાં વિવિધ સંવેદનોનું નિરૂપણ થયું છે.'બળતરાનાં બીજ', 'જવનિકા', 'કાલસુધી તો - ', 'છત્રીસમેં વર્ષે ઘટનાની પ્રતિક્ષા', 'મનસુખ', 'સુવર્ણફળ'જેવી કલાત્મક વાર્તાઓમાં પ્રયોજાયેલ ભાષાની નજાકતભરી ભાત ઉપસાવતાં કલ્પનો, અલંકારો, પ્રતીકો અને કુમાશભર્યા સંવેદનોનાં નાના-નાના શિલ્પોનો અનુભવ કરાવતી ગદ્ય સૌંદર્યની પ્રતીતિને કારણે આ વાર્તાસંગ્રહ સાંપ્રત વાર્તાસાહિત્યનો વિશિષ્ટ સંગ્રહ બન્યો છે.

૧૯૯૭માં પ્રકાશિત થયેલ **'એ લોકો'** વાર્તાસંગ્રહમાં હિમાંશી શેલત પોતાની આસપાસના લોકોમાં અનુભવેલ લાચારી, હતાશા, સંઘર્ષ અને કંગાલિયતનાં કુરૂપ, ભયાવહ વાતાવરણમાં જીવતાં લોકોનાં દુઃખો - વેદનાને નજીકથી જોયેલ - અનુભવેલ વિવશતાની ચીસથી ક્ષુબ્ધ બનેલ લાગણીને આક્રોશ રૂપે કળાના ધોરણે આલેખે છે. અહીં બળાત્કાર, ખૂન, મારપીઠ, હુલ્લડ, વેશ્યાજીવન જેવાં સાંપ્રતકાળનાં અનિષ્ઠોનો ભોગ બનતી નિર્દોષ પ્રજાની લાચારીનું નિર્મમ આલેખન જોવા મળે છે. આ સંગ્રહની કુલ-૨૧ વાર્તાઓમાં વિશેષરૂપે 'બારણું', 'કોઈ બીજો માણસ', 'લાલપાણી', 'નશો', 'નિકાલ', 'શાપ', 'ખરીદી' અને 'કિંમત'જેવી વાર્તાઓ વિવિધ પ્રકારની રચનારીતિના બળે આસ્વાદ્ય બની છે.

**'સાંજનો સમય'** (૨૦૦૨) એ હિમાંશી શેલતનો તેમને પોતાને કંઈક વધારે ગમતો વાર્તાસંગ્રહ છે. જેમાં કુલ-૧૯ વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે. જેમાંની મોટાભાગની વાર્તાઓમાં પીડિત, શોષિત નારીની છબી અંકિત થઈ છે. સાંપ્રત ઘટનાઓને આલેખતા આ વાર્તાસંગ્રહમાં હિમાંશી

શેલતે 'મોત', 'મુઠ્ઠીમાં', 'ચાલી નીકળવું', 'આક્રમણ', 'તટસ્થ', 'સામેવાળી સ્ત્રી', 'પ્રેમપત્રો', 'ઘર, પડેલાંને ઊભેલાં','કોઈ એક દિવસ' અને 'સાંજનો સમય' જેવી ઉત્તમ વાર્તાઓ આપી છે. વાસ્તવજીવનને આધાર બનાવી રચાયેલ અને ચુસ્ત માળખુ ધરાવતી આ વાર્તાઓમાં વેશ્યાજીવન, પોતાના નઠારા ધણીની મર્દાનગીના અહમને મુઠ્ઠીમાં સાચવતી ઝૂંપડપટ્ટીમાં રહેતી સ્ત્રી, બળાત્કાર જેવી ઘટના સ્ત્રીઓ માટે અસહ્ય હોય છે, જ્યારે પુરુષો તેવા દશ્યોને રસપૂર્વક માણી શકે છે, સ્ત્રી હોય કે પુરુષ પોતાના ચહેરા ઉપર મુખોટો પહેરીને મનમાં કેટકેટલું વેંઢારી શકે છે, ભૂકંપની ભયાવહતા, મા-દીકરીના અંતરંગ સંબંધ તથા માની એકલતા અને અવમાનની પીડાને હળવી કરવા મથતી દીકરી જેવા વિષય વૈવિધ્ય ધરાવતી વાર્તાઓનો અહીં સમાવેશ થયો છે.

૨૦૦૨માં પ્રકાશિત થયેલ **'પંચવાયકા'**એ હિમાંશી શેલતની ધર્મ અને અંધશ્રદ્ધાના વિષય પર રચાયેલ વાસ્તવ અને તરંગના મિશ્રણવાળી પાંચ વાર્તાઓનો સંગ્રહ છે. આસપાસના સમાજવાસ્તવથી વ્યથિત હિમાંશી શેલત 'વાયકા'ના સ્વરૂપમાં આ પાંચ વાસ્તવકથાઓ આપે છે. જેમાં ધર્મક્ષેત્રે 'કનકા-લતિકા' નામની પ્રથમ વાર્તામાં પુરુષો દ્વારા સ્ત્રીઓના થતા શોષણની વાત કરવામાં આવી છે. જ્યારે 'હરિકિંકરજી', 'રક્તસર' અને 'શાંતિમંત્ર' કથાઓમાં વર્ણવેલ કથાકીર્તન, પૂજાપાઠ, આધ્યાત્મિક શિબિર વગેરેને નામે સમાજમાં ફેલાયેલ ધતિંગો પર વેધક કટાક્ષ કરવામાં આવ્યો છે. સાથોસાથ અંધશ્રદ્ધા, જડતા, દંભ અને ભ્રષ્ટાચાર જેવા સામાજિક દૂષણો તરફ પ્રજાનું ધ્યાન દોરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**'ખાંડણિયામાં માથું'(૨૦૦૪)** મનુષ્યનાં ને સમાજનાં અંધારિયા પ્રદેશમાં જ્યાં લાગણી નામ શેષ થયેલી છે તેની વરવી વાતોને ઉજાગર કરતો કુલ-૧૯ વાર્તાઓ ધરાવતો વાર્તાસંગ્રહ છે. અહીં તીવ્ર અનુભૂતિની ક્ષણો, ક્ષુબ્ધ કરનારી સાંપ્રત ઘટનાઓ જેમાં સમાજના વિવિધ ક્ષેત્રોમાં ચાલતી વિભીષિકાઓ, શોષણ, અન્યાય, અત્યાચાર, જડવત્ થયેલા માનવસંબંધો, સત્તાધારીઓ, પત્રકારો અને કહેવાતા ભદ્રવર્ગનું દંભી અને સ્વાર્થી આચરણ તેમજ કોમી હુલ્લડોને કેન્દ્રસ્થ કરતી વાર્તાઓ આલેખાઈ છે. આ વાર્તાસંગ્રહમાં 'આજે રાતે-','વામન','વળતી મુસાફરી', 'સજા', 'સાતમો મહિનો', 'વહેમ', 'રેશમી રજાઈમાં બાકોરું', 'એકાવનમો એપિસોડ', 'વિચ્છેદની ક્ષણ', 'ખાંડણિયામાં માથું' જેવી નોંધપાત્ર વાર્તાઓ સાંપડે છે.

**'ગર્ભગાથા'**એ ૨૦૦૯માં પ્રકાશિત થયેલ માતૃત્ત્વના અનેકવિધ કલાપોને આવિષ્કૃત કરતો સાત વાર્તાઓનો સંગ્રહ છે. જેમાં એકબાજું માતૃત્ત્વનો રોમાંચ, ઉમંગ અને આશાઓ છે તો

બીજીબાજું શારીરિક પીડા અને આવનારી જવાબદારીઓનો ભય પણ આલેખાયો છે. સ્ત્રીની સગર્ભાવસ્થા સાથે સંકળાયેલી અસહ્ય વેદનાને લેખિકાએ ખૂબ નજીકથી અનુભવી છે અને તેથી જ, સમાજવાસ્તવના અનેકવિધ સંવેદનશીલ પ્રદેશોને સ્પર્શતા લેખિકાએ આ સંગ્રહમાં નારીજીવન સાથે અનિવાર્યપણે જોડાયેલ વિશિષ્ટ પીડાની વાતને જુદીરીતે વાર્તારૂપ આપ્યું છે. અહીં એકાદ વાર્તાને બાદ કરતા બાકીની રચનાઓ સુબદ્ધ બની છે. 'ગર્ભગાથા' વાર્તા સ્ત્રીભૂણ હત્યાને કેન્દ્રમાં રાખીને લખાઈ છે, જેમાં ગર્ભમાં રહેલી દીકરી માને એની આગળની પેઢીની સ્ત્રીઓની વેદનાઓની વાત માંડીને કહે છે.

**'ઘટના પછી'**(૨૦૧૧)માં અત્યંત સંવેદનશીલ વ્યક્તિત્ત્વ ધરાવતા હિમાંશી શેલતે પોતે જોયેલી, અનુભવેલી ક્ષુબ્ધતાપ્રેરક ઘટનાઓ પછી સર્જાયેલાં વમળોથી ઉત્પન્ન થયેલાં પ્રબળ સંવેદનોના મૂળવાળી કુલ-૧૪ વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે. જેમાં 'ત્રીજું કોણ', 'સ્મૃતિલોપ', 'સાતમા આસમાનની ભોંય', 'સમજ', 'બે પૂર્ણવિરામ વચ્ચે', 'જીર્ણોદ્ધાર', 'ઘટના પછી', 'સાથે કોઈ છે?', 'સુવર્ણપત્ર', 'વારસો' અને 'શોધ' જેવી નોંધપાત્ર વાર્તાઓનો સમાવેશ થાય છે.

આ બધી જ વાર્તાઓમાં ઘટના ઘટી ગયા પછી બાહ્ય કે આંતરજગતમાં પ્રબળપણે અનુભવાતી સંવેદનક્ષણોનું કલામયરૂપ આલેખાયું છે. જેમાં, કોમી વૈમનસ્ય, ટી.વી.- સિનેમા જગતનું અવાસ્તવ અને વાસ્તવ જગતની સહોપસ્થિતિ, પુરુષો દ્વારા નિકટનો સંબંધ ધરાવતી સ્ત્રીઓની કરાતી નિર્દોષ દેખાતી છેડછાડ, જીવિત વ્યક્તિઓ દ્વારા મૃત વ્યક્તિનું થતું અવમૂલ્યન, માનવીની દંભી વૃત્તિ, સ્વજનોની કૃત્રિમ લાગણી, સ્ત્રીની એકલતાના દુઃખમાં સમાજ દ્વારા કરાતો વધારો, ઘોડાપૂરની હોનારતની ઘટના, ભ્રષ્ટાચાર સામે લડીને ખપી જનાર પુત્રના કાર્યને પિતા દ્વારા અપાતો વારસો તેમજ પુરુષપ્રધાન સમાજ રચના જેવા વૈવિધ્યપૂર્ણ વિષયો આલેખાયા છે.

૨૦૧૫માં પ્રકાશિત થયેલ **'એમનાં જીવન'** એ હિમાંશી શેલતનો નવમો વાર્તાસંગ્રહ છે. જે 'ઘટના પછી' વાર્તાસંગ્રહ પ્રગટ થયા બાદ લખાયેલી વાર્તાઓમાંથી પસંદ કરેલી પંદરેક વાર્તાઓ લઈને આવે છે. આરંભની જેમ અહીં પણ વાર્તાકાર દરેક વાર્તા ઉત્તમ રીતે - કળાના ધોરણે પ્રગટ થાય અને કાચી સામગ્રીનું વાર્તાકૃતિમાં રૂપાંતર થાય તેની મથામણ કરતા જોવા મળે છે. આ સંગ્રહમાં વાર્તાકારે 'સ્ત્રીઓ', 'સરજત', 'જાકારો', 'વહેમ', 'એમનાં જીવન', 'મંગલા ચરણ' અને 'સંભાવના'જેવી ઉત્તમ વાર્તાઓ આપી છે. વાર્તાને આરંભે એકબીજાને ધિક્કારતી, દૂરભાગતી બે સ્ત્રીઓ વાર્તાને અંતે એકબીજા પ્રત્યે આત્મીયભાવ વ્યક્ત કરે છે, તેવી નારીહૃદયની ભાવશબલ

અવસ્થાનું સુંદરચિત્ર 'સ્ત્રીઓ' વાર્તામાં વ્યક્ત થયું છે. તો, નિઃસંતાન વિધવા સ્ત્રીનો વાત્સલ્યભાવ તક મળતાં જાગી ઊઠે છે, એ વાત્સલ્યભાવને પ્રમાણભાન જાળવીને 'સરજત' વાર્તામાં સુંદર રીતે ઉપસાવાયો છે.

૨૦૧૮માં પ્રકાશિત **'ધારો કે આ વાર્તા નથી -'**એ હિમાંશી શેલતનો દસમો વાર્તાસંગ્રહ છે. ૯૮ પાનામાં અહીં કુલ-૧૩ વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે. આ સંગ્રહની મોટાભાગની વાર્તાઓમાં સાંપ્રત - રાજકીય અને સામાજિક ઘટનાઓ આલેખાઈ છે. 'ધારો કે આ વાર્તા નથી - 'માં સાહિત્યકારોની થતી હત્યા, 'નગર-ઢિંઢોરા'માં 'ઓનર કિલિંગ' જેવી સમસ્યા, 'કમ્પાસ-બોક્સમાં પડેલી પાંખો'માં રોજે રોજ થતી બળાત્કારની ઘટના, 'પંદર જુલાઈ, બે હજાર સત્તર'માં ટોળાએ વગર કારણે પિતાને રહેંસી નાખ્યો તેની પીડા અનુભવતી દીકરીની વાત, અને 'ધુમ્મસિયા સવારનો સૂરજ'માં સત્યને ગૂંગળાવવા માટે વધારાતી ભીંસ જેવી ઘટના-વિષયો આલેખાયા છે. આ ઉપરાંત વાર્તાસંગ્રહમાં 'રાખાલબાબુનું મોત', 'એબેન્ડન્ડ', 'ખોકાનું સપનું', 'તિલસ્માતી', 'અપૂજ', 'ગુમશુદા', 'ગોમતીસ્તોત્ર' અને 'કિરાત ભારથી કૃત 'પ્રશ્નાર્થ' વિશે' જેવી મહત્વની વાર્તાઓ સંગ્રહાઈ છે.

### **૧.૩.૨. નવલકથા / લઘુનવલ :**

૨૦૦૧માં આત્મકથનાત્મક શૈલીએ લખાયેલ અમૃતા શેરગીલના જીવન પર આધારિત **'આઠમો રંગ'** એ હિમાંશી શેલતની પ્રથમ નવલકથા છે. અહીં કેવળ ૨૯ વર્ષની નાની વયે જ મૃત્યુ પામનાર-ઉત્તમ ચિત્રો દોરીને ભારતની ચિત્રકળાના અગ્રેસર તરીકે અમર થઈ જનાર અમૃતાના પાત્રની ભીતર જવાની મથામણ લેખિકા કરે છે. આ નવલકથા કુલ - ૧૬૩ પૃષ્ઠોમાં લખાયેલ અને નાનાં નાનાં આઠ પ્રકરણોમાં વહેંચાયેલ છે. જેમાં અમૃતા શેરગિલના જીવનમાં બનેલી મહત્વની ઘટનાઓ તેમજ તેના વ્યક્તિત્ત્વની સુરેખ રેખાઓ  અંકાઈ છે. અહીં  લેખિકાએ નાયિકાના મનમાં ચાલતા આંતરિક સંચલનોને આબાદ રીતે ઝડપ્યાં છે.અહીં  ચિત્રકળાની દુનિયાના વિચિત્ર અનુભવો, જાતીય સ્ખલનોમાં એની અંગત સંવેદનાઓ, પુરુષો તરફનું નાયિકાનું ખેંચાણ, માનવસંબંધો અને આંતરિક અનિવાર્યતા વગેરે અંગેના નાયિકાનાં ખ્યાલો સૂક્ષ્મતાથી આલેખાયા છે. સાથોસાથ ચિત્રકળાક્ષેત્રે વિવેચકો તરફથી થતો સ્ત્રી-પુરુષ વચ્ચેનો ભેદભાવ, ગર્ભપાત કરાવ્યા પછીની માતૃત્ત્વની  સંવેદનાઓ, મૃત્યુ વિષયક ખ્યાલો - આ બધી લાગણીઓને કલાઘાટ આપવામાં ભાષા પાસેથી લેખિકાએ ઉત્કૃષ્ઠ કામ લીધું છે.

પ્રયોગાત્મક શૈલીએ લખાયેલ અને ૨૦૦૬માં પ્રકાશિત થયેલ હિમાંશી શેલતની **'ક્યારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં'** નામની લઘુનવલમાં બે કથાઓ 'ક્યારીમાં આકાશપુષ્પ' અને 'કાળાં પતંગિયાં' એ બંને એક જ પુસ્તકમાં સમાવિષ્ટ થયેલી છે. 'ક્યારીમાં આકાશપુષ્પ' કુલ - ૮૯ પૃષ્ઠોમાં લખાયેલી લગ્નેતર સંબંધોની કથા છે. જે મુખ્યત્ત્વે ચાર પાત્રોની આસપાસ ફરતી રહે છે.જે પાત્રોમાં આ કથાની નાયિકા વિધવા માલવિકા, પુત્ર પ્રણવ, પુત્રવધૂ કિન્નરી તેનો પુત્ર નીલ અને પ્રણવની પ્રેમિકા સંગીતાનો સમાવેશ થાય છે. 'કાળાં પતંગિયાં'કુલ- ૬૦ પૃષ્ઠોમાં લખાયેલી કથા છે. જેમાં સમાજ જેના પ્રત્યે ધિક્કાર, તિરસ્કાર કે ધૃણાની નજરે જુએ છે એવા દેહ વિક્રયના વ્યવસાયનું પારિવારિક વાતાવરણ અને એની પશ્ચાદ્‌ભૂ ધરાવતી એક સ્ત્રીની મનોસ્થિતિ આલેખવાનો લેખિકાએ પ્રયાસ કર્યો છે.

**'સપ્તધારા'** એ આઘાતથી મૂઢ બનેલાં બાળકોની અકથ્ય વેદના - સંવેદનાઓને અનેકબિંદુએ સ્પર્શતી સમસ્યાપ્રધાન નવલકથા છે. અહીં ભોળી આંખોએ દીઠેલાં બળતા ઘર, ઊછળતી તલવારો, સામૂહિક બળાત્કારો, ટોળાંના બેફામ અત્યાચારોનું ભયાવહ વાતાવરણ બાળકોના કૂણાં ચિત્ત પર કેવો આતંક મચાવી શકે તેનો સુરેખ પરિચય લેખિકાએ આપ્યો છે. આ નવલકથામાં સાત આઘાત પીડિત બાળકોની સામાજિક - આર્થિક -પારિવારિક પરિસ્થિતિ અને તેમણે વેઠવા પડેલાં આઘાતો પાછળ રહેલાં ભિન્ન-ભિન્ન કારણો સવિગત નિરૂપાયાં છે, તો સાથેસાથે સુચેતાના પાત્ર દ્વારા આ બાળકોને યાતનાપીડિત પરિસ્થિતિમાંથી બહાર લાવવા માટેની યુક્તિ - પ્રયુક્તિઓ, યોજનાઓ અને પ્રવૃત્તિઓના તાણાંવાણાં સુપેરે ગૂંથાયેલાં છે.

### ૧.૩.૩.સ્મરણકથા / નિબંધ/ હાસ્યવ્યંગ્ય અને બાળસાહિત્યઃ

- **સ્મરણકથા / નિબંધ/ હાસ્યવ્યંગ્ય**

**'પ્લેટફોર્મ નંબર ચાર'**એ ૧૯૯૮માં લખાયેલ તકવિહોણાં અને અભાવગ્રસ્ત બાળકો માટે સુરત શહેરના રેલ્વે પ્લેટફોર્મ પર કરેલ સામાન્ય જ્ઞાનલક્ષી અને આનંદલક્ષી પ્રવૃત્તિઓ દરમિયાન લેખિકાને થયેલ અનુભવોની સ્મૃતિકથા છે. અહીં લેખિકાએ બાળકો સાથેના પોતાના શિક્ષણ સ્મરણોનું રોચક અને ચિંતનશીલ ઢબે કરેલું આલેખન છે. આ પુસ્તકમાં લેખિકાએ રેલ્વે પ્લેટફોર્મ પર આપ કમાઈથી ઊછરતાં અને ત્યાં જ નહાતાં, સૂતાં, બૂટ પોલિશ કરતાં, કાગળ વીણતાં, ટ્રેનમાં ગીતો ગાતાં, ગાળો બોલતાં, ચોરી કરતાં એવા શિસ્તથી વિમુખ બેઈમાની, જક્કી, બદમાશી કરતાં અને જે પોતાનું બાળપણ રેલ્વેના પ્લેટફોર્મ પર વિતાવી રહ્યાં છે એવાં બાળકોને ચાર નંબરના

પ્લેટફોર્મ પર ભેગા કરી સ્વચ્છતાના પાઠ ભણાવવા, ગીતો ગવડાવવા, નાસ્તો કરાવવો, ભણતરનું મહત્ત્વ સમજાવવું જેવા ખૂબજ મહેનત માંગી લે તેવા પ્રેમથી કરેલા કામો ને પોતાની રોચક શૈલીએ આલેખ્યા છે.

**'વિકટર'** (૧૯૯૯)માં હિમાંશી શેલત પોતે પાળેલાં કુતરાં-બિલાડીની વાત આલેખે છે. આ પ્રાણી રત્નોમાં વિકટરની સાથેસાથે મેબલ, લાલિયો, શ્યામલ અને પારકોની પ્રેમાભિવ્યક્તિ પશુપ્રેમી ન હોય એવા વાચકોને પણ ચોક્કસ સ્પર્શી જાય એવી સચોટ વર્ણનશૈલીમાં રજૂ થઇ છે. પ્રાણીઓ પણ જીભથી ચાટીને, પૂંછડી પટપટાવીને, પગના થનગનાટ વડે, વહાલની આછી ઘુરઘુરાટી દ્વારા માપ્યા યા તોલ્યા વિના અવિરત, આખેઆખાં વ્યક્ત થઈ શકે છે કે ભરપૂર સ્નેહ ઠાલવી શકે છે. તો વળી, પ્રેમાળ વાણી જે મનુષ્ય પાસેથી નથી સાંભળવા મળતી તે કંઈક વધારે માત્રામાં પ્રાણીઓ પાસેથી કેવીરીતે લેખિકા અનુભવે છે તે વાત આ પુસ્તકમાં હ્રદયને સ્પર્શે એ રીતે રજૂ કરી છે.

૨૦૧૬માં પ્રકાશિત **'મુક્તિ-વૃત્તાંત'** એ હિમાંશી શેલતનું પોતાનું આત્મ-વૃત્તાંત છે. જેમાં હિમાંશી શેલતે પોતાના જીવનની અલપ-ઝલપ ઝાંખીને વિસ્તૃત રીતે આલેખી છે. નાટયાત્મકરીતિ અને અસરકારક ભાષાશૈલીથી આલેખાયેલ આ વૃત્તાંતમાં હિમાંશી શેલત પોતાના જીવનના એક પછી એક પડળો ખોલતાં જાય છે. ગુજરાતી આત્મકથાઓમાં પહેલી હરોળમાં મૂકી શકાય એવી આ આત્મકથામાં હિમાંશી શેલતે મૂકેલી જીવનની સત્ય હકીકતો, પારદર્શિતા અને કશું ન છૂપાવ્યાનો ભાવ તેને ઉત્કૃષ્ઠ બનાવે છે. આ આત્મવૃત્તાંતમાં મુક્તિએ પોતાનું બાળપણ, શાળાજીવન, કૌટુંબિક સ્ત્રીઓ, વડવાઓ અને માતા-પિતા તેમજ દાદાજીના સુરેખ શબ્દચિત્રો આલેખ્યાં છે. અહીં દાદાજી સાથે મુલાકાતે આવતાં અનેક વિદ્વાનોનો પરિચય, મહેતાસાહેબ સાથેના પારિવારિક તેમજ મુક્તિના આત્મીય સંબંધોની વિગતે વાત કરી છે. તો મોટી ઉંમરે નીલમણિ સાથેના લગ્નજીવનની વાત હોય કે નીલમણિના મૃત્યુથી વ્યાપેલ ખાલિપાની વાત હોય મુક્તિએ એક પણ શબ્દ છૂપાવ્યા વગર વાત આલેખી છે. ૨૦૧૪માં પોતાને આવેલ હ્રદયરોગના હુમલા વખતે તેમને જે અનુભવ થાય છે તેની પણ અહીં પેટ છૂટી વાત કરી છે.

૨૦૦૪માં પ્રકાશિત **'એકડાની ચકલીઓ'**માં નિબંધ, ચરિત્ર અને પ્રતિભાવ સંગ્રહિત થયાં છે. અહીં 'વિદાય વેળાએ', 'વાગે વાગે રે બ્રહ્મબંસરી' અને 'માથે હજાર હાથવાળો'માં અનુક્રમે લેખિકાના દાદા, નાની-મંગીબા અને પિતાજીનું ચરિત્રચિત્રણ નિરૂપાયું છે. તો, 'એકડાની

ચકલીઓ', 'પંગતમાં...' અને 'ડર'માં બાળપણની સ્મૃતિઓ સચવાયેલી પડી છે. 'માય વન્ડરફૂલ ટેડ...', 'જનતા', 'આનંદ વર્તન', 'એને મળશો?', 'અપ્રાપ્યની ઝંખના ગ્રેવયાર્ડ' અને 'દાવાનળનું પંખી' જેવા લેખોમાં અનુક્રમે સિલ્વિયાના પતિ ટેડ, પંચમહાલનાં ગામડાની મજૂરીકામ કરતી અભણ છોકરી, બારેક વર્ષની નિજાનંદે નર્તનમાં મસ્ત બનેલી કન્યા, ટ્રાફિકપોલીસ જેવું વર્તન કરતા સાઠી વટાવી ચૂકેલા પ્રૌઢ, ટ્રેનમાં સાજશણગાર ક્રતી શાંત વૃદ્ધ સન્નારી, ૮૦ વર્ષની વયના વૃદ્ધા હેઝલ ડાયસ અને ૨૦૦૨ના ભયાવહ તોફાનોને કંડારતી વિકૃત લાશોની તસ્વીરોની પશ્ચાદ્‌ભૂમાં એટી-સત્તાવીશ વર્ષની યહૂદી યુવતીનું ચરિત્ર-ચિત્રણ થયું છે. 'પાર ને કાંઠે', 'ઊડવું તો આકાશનાં તૂરની જેમ', 'પીળા પતંગિયા', 'પ્રીતિ ભોજન' અને 'એ અભિરામ ચિત્રો'માં અનુક્રમે પાર નદીના કાંઠેના જંગલનું, આકડાંના ફૂલનું, ફૂલ પર બેસતા રંગબેરંગી-પીળા પતંગિયાનું, સવારના સમયે દાણા ચણવા આવતાં ખીસકોલી, ચકલીઓ અને કાબરનું તેમજ ઉજ્જડ મેદાને આવી લાંગરતી વણઝારનું નયનરમ્ય આલેખન થયું છે.

**'ડાબે હાથે'**(૨૦૧૨)માં લેખિકાની આસપાસ બનતી એવી ઘટનાઓ અને પરિસ્થિતિઓ કે જેમાં આઘાત, ગ્લાનિ, ભોંઠપ અને અકળામણ જેવી અનુભવેલી લાગણીઓની ઉત્કટતાને વ્યંગ-કટાક્ષના માધ્યમથી ઠાલવેલો ઉકળાટ છે. અહીં રાજકારણ અને સમાજજીવનની ચિત્ર-વિચિત્ર અને બેહૂદી ઘટનાઓ વ્યંગ-કટાક્ષમાં ઝીલાઈ છે. અહીં મહારાષ્ટ્ર સ્થિત તેલગીના સ્ટેમ્પ પેપરના કરોડોના કૌભાંડ, સાંસદો દ્વારા સંસદમાં પ્રશ્નો પૂછવા લેવાતા પૈસા, દિલ્હીમાં ભિખારીઓને ભિક્ષુકગૃહમાં દાખલ ન કરવા પોલીસે ભિખારીઓ પાસેથી લીધેલા પૈસા, અખબારોમાં સતસ્વીર પ્રસિદ્ધ થતી અવસાન નોંધ, સમાજના મહાનાયકોને યાદ કરવાની આપણી પદ્ધતિ, વિરોધ પ્રદર્શનોમાં પ્રવેશેલી એકવિધતા જેવા મુદ્દાઓને આધારે તેમણે અનુક્રમે 'આજનો સુવિચાર', 'પ્રાજ્ઞજન અને પ્રશ્નો', 'દાતા અને યાચકઃ એક અદભુત ઘટના', 'અખબારી શ્રદ્ધાંજલિઓમાંથી પ્રસરતી સુખડ - સુવાસ', 'સ્વર્ગ લોક્ત વિષાદમય ક્ષણો' તેમજ 'આ નિરસ પુનરાવર્તન ક્યાં સુધી?' - જેવા હાસ્યવ્યંગ - કટાક્ષના લેખો આપ્યા છે.

- **બાળસાહિત્ય**

**'ગણપતની નોંધપોથી'**(૨૦૦૭)એ રેલ્વે પ્લેટફોર્મ પર રખડતા ગણપતે ઓબ્ઝર્વેશન હોમનાં વસવાટ દરમિયાન સંસ્થામાં કામ કરતા રાજારામભાઈના કહેવાથી દિવસ દરમિયાન થયેલી

ગતિવિધિ વિશે લખેલી રોજનીશી છે. જેને હિમાંશી શેલત રોજનીશીના પાના સ્વરૂપે ઓબ્ઝર્વેશન હોમનાં બાળકોને વાંચી સંભળાવે છે અને ગણપતે ઓબ્ઝર્વેશન હોમમાં વિતાવેલા દિવસો દરમિયાનની ગતિવિધિને ગણપતના મુખે આપણી સમક્ષ પ્રગટ કરતા જાય છે. અહીં ૧૫મી જુલાઇથી લઇ ૧૫મી ઓગષ્ટ સુધી એક મહિના દરમિયાન થયેલ ગતિવિધિનો ગણપતના મુખે આલેખ આપ્યો છે. જેમાં બાળકોના ભોળપણનો, તેમની જિજ્ઞાસાવૃત્તિનો, મોટા લોકોની વાતચીત અને તેમની વર્તણૂંકનો બાળમાનસપર પડતા પ્રભાવનો, બાળકોની કાલી - ઘેલી ભાષાનો, પોલીસ પ્રત્યેના અણગમાનો આપણને બહુ નજીકથી પરિચય મળે છે.

**'આનંદે ભજવીએ'**(૨૦૦૭)માં ડહાપણની વાતો બાળનાટકના માધ્યમ વડે અસરકારક રીતે કહેવામાં આવી છે. અહીં 'નવી નવાઈનું સરઘસ', 'અમારાં સપનાં, તમારાં સપનાં' અને 'નીલગગનની દોસ્તી' જેવા નાટકો કલાત્મકતાથી નિરૂપાયાં છે. 'પ્રાણીઓ એમનું જન્મજાત વેર ત્યજી શકે છે પણ માણસો પોતાનો ઝઘડાખોર સ્વભાવ ત્યજી શક્તા નથી' એ વ્યંજનાંને કેન્દ્રસ્થ કરતું 'નવી નવાઈનું સરઘસ' અતિ સુંદર નાટક છે. જ્યારે 'વાલીઓએ પોતાનાં સપનાં બાળકો ઉપર ન થોપવાં જોઇએ' એ સંદેશ 'અમારાં સપનાં, તમારાં સપનાં'માં વ્યક્ત થયો છે. જીભ ઝલાતી હોવાને કારણે નીલ અન્ય બાળકોથી દૂર રહે છે ત્યારે નીલને બાળકોની નજીક લાવવાનું કામ તેની મોટી બહેન કેવીરીતે કરે છે તે, તથા અન્ય બાળકોની આવાં બાળકો સાથેની વર્તણૂંક કેવી હોય છે તે વાત 'નીલગગનની દોસ્તી' નાટકમાં કલાત્મકતાથી નિરૂપાઇ છે.

૨૦૦૭માં પ્રકાશિત **'સોનુ અને માઓ'**એ હિમાંશી શેલત રચિત બાળવાર્તાનું માત્ર ૧૬ પાનાનું પુસ્તક છે. ત્રીજા ધોરણમાં ભણતા આશય અને અમન વચ્ચે શાળાએ જતી વખતે રીક્ષામાં થતાં ઝઘડાની ફરિયાદ શાળાના આચાર્ય પાસે પહોંચે છે. આચાર્યના પત્રથી ચિંતામાં મૂકાયેલ આશય અને અમનની મમ્મીઓની સમસ્યાઓનો હલ નિશાળનાં ડોલીબહેન વાર્તાની ચોપડી બંને બાળકોને વાંચવા આપીને કાઢે છે. આ ચોપડી એટલે 'સોનુ અને માઓ'. જેમાં હિમાંશી શેલતને ઘરે રહેતા પ્રાણીમિત્રો એટલે કે સોનુ (કુતરો) અને માઓ (બિલાડો) વચ્ચે થયેલી દોસ્તીની વાત કહેવાઈ છે. હિમાંશી શેલતે 'ગણપતની નોંધપોથી', 'આનંદે ભજવીએ' અને 'રમતાં-રમતાં ભાગઃ ૧-૨'ની જેમ આ 'સોનુ અને માઓ' પણ બાળકોને કેન્દ્રમાં રાખીને લખાઈ છે.

**'રમતાં-ભમતાં ૧-૨'**(૨૦૦૭)માં બધી જ બાળવાર્તાઓ હેતુલક્ષી હોવા છતાં હિમાંશી શેલતે ક્યાંય બોધને પ્રગટ થવા દીધો નથી, પરંતુ તે કામ વાર્તાના પાત્રો પાસે કરાવ્યું છે.'નંદા અને

મંદા'માં પર્યાવરણ સંરક્ષણનો, 'સમીર અને મરઘીનું બચ્ચું'માં માંસાહાર બંધ કરવાનો, 'નવુ કામ'માં બાળકોને મળેલ જીવસૃષ્ટિની સેવા-સંરક્ષણનો, 'બેલા'માં સ્વચ્છતાનો, 'ટી.વી. વિનાનો દિવસ'વાર્તામાં પર્યાવરણની આહ્લાદકતાનો, 'સોહનની સમજ' વાર્તામાં બાળક મા-બાપ કરતા વિશેષ ડહાપણવાળું હોય છે તેનો તથા 'ભંડકિયાનું ભૂત' વાર્તામાં દાદાનો બાળકોને ભૂતબૂત ન હોવાની સમજાવટનો - વગેરે જેવાં સંદેશ મનોરંજનની સાથે પીરસવામાં આવ્યાં છે, છતાંય વાર્તાઓ ક્યાંય ભારઝલ્લી લાગતી નથી.

### ૧.૩.૪.સંપાદન, વિવેચન અને અનુવાદઃ

- **સંપાદન**

**'સ્વામી અને સાંઇ'**(૧૯૯૩)માં સ્વામી આનંદ અને મકરન્દ દવે વચ્ચે ૧૯૫૫થી ૧૯૭૫ સુધી એકધારો ચાલેલો પત્રવ્યવહાર સંચિત થયેલો છે. આ પત્રોમાં ચોક્કસ વિષયને પ્રાધાન્ય આપ્યા સિવાય વિચારોના આદાન-પ્રદાન દ્વારા ઉચ્ચ જીવનમૂલ્યોને પોષતી અને સંરક્ષતી વાતોની સાથેસાથે બંનેના જીવનદર્શન, નિષ્ઠા, ખોજ, આરત, અનુભવ, સચ્ચાઇ અને અલગારી મસ્તી ઉપસતી દેખાય છે. અહીં એકબાજું વાડાબંધીથી સદંતર મુક્ત, નિર્ભીક અને જાગ્રત એવા ૬૮ વર્ષીય સ્વામી આનંદ છે તો બીજીબાજું ૩૩ વર્ષીય નવલોહિયા 'સાંઈ' મકરન્દ દવે છે. અહીં વ્યક્તિગત સંબંધોની હૂંફ, વડીલોનું વાત્સલ્ય અને ચિંતા, મિત્રભાવે અપાતી-મંગાતી સલાહ છે તો સાંપ્રત પ્રશ્નો, ધર્મ, રાજકારણ, વ્યક્તિઓ, પુસ્તકો અને પ્રકૃતિનું વર્ણન પણ છે. તેથી જ તો સ્વામી આને 'ઉઘાડા દિલનો દસ્તાવેજ' કહે છે. ટૂંકમાં, આ પત્રોમાંથી આપણને બંને પત્રલેખકોના સુરેખ વ્યકિતચિત્રો પ્રાપ્ત થાય છે.

**'પ્રતિરૂપ'(૧૯૯૫)**એ સંસ્કૃત, બંગાળી, પંજાબી અને અંગ્રેજી સ્તવનો તથા કાવ્યોના મકરન્દ દવે એ કરેલા પદ્યાનુવાદોના ચયનનું હિમાંશી શેલતે કરેલું સંપાદન છે. મકરન્દ દવે એ પોતાના પ્રાણને હચમચાવી નાખતી, લોહીમાં ઘૂંટાયેલી, આત્મસાત થઇ હોય તેવી કૃતિઓનો જ અનુવાદ કર્યો છે. તેથી જ અહીં અનુવાદોની સાથે સાથે મૂળકૃતિઓ પણ આપવામાં આવી છે, જેથી ભાવક બંનેનો આસ્વાદ લઈ શકે. અહીં મૂળકૃતિને વફાદાર રહેવાના જડ આગ્રહ વગર અનુવાદમાં મૂળકૃતિનો અણસાર કે અવાજ સાચવીને તે સહજ અને સ્વાભાવિક લાગતી હોય તો તેમાં ક્યાંક-ક્યાંક આવશ્યક ફેરફાર પણ કર્યો છે. તેથી કાવ્યના અનુવાદમાં કેવી કેવી સંભાવના રહેલી છે એનો પ્રત્યક્ષ પરિચય મળી રહે એવા આશયથી હિમાંશી શેલતે આ સંપાદન કર્યું છે. અહીં 'શિવમહિમ્ન

સ્તોત્ર', 'લઘુસ્તવ', 'વનવાસ', 'વર્ષગાઠ' જેવા સંસ્કૃત, બંગાળી અને પંજાબી સ્તવનો અને કાવ્યોની સાથે સાથે 'ભેદુ તારા નેહના, આ ભડકા તો ભારી', 'પ્રીતમના ઓરડા', 'પ્રીતમનો હાર', 'દરવાજો', 'બેહદનું બારણું', 'આયના માહ્યલો ગોઠિયો' અને 'છોડી દે વિચાર છોરા' જેવી અંગ્રેજી રચનાઓ તેમાં રહેલા લયના આકર્ષણ અને સંગીતતત્ત્વના પ્રભાવને કારણે આસ્વાદ્ય બની છે.

**'અડધા આકાશનો રંગ'(૨૦૦૫)**એ માત્ર સ્ત્રી સર્જકો દ્વારા રચાયેલ કાવ્યો, વાર્તા, હાસ્ય, નિબંધ, સ્મરણ, વિચારવિસ્તાર તથા શિલ્પ અને ચિત્રો જેવી ગમતી રચનાઓનું કેટલાક સામયિકો અને પુસ્તકોમાંથી હિમાંશી શેલત દ્વારા કરવામાં આવેલું સંપાદન છે. આ સંપાદનનું નિમિત્ત શ્રી મહેન્દ્ર મેઘાણીનું સંપાદન 'અડધી સદીની વાચનયાત્રા ભાગ-૧' છે, કે જેમાં ત્રણસો જેટલાં સર્જકોમાંથી માત્ર બાર જ સ્ત્રી સર્જકો હતાં!, તે ઉપરાંત ધોરણ પાંચના હિન્દી અને ગુજરાતીના પાઠ્યપુસ્તકોમાં લેખિકાઓની સદંતર ગેરહાજરીથી સંપાદક વ્યથિત થાય છે. અને તેમનાં મનમાં સ્ત્રીઓએ રચેલું ઉત્તમોત્તમ સર્જન જેમાં માત્ર નારી સર્જકોને સમાવતું સંપાદન કરવાનો વિચાર આવે છે.સ્ત્રીઓએ શબ્દ સાથે કે કલાના અન્ય માધ્યમો સાથે કેવીરીતે કામ કર્યું છે, એમની પસંદગીના વિષયો કેવા છે, સાંપ્રત ઘટનાઓ પરત્વે એમનો અભિગમ કેવો છે, એનો આલેખ મળી શકે તેમજ સ્ત્રી સર્જકોએ રચેલું કેટલુંક સાહિત્ય કાળની ગર્તામાં ધકેલાઇ જાય તે પહેલા દસ્તાવેજીકરણ કરવાના હેતુથી હિમાંશી શેલતે આ સંપાદન કર્યું છે.

**'પહેલો અક્ષર'(૨૦૦૫)**એ હિમાંશી શેલતે તેમનાં નિકટના સખી એવા બાના અવસાન નિમિત્તે મા-દીકરીના અંતરંગ સંબંધો વિશે એકત્રિત કરેલા અગિયાર લેખોનું સંકલિત પુસ્તક છે. જેમાં સિનેમા, નાટક, નૃત્ય, સંગીત અને સાહિત્ય જેવા વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલ ગુજરાતી અને બિનગુજરાતી મહિલાઓએ લખેલા લેખોનો સમાવેશ થયો છે. સમાજમાં સમયે સમયે પ્રવર્તતા મહિલાઓના સ્થાન વિશે જુદા - જુદા સ્તરના પરિવારોમાં કેવી સ્થિતિ જોવા મળે છે અને તેમના સંવેદનવિશ્વમાં  આર્થિક અને ભૌતિક સ્થિતિએ કેવી ઉથલપાથલ કરી છે તેનો અણસાર આપણને આ લેખોમાંથી પ્રાપ્ત થાય છે. અહીં મનોજ્ઞા દેસાઈ, વિજયાલક્ષ્મી પંડિત, સુપ્રિયા પાઠક અને મલ્લિકા સારાભાઈ જેવી સશક્ત મહિલાઓએ પોતાની માતાના પ્રેમ વિશેનાં સંસ્મરણો-સંવેદનોને શબ્દબદ્ધ કર્યા છે. વળી, પ્રવર્તમાન સમાજમાં મા-બાપની પોતાના સંતાનો પાસે રખાતી વધુ પડતી

અપેક્ષાને લીધે વધતી અસમાનતા હોય કે સમાજમાં દીકરીઓની ઘટતી જતી સંખ્યા હોય તેને આધારે સ્ત્રીઓના જીવન અને સામાજિક પરિસ્થિતિને શબ્દબદ્ધ કરવામાં આવી છે.

**'ગુજરાતી નવલિકાચયન-૨૦૦૭'(૨૦૦૮)**એ 'ગુજરાતી સાહિત્ય પરિષદ' દ્વારા પ્રકાશિત થતી 'ધૂમકેતુ નવલિકા શ્રેણી' અંતર્ગત ૨૦૦૭ના વર્ષ દરમિયાન વિવિધ સામયિકોમાં પ્રકાશિત થયેલી ઉત્તમ નવલિકાઓનું વાર્તાકાર હિમાંશી શેલતે કરેલું સંપાદન છે. અહીં હિમાંશી શેલતે ૨૦૦૭ના વર્ષના કેટલાક સામયિકો તથા દીપોત્સવી અંકોમાંથી ઉત્તમ કહીં શકાય એવી ૧૮વાર્તાઓ સંપાદિત કરી છે. સાથે સાથે આ પ્રત્યેક વાર્તાની આસ્વાદલક્ષી વિવેચના પણ સંપાદકીય લેખમાં આપી છે. તેમણે કથાબીજનું સત્ત્વ અને પ્રસ્તુતિની તાજગીને લક્ષમાં રાખી નવસર્જકો પર વિશેષ ધ્યાન આપવાનું ઉચિત માન્યું છે.અહીં સંપાદિત થયેલી લગભગ બધી જ વાર્તાઓમાં અંદર - બહારની અરાજકતાનો સૂર વહેતો દેખાય છે. જેમાંની 'વિકલ્પ', 'અધ્યાહાર', 'બાજુનું ઘર' તથા 'ડાઘુની માફક' કૌટુંબિક વિસંવાદને કેન્દ્રમાં રાખીને રચાયેલી છે.'એક રીતે જોઈએ તો', 'ઝૂલતો ખાલી હીંચકો', 'મુન્ની', 'અંતિમ છાયા'માં સંતાન ગુમાવ્યાની તીવ્ર પીડાનાં વિવિધ ચિત્રો છે. જ્યારે 'સુદામા ચરિત', 'અવશેષ', 'મીરાનું ઘર' અને 'કાચી ઉંમર'માં વિશિષ્ટ મૈત્રી સંબંધની કથા કેન્દ્રસ્થ થઈ છે.

**'૨૦૦૨ની શ્રેષ્ઠ વાર્તાઓ'(૨૦૦૩)**એ ૨૦૦૨ના વર્ષ દરમિયાન જુદાં - જુદાં સામયિકો, પુસ્તકો અને અખબારોમાં પ્રગટ થયેલી કેટલીક સંતર્પક, ધ્યાનાર્હ અને સ-રસ વાર્તાઓનું સંપાદન છે. સંપાદક પસંદ કરેલી આ વાર્તાઓને શ્રેષ્ઠ કહેવાને બદલે સંતર્પક અને સફળ રચનાઓ કહેવાનું વધુ પસંદ કરે છે. અહીં વિષયવસ્તુના વ્યાપ, વૈવિધ્ય અને ઊંડાણમાં, રચનાકૌશલ અને શૈલી સૌંદર્યમાં સમૃદ્ધ એવી વાર્તાઓ સંપાદિત થઈ છે. જેને સંપાદકે ત્રણ જૂથોમાં વહેંચી છે. ૨૦૦૨ના કોમી રમખાણો અને રાજકીય આંદોલનોના વિસંવાદી વાતાવરણમાં રચાયેલી અને સમકાલીન વાસ્તવિકતા રજૂ કરતી વાર્તાઓ પ્રથમ જૂથમાં મૂકી છે, આવી કોમી દાવાનળની ભૂમિકાની પડછે રચાયેલ વાર્તાઓમાં 'ઉદ્ધ્વસ્ત', 'તોત્તોચાનનું બેસણું', 'સ્પર્શ' અને 'ઓથાર' જેવી વાર્તાઓનો સમાવેશ થાય છે. માનવસંબંધોની, મુખ્યત્ત્વે સ્ત્રી-પુરુષ સંબંધની સંકુલતાઓને તાગવા મથતી વાર્તાઓનો બીજા જૂથમાં સમાવેશ થાય છે, તેમાં 'મુક્તિ', 'આમ થાકી જવું', 'પોદ્દાર ચાલ', 'દીદી', 'પોપટ', 'ગાલનાં ટાંકા', 'લાઉડ થિન્કિંગ', 'બાલકાંડ' અને 'થેન્ક્યુ વિશ્વાસ'નો સમાવેશ થાય છે. ત્રીજા જૂથની વાર્તાઓના કેન્દ્રમાં વંચિતો અને શોષિતોની વાત આલેખાઈ છે.

જેમાં 'નામઃ નયના રસિક મહેતા', 'ભોંય', 'ભળભાંખળું', 'પોલિટેક્નિક' અને 'દેડકો'નો સમાવેશ થયો છે.

**'અંતર-છબિ'(૧૯૯૮)**એ શ્રી ઝવેરચંદ મેઘાણીનું સંકલિત આત્મવૃત્તાંત છે. જેમાં સર્જકભીતરના અપાર અજંપાના પ્રચંડ વિસ્ફોટનો પરિચય છે. અહીં મેઘાણીના પ્રગટ - અપ્રગટ અને ગ્રંથસ્થ-અગ્રંથસ્થ સાહિત્ય તથા વર્તમાનપત્રોમાં તેમણે લખેલી અનેક પ્રસ્તાવનાઓ, પત્રો, પ્રવાસવર્ણનો, વ્યાખ્યાનો, ટાંચણપોથીઓ અને બીજાંઓના સંસ્મરણોમાંથી એમના ઉદ્ગારોના આત્મકથનાત્મક અંશોનું આત્મદર્શન છે. ટૂંકમાં, મેઘાણીજીવનની એમને જ મુખે ઝમતી અનુભવકથા છે. અહીં મેઘાણીની વિવિધરંગી છબિનો ચિતાર મળે છે. કલમકસબી સર્જક, સાચા પત્રલેખકને પત્રકાર, સમાજચિંતકને વિચારક, ગુજરાતના લોકસાહિત્યને ઘરે-ઘરે પહોંચાડનાર, લોકવિદ્યાવિદ્, ઋજુકોમળ પિતા અને લાગણીશીલ સસરાની મનોરમ, હૃદયંગમ અને સુરેખ છબિનો પરિચય થાય છે. મેઘાણીના જીવનમાં બનેલી ઘટનાઓ, પ્રસંગો, મૈત્રી સંબંધો, સાહિત્ય, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતા, લોકસાહિત્ય માટે હંમેશને માટે ખડે પગે રહેનારું વ્યક્તિત્ત્વ જેવી અનેક વિગતોને અને સામગ્રીને સંકલિત કરી મેઘાણીની અંતર-છબિ ઉપસાવવા માટે હિમાંશી શેલત અને વિનોદ મેઘાણીએ કરેલો આ અભિનંદનીય પ્રયાસ છે.

**'લિ...હું આવું છું' ભાગઃ૧-૨(૨૦૦૩)**એ વિનોદ મેઘાણી અને હિમાંશી શેલત દ્વારા સંપાદિત શ્રી ઝવેરચંદ મેઘાણીના પત્રજીવનનું નવસંસ્કરણ છે. સૌ પ્રથમવાર ઝવેરચંદ મેઘાણીના પત્રોનું તેમના ૧૯૪૭માં થયેલ અવસાન બાદ મહેન્દ્ર મેઘાણીએ ૨૫૦ તદ્દન બિન અંગતપત્રોમાંથી ૧૭૬નું 'સ્નેહાધીન ઝવેરચંદ' નામે ૧૯૪૮માં સંપાદન કરેલું, ત્યારબાદ ઝવેરચંદ મેઘાણીના લગભગ ૮૦૦થી વધારે પત્રોનું સંપાદન 'લિ.હું આવું છું' નામે ૧૯૮૮માં વિનોદ મેઘાણીએ પ્રગટ કર્યું હતું. પરંતુ પ્રથમ સંપાદન પછી મળેલા પત્રો તથા કેટલાક અંગત અને ગોપનીય પત્રોનો વિષદ છણાવટ સાથે ૨૦૦૩માં વિનોદ મેઘાણી અને હિમાંશી શેલતે શાસ્ત્રીય અભિગમ સાથે એજ પત્રોનું ફરીથી બે ભાગમાં લગભગ ૧૩૬૬ (પ્રસ્તાવના અને પરિશિષ્ટો સાથે) પાનામાં બૃહદ્ નવસંસ્કરણ કર્યું છે. ઝવેરચંદ મેઘાણીની ૧૯૧૦થી ૧૯૪૭ સુધી ૩૭ વર્ષ અવિરત ચાલેલી પત્રયાત્રા દ્વારા આપણને તેમના જીવનમાં આવેલ તીવ્ર વળાંકો અને પ્રચંડ ઉથલપાથલનો અણસાર મળે છે. વળી, જનસમુદાયની નીકટ આવી અસાધારણ લોકચાહના પ્રાપ્ત કરનાર ઝવેરચંદ મેઘાણી એક સમર્થ સર્જક, સંશોધક, પ્રખર પત્રકાર તેમજ ઊર્મિશીલ, ઉષ્માભર્યા, કુટુંબ વત્સલ વડીલ એમ બંને વિરાટ

વ્યક્તિત્ત્વનો પરિચય મળે છે. સાથે સાથે તેઓ પોતાના પ્રદેશ સાથે, લોક સમુદાય સાથે, સામાજિક વાસ્તવ સાથે કેવા વણાઈ ગયા હતા, તે પણ પ્રતિષ્ઠાની ધખના વગર અને સાહિત્યિક સંસ્થાઓમાં કે વર્તુળોમાં સ્થાપિત થવાની મહત્ત્વકાંક્ષા વગર તેનો ખ્યાલ આવે છે.

**'નાયિકા પ્રવેશ'(૨૦૦૪)** દશ્યશ્રાવ્ય માધ્યમથી કહેવાયેલી વાત વધુ અસરકારક હોય છે અને સમાજના બહોળા વર્ગ સુધી પહોંચે છે એ ન્યાયે 'વિમેન રાઈટર્સ કલેકટીવ' જૂથના કાર્યકર્તાઓએ સ્ત્રીઓની સમસ્યા-એમનાં પ્રશ્નોને નાટકના માધ્યમથી સમાજ સમક્ષ લઈ જવાના નિર્ધાર સાથે વલસાડ ખાતે લેખિકાઓની એક વર્કશોપ યોજી. જેમાં સ્ત્રીની સમસ્યા અને સંઘર્ષને વાચા આપતી વાર્તાઓ પસંદ કરી તેનું નાટ્યરૂપાંતર કરવામાં આવ્યું. આ નાટ્ય રચનાઓનું સંપાદન એટલે 'નાયિકા પ્રવેશ'. આ નાટકોમાં નારીની વ્યક્તિ તરીકેની પ્રતિષ્ઠા, ન્યાય, સમાન અધિકાર માટેની લડત, શોષણ સામેનો પ્રતિકાર જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં અંજલી ખાંડવાલાનું 'કાળું ગુલાબ', વર્ષા અડાલજાનું 'નામઃ નયના રસિક મહેતા', હિમાંશી શેલતનું 'પારકી', બિંદુ ભટ્ટનું 'મંગળસૂત્ર', સુવર્ણાનું 'ઘેરાયેલ', આશા વીરેન્દ્રનું 'સ્વપ્નભંગ', આમ્રપાલી દેસાઈનું 'સૂર્ય પર સ્પોટ લાઈટ', સુહાસ ઓઝાનું 'સદુભા', કલ્પના ચૌધરીનું 'સતી' તથા બકુલા ઘાસવાળાનું 'રંગ બરસે' જેવા ઉત્તમ નાટકોનો સમાવેશ થયો છે. આ બધાંજ નાટકોમાં નાયિકાઓ શોષણને, અન્યાયને, હિંસાને તાબે થતી નથી પરંતુ એમાંથી મુક્ત થવા સંઘર્ષ કરે છે તેવો વિધેયાત્મક સૂર વહેતો થયો છે.

**'મધદરિયે મહેફિલ'(૨૦૧૧)**એ સમુદ્ર સફર દરમિયાન વિનોદ મેઘાણી પર મકરન્દ દવેએ લખેલા લગભગ સવાસો જેટલા ઉત્કટ અને ઊંડા, એક સરખા પ્રવાહમાં વહેતા સંબંધને વ્યક્ત કરતા પત્રોનું હિમાંશી શેલત દ્વારા કરવામાં આવેલું સંપાદન છે. વીસ વર્ષથીય વધુ ચાલેલી  વિનોદમેઘાણી અને મકરન્દ દવેની આ પત્રયાત્રામાં હેતથી ભર્યા ભર્યા, ઊંચી ભાવનાવાળા, વ્યક્તિગત ટીકાઓ અને કટુતાથી સર્વથા મુક્ત, કહેવા જેવું હોય ત્યાં ટકોરવાની જવાબદારી વાળા પત્રોની સાથે સાથે દરિયાઈ પ્રવાસની અને જન્મદિનની શુભેચ્છાવાળા પત્રોનો સમાવેશ થાય છે. મકરન્દ દવે દ્વારા લખાયેલા આ પત્રોમાં પ્રેમ, ચિંતા, સમભાવ, સૌજન્ય દાખવવાની સાથે સાથે દરિયામાં હવામાન કેવું છે?, રહેવાની જોગવાઈ કેવી છે ?, ખાવાનું કેવું મળે છે ?, કેપ્ટન સાથે મેળ પડયો કે કેમ ? જેવા પ્રશ્નો પૂછીને વિનોદ મેઘાણીની રજેરજની રખાતી કાળજીના દર્શન થાય છે.

- **વિવેચન**

**'પરાવાસ્તવવાદ' (૧૯૮૭)**એ હિમાંશી શેલત દ્વારા પરાવાસ્તવવાદી વિચારધારાને કેન્દ્રમાં રાખી લખાયેલું વિવેચનાત્મક પુસ્તક છે. ૧૯૮૭માં પ્રકાશિત આ અભ્યાસ - પુસ્તિકામાં 'દાદાવાદ અને પરાવાસ્તવવાદ', 'દાદાવાદ પાછળની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ભૂમિકા', 'દાદાવાદ સાથે પરાવાસ્તવવાદનું અનુસંધાન', 'પરાવાસ્તવવાદી કવિતાની વિભાવના અને અભિવ્યક્તિની લાક્ષણિકતા', 'પરાવાસ્તવવાદી ચિત્રકલા' તેમજ 'ગુજરાતી સાહિત્યમાં પરાવાસ્તવવાદ' જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ચર્ચા કરી છે. આ પુસ્તિકા લખવા પાછળના હેતુ વિશે જણાંવતા હિમાંશી શેલત આ પુસ્તિકાની પ્રસ્તાવનામાં નોંધે છે, 'પશ્ચિમના આધુનિક સાહિત્ય પર જેનો મોટો પ્રભાવ રહ્યો છે એવી પરાવાસ્તવવાદી વિચારધારાને એની ઐતિહાસિક, રાજકીય અને સામાજિક ભૂમિકાની પડછે અવલોકવાનો અને સમજવાનો પ્રયત્ન પ્રસ્તુત પુસ્તિકામાં થયો છે.'[૩૩]

**'ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના (૧૯૭૫-૧૯૯૯)'** એ સ્ત્રી અભ્યાસશ્રેણી અંતર્ગત ૨૦૦૦માં પ્રકાશિત થયેલ ડૉ.નીરા દેસાઈ અને ડૉ.ઉષા ઠક્કર સંપાદિત તથા હિમાંશી શેલત દ્વારા લિખિત સ્ત્રી અભ્યાસ વિષયક પુસ્તક છે. જેમાં 'ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના', 'સમાજ પરિવર્તન અને નારીચેતના', 'નવલકથામાં નારીચેતના', 'નવલિકામાં નારીચેતના' જેવા વિષયોને કેન્દ્રમાં રાખીને સાહિત્યિક રજૂઆત કરી છે. જેમાં લેખિકાએ અનુક્રમે ગુજરાતી કથાસાહિત્યમાં પ્રગટતા નારીચેતનાના પ્રતિબિંબ વિશે, નારી જાગૃતિના પરિણામે સમાજમાં આવતાં-જતાં પરિવર્તન વિશે, ગુજરાતી નવલકથામાં પ્રગટતી નારીચેતના વિશે, નવલિકામાં પ્રગટતા નારીના જીવન, તેના તીવ્રતમ અનુભવો અને ચિત્તની ભિન્ન-ભિન્ન અવસ્થાઓ સાથે સંકળાયેલી વેરવિખેર ક્ષણો વિશે સરળ ભાષામાં પોતાના વિચારો અભિવ્યક્ત કર્યા છે.

**'સલામત બાળપણની શોધમાં'(૨૦૧૦)** એ અભ્યાસ પુસ્તિકામાં લેખિકાએ તેમની આસપાસ જોયેલાં, કરમાયેલાં, દબાયેલાં અને ઉદાસ એવાં તમામ બાળકો કે જે વેરની, દ્વેષની, સ્વાર્થની, હિંસાની અને વાસનાની લાલચની આગમાં હોમાતાં રહ્યાં છે, તેમને સલામત અને ખુશહાલ બાળપણ આપવાની વાત કરી છે. બાળકોની માંગણીઓ, તેમનાં અધિકારો, તેમની જરૂરિયાતો, તેમની સલામતી પ્રત્યે ગરીબવર્ગ જ નહીં પણ મધ્યમ અને અમીરવર્ગ તરફથી પણ કરાતી ઉપેક્ષા તરફ આંગળી ચીંધી બાળકોને માબાપની પ્રત્યક્ષ હાજરીની, એમની સાથેના સંવાદની અને સમજ ભરેલા વ્યવહાર તેમજ હૂંફ ભરેલા માર્ગદર્શન સાથેની શારીરિક અને માનસિક સલામતી

સાથે મજબૂત બનાવી વિકસાવવાની વાત પર ભાર મૂકે છે. અહીં લેખિકાએ સફળતા-નિષ્ફળતાના માપદંડો વિનાના સમતોલ અને સ્વતંત્ર વિકાસના ઉત્તેજનની પદ્ધતિઓ વિશે, નિષ્ફળતા પચાવવાની તાલીમ વિશે, વર્તમાનપત્રો અને જાહેરખબરોની નકારાત્મક અસરો વિશે, માનસિક સુરક્ષા વિશેની વાતો પર ભાર આપી સલામત બાળપણ કેવીરીતે આપી શકાય તે તરફ દિશા નિર્દેશ કર્યો છે.

- **અનુવાદ**

**'દ્રુતવિલંબિત'(૨૦૦૩)**એ હિમાંશી શેલતે ગુજરાતી ભાષાના અગ્રણી કવિ જયંત પાઠકના કાવ્યસંગ્રહ 'દ્રુતવિલંબિત'નો અંગ્રેજીમાં કરેલ અનુવાદ છે. ગુજરાતી સાહિત્યમાં લખાયેલ ઉત્તમ સાહિત્યનો અંગ્રેજી અને કેટલીક ભારતીય ભાષાઓમાં પણ અનુવાદ થવો જોઈએ એ ન્યાયે હિમાંશી શેલતે અહીં જયંત પાઠકના કાવ્યોનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. આ અનુસર્જનો મૂળ અંગ્રેજી વાચક-ભાવકના મનને તેની સૌંદર્યાનુભૂતિ વડે પ્રફુલ્લિત કરી દે તેવા છે. આ કાવ્યસંગ્રહના શીર્ષકનો અગ્રેજી અનુવાદ અશક્ય હોવાથી હિમાંશી શેલતે તેને યથાતથ જાળવી રાખ્યો છે. અહીં કુલ ૯૬ પાનામાં ૮૦ જેટલી અનુવાદિત રચનાઓ સમાવાઈ છે. હિમાંશી શેલતે ગુજરાતીમાંથી અંગ્રેજી ભાષામાં કરેલ આ અનુવાદ અત્યંત વિશ્વસનીય કહી શકાય તેવો અને ગુજરાતી ભાષા-સાહિત્યના રસિકો માટે ખૂબ જ મહત્વનો ગણાય છે.

**'નોખા મિજાજનો અનોખો ચિત્રકાર' (૨૦૦૪)**એ મહેન્દ્ર દેસાઈના અંગ્રેજી પુસ્તક 'A Man Labelled Bhupen Khakhar Branded As Painter'નો હિમાંશી શેલતે ગુજરાતીમાં કરેલો અનુવાદ છે. મહેન્દ્ર દેસાઈએ આ પુસ્તકમાં પોતાના મિત્ર એવા પ્રસિદ્ધ ચિત્રકાર ભૂપેન ખખ્ખરના પરિચયની સાથે સાથે તેમના ચિત્રોનો આસ્વાદ કરાવ્યો છે. અહીં ભૂપેન ખખ્ખરના નિકટવર્તી મિત્રો સાથેના ભાવસંબંધો, મહેન્દ્ર દેસાઈ સાથેના સંવાદો અને કેટલાંક કલામર્મી ચિત્રકારોનાં ભૂપેન ખખ્ખરની ચિત્રકળા સંદર્ભેના નિરિક્ષણો આલેખ્યા છે. હિમાંશી શેલતે આ પુસ્તકનો સીધો અનુવાદ કર્યો નથી, જે આપણને તેમના અનુવાદિત પુસ્તકના શીર્ષકમાં જોઈ શકાય છે. આ પુસ્તકનો અનુવાદ વાચકને પોતાની લાગે એવી ભાષામાં થયો છે.

**'ગરીબ, પણ છૈયે કેટલાં બધાં!'(૨૦૦૭)** એ ભારતની મહિલાઓના વ્યવસાયિક સંગઠન - 'સેવા' - સેલ્ફ એમ્પ્લોય્ડ વીમેન્સ એસોસિયેશનના ઉદ્ભવ અને કાર્ય પાછળ રહેલી દષ્ટિ અને

એના વિકાસનો ચિતાર આપતું સંસ્થાના સ્થાપક ઈલાભટ્ટ દ્વારા લખાયેલ પુસ્તક છે. જેનો હિમાંશી શેલતે અનુવાદ કર્યો છે. જેમાં રદ્દી વીણનારાં, સિલાઈકામ કરનારાં, ફેરિયાઓ અને ખેતમજૂરોનાં કામનું વિગતસમૃદ્ધ અને સ્પષ્ટ આલેખન છે. ગરીબ, સંઘર્ષરત, શ્રમજીવી એવી ભિન્ન-ભિન્ન ધર્મ, જાતિ અને વર્ગની વિવિધ કામધંધા સાથે સંકળાયેલી અનેક સ્ત્રીઓની સામે પડકાર ફેંક્તા અવરોધોની સાથે-સાથે એમનાં સંગઠન, પ્રતિકારશક્તિ અને અનુકૂલન સાધવાની ક્ષમતાનો અહીં પરિચય મળે છે. અહીં ગામ અને શહેરની મહિલાઓનાં રોજિંદાજીવન, એમાં આવતા પડકારો, સતત ગરીબાઈમાં ધકેલતી પરિસ્થિતિઓ, એમનાં સંઘર્ષો તથા ઘર અને કામનાં સ્થળે જોવા મળતી સ્થિતિના આલેખની સાથે - સાથે ગરીબ મહિલાઓની પ્રચંડશક્તિ, નિષ્ઠા અને કાબેલિયતનો પરિચય મળે છે. જે તેમની ચીલાચાલું ઓળખને પલટી નાખે છે. વળી, અહીં અનૌપચારિક ક્ષેત્રની મહિલા શ્રમશક્તિને સંગઠિત કરવાના મહત્ત્વના કાર્યની જાણકારીની સાથે-સાથે કામ અને કામદારની મૂળભૂત વ્યાખ્યા તથા અર્થકારણમાં અનૌપચારિક ક્ષેત્રના પ્રદાનની વિશદ છણાવટ રજૂ થઈ છે.

આમ, અહીં હિમાંશી શેલતનાં વાઙ્મય વિશે ટૂંકમાં પરિચય આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેના વિશે હવે પછીના પ્રકરણોમાં વિગતે અભ્યાસ કરવાનો મારો ઉપક્રમ રહેશે.

## ૧.૪. હિમાંશી શેલતને મળેલ પુરસ્કાર-સન્માન

પ્રતિબદ્ધ વાર્તાકાર હિમાંશી શેલતનું અનુઆધુનિક ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું યોગદાન રહ્યું છે. ટૂંકીવાર્તામાં તેમણે અનેકવિધ સંવેદનશીલ પ્રદેશોને સ્પર્શ્યા છે.તેમણે વાર્તા ઉપરાંત નવલકથા, અનુવાદ, બાળસાહિત્ય, નિબંધ, વિવેચન અને સંપાદન જેવા સાહિત્યના અન્ય સ્વરૂપોમાં પણ સફળતા પૂર્વક ખેડાણ કર્યું છે. આવી બહુપરિમાણીય પ્રતિભા ધરાવનાર હિમાંશી શેલતને પ્રાદેશિકથી માંડી રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યાં છે. તેમને મળેલ અગત્યના પુરસ્કાર નીચે મુજબ છે.[૩૪]

- ‘અન્તરાલ’(વાર્તાસંગ્રહ-૧૯૮૭)ને લેખિકાની પ્રથમ સર્જનાત્મક કૃતિનું ગુજરાતી સાહિત્ય પરિષદનું ઈનામ.
- ‘અધારી ગલીમાં સફેદ ટપકાં’(વાર્તાસંગ્રહ-૧૯૯૨)ને ધૂમકેતુ પુરસ્કાર, સરોજ પાઠક પુરસ્કાર, ગુજરાતી સાહિત્ય પરિષદનું પારિતોષિક તથા ૧૯૯૬માં કેન્દ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર.

- ‘એ લોકો’(વાર્તાસંગ્રહ-૧૯૯૭)ને ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક, અને ૨૦૦૧માં સનતકુમારી મહેતા પારિતોષિક.
- ‘પ્લેટફોર્મ નંબર ચાર’(સ્મરણકથા-૧૯૯૮)ને ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી તથા કર્ણાટકનો નંજનગુડુ થીરૂમલમ્બા શાશ્વતી એવોર્ડ.
- અમૃતા શેરગિલના જીવન પર આધારિત ‘આઠમો રંગ’ (નવલકથા-૨૦૦૧)ને ગુજરાત સાહિત્ય અકાદમીનો પ્રથમ પુરસ્કાર.
- ‘સાંજનો સમય’(વાર્તાસંગ્રહ-૨૦૦૨)ને ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક.
- ‘ગણપતની નોંધપોથી’(બાળ સાહિત્ય-૨૦૦૭)ને ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર.
- જયંત ખત્રી-બકુલેશ પુરસ્કાર વીનેશ અંતાણી સાથે સરખે ભાગે અને વિદ્યાનગરથી ઉમાશંકર જોશી પુરસ્કાર.

હિમાંશી શેલતની કૃતિઓને મળેલ આ પુરસ્કારો પુરવાર કરે છે કે તેમની સર્જકતા પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે સતત પોંખાતી રહીં છે. ‘આઠમો રંગ’, ‘સાંજનો સમય’ અને ‘ગણપતની નોંધપોથી’ને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પુરસ્કારો જાહેર થયા હતા પરંતુ તેનો સવિનય અસ્વીકાર કરે છે. અને એમ ૨૦૦૧ પછી કોઈપણ પ્રકારના પુરસ્કાર ન લેવાની જાહેરાત કરીને નવોદિત સર્જકો માટે તક ઊભી કરવાનો નવો ચીલો પાડે છે.

પુરસ્કાર ઉપરાંત હિમાંશી શેલતને કેન્દ્રીય સાહિત્ય અકાદમી તરફથી ‘ટ્રાવેલ ગ્રાન્ટ્સ ટુ ઓથર’ યોજનાનો લાભ મળ્યો હતો. તે અંતર્ગત તેમણે ૧૯૯૪માં કોલકાતા અને શાંતિનિકેતનની મુલાકાત લીધી હતી. હિમાંશી શેલતે અનેક રાષ્ટ્રીય અને પ્રાદેશિક પરિસંવાદોમાં પેપર રજૂ કરવાની સાથે સાથે આવા પરિસંવાદોનું સફળતાપૂર્વક આયોજન પણ કર્યું છે. આવાં અતિ મહત્ત્વનાં નીવડેલાં વાર્તાકારના એક કરતાં વધુ વાર્તાસંગ્રહો ગુજરાતની લગભગ દરેક યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં પસંદગી પામ્યા છે. હાલમાં ૨૦૧૩ થી ૨૦૧૭ માટે તેઓ સાહિત્ય અકાદમીમાં સલાહકાર સમિતિના સભ્ય તરીકે નિમાયાં છે.

## ૧.૫. ઉપસંહાર

આધુનિક ગુજરાતી ટૂંકીવાર્તાના પ્રણેતા સુરેશ જોશીની ઘટનાહ્રાસ, ઘટના તિરોધાન, કલ્પન - પ્રતીક અને કપોળકલ્પિત ચેતનાપ્રવાહની વિભાવના યોગ્ય રીતે આત્મસાત ન થવાથી આધુનિક કથાસાહિત્ય એકવિધ, સપાટ અને યાંત્રિક પ્રકારનું સર્જાવા લાગ્યું હતું. વળી તે, કૃતક અને મંદપ્રાણ

બની રહ્યું હતું. તેવા સમયે આધુનિકતાવાદી સાહિત્યની વિશેષતાઓ અને મર્યાદાઓને ઓળખી નવી પેઢી સર્જનક્ષેત્રે સક્રિય થાય છે. આ નવી સર્જકપેઢીમાં પ્રતિબદ્ધ વાર્તાકાર તરીકે હિમાંશી શેલતનો પ્રવેશ થાય છે. આવા પ્રતિબદ્ધ વાર્તાકારના વ્યક્તિત્ત્વને ઓળખવાનો અહીં નમ્ર પ્રયાસ થયો છે.

હિમાંશી શેલતના આકર્ષક વ્યક્તિત્ત્વને ઘડવામાં તેમનાં માતા-પિતા તથા પ્રતિષ્ઠિત પત્રકાર એવા દાદાજીનો અમૂલ્ય ફાળો રહ્યો છે, તો સાથે સાથે મુ.કાકા વિષ્ણુ પ્રસાદ ત્રિવેદી, નાની-મંગીબા તથા જીવનભારતી શાળા અને તેનાં શિક્ષકોનો મહત્વનો ફાળો રહ્યો છે. તેમને બાળપણથી જ મળેલું ઘરનું સાહિત્યિક વાતાવરણ શબ્દ સાથેના સંબંધને જોડવામાં મદદરૂપ થાય છે. વળી, બાળપણમાં જ હિમાંશીબહેનની મુલાકાત ઉમાશંકર જોશી, સુંદરમ્, જયંત પાઠક અને યશવન્ત શુક્લ જેવા મોટા ગજાના સાહિત્યકારો તથા કુંજવિહારી મહેતા, આચાર્ય કે.એલ.દેસાઈ, વ્રજરાય દેસાઈ અને ડો.આર.આઈ.પટેલ જેવા શિક્ષણશાસ્ત્રીઓ સાથે થાય છે. તેમનાથી પ્રેરાઈ સમાજને બદલવાના આશયે શિક્ષક બની ઉત્તમ વિચારો અને આદર્શોના પ્રસારક બનવાની ઈચ્છા સેવે છે.

સુધારાવાદી, સાહિત્યપ્રેમી અને તેમના જમાનાથી બહુ આગળ એવા પ્રતિષ્ઠિત પત્રકાર-દાદાજીએ શૈશવથી જ હિમાંશીબહેનમાં શબ્દ વાંચનના બીજ રોપ્યાં હતાં, તો બહુ જ ઉદાર અને સંવેદનશીલ વ્યક્તિત્ત્વ ધરાવતા પિતાજીએ સમાજ પ્રત્યેની નિસબત વારસામાં આપી હતી. તેથી જ તો હિમાંશીબહેન અભાવગ્રસ્ત સમુદાયની સઘન પ્રવૃત્તિઓમાં જોડાય છે. જેમાં તેઓ જુવેનાઈલ ઓબ્ઝર્વેશન હોમ, અંધજન શાળા, પ્લેટફોર્મ પર રખડતા બાળકો, ગીચ ઝૂંપડપટ્ટીનાં બાળકો, રિમાન્ડ હોમ તથા અનાથાશ્રમનાં બાળકો ઉપરાંત દેહવ્યાપારના કુખ્યાત વિસ્તારોમાં દેહ વેચીને પેટનો ખાડો પૂરતી વારાંગનાઓ જેવા સમાજના ઉપેક્ષિત લોકો તરફ સહાનુભૂતિને લઈને એમને માટે કામ કરે છે.

વળી, તેજસ્વી અભ્યાસને કારણે તેઓ પોતાની જ કોલેજમાં અધ્યાપિકા તરીકે જોડાય છે. ત્યાં નિષ્ઠાપૂર્વકના અધ્યાપનકાર્યને લીધે વિદ્યાર્થીઓના પ્રિય થઈ પડે છે. ભલે તેઓ શિક્ષણના કથળતા જતાં સ્તરથી અને વિદ્યાર્થીઓમાં ઘટતી જતી સાહિત્યપ્રીતિ તથા નિસબતના અભાવથી કંટાળીને સ્વૈચ્છિક નિવૃત્તિ લે છે પરંતુ સાહિત્યસર્જનમાં તેઓ આજ પર્યંત પ્રવૃત્ત રહ્યાં છે. તેમની વાર્તાઓ અનુઆધુનિક ગુજરાતી વાર્તાસાહિત્યમાં શિરમોર ગણાય છે. નારી પ્રત્યે અતિ સંવેદનશીલ હિમાંશી શેલતની મોટા ભાગની વાર્તાઓના કેન્દ્રમાં નારીની પીડિત, શોષિત અને બળબળતી છબી

આલેખાઈ છે. તેમણે વાર્તા ઉપરાંત નવલકથા, સ્મરણકથા, નિબંધ, હાસ્યવ્યંગ્ય, બાળ સાહિત્ય તથા સંપાદન, વિવેચન અને અનુવાદ જેવા સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં પ્રદાન કર્યું છે.

આવાં પ્રતિષ્ઠિત વાર્તાકારની સર્જકપ્રતિભા દિલ્હી સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી સંસ્થાઓના પુરસ્કારોની સાથે સાથે ધૂમકેતુ, ઉમાશંકર જોશી, સરોજ પાઠક, જયંત ખત્રી-બકુલેશ, સનતકુમારી મહેતા જેવાં સાહિત્યકારોના માનમાં અપાતા પુરસ્કારો ઉપરાંત કર્ણાટકના નંજનગુડુ થીરૂમલમ્બા શાશ્વતી એવોર્ડ જેવા પુરસ્કારોથી પુરસ્કૃત થઈ છે.

આમ, હાલમાં પણ સર્જનક્ષેત્રે સક્રિય એવા હિમાંશી શેલતના આકર્ષક વ્યક્તિત્ત્વનો આપણને આ પ્રકરણમાં પરિચય મળે છે.

**: પાદટીપ :**

૧. 'હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ', સં. મણિલાલ હ. પટેલ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, ચો. આ. ૨૦૧૦, પૃ.૭
૨. 'મુક્તિ વૃત્તાંત', હિમાંશી શેલત, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૬, પૃ.૧૭
૩. 'સર્જનપ્રક્રિયા અને નારીચેતના', સં. ઉષા ઉપાધ્યાય, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૬, પૃ.૧૧૭
૪. 'માતૃતીર્થ', નંદિની ત્રિવેદી, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, દ્વિ.આ.૨૦૦૨, પૃ.૨૧૩
૫. એજન, પૃ.૨૧૪
૬. 'સમીપે', અંકઃ ૨૬-૨૭, પૃ.૪૧
૭. એજન, પૃ.૪૬
૮. 'મુક્તિ વૃત્તાંત', હિમાંશી શેલત, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૬, પૃ.૨૦
૯. 'સમીપે', અંકઃ ૨૬-૨૭, પૃ.૪૩
૧૦. 'સમીપે', અંકઃ ૨૪, પૃ.૪૪
૧૧. એજન, પૃ.૪૨
૧૨. 'અભિયાન', અંકઃ ૩૭, જાન્યુઆરી - ૧૯૯૭, પૃ.૧૪
૧૩. 'સમીપે', અંકઃ ૨૪, પૃ.૪૩
૧૪. 'સાહચર્ય'(વાર્ષિકી-૨૦૧૪), સં. ગીતા નાયક, સાહચર્ય પ્રકાશન, મુંબઈ, પૃ.૨૩
૧૫. 'ટૂંકીવાર્તા અને હું', સં. હર્ષદ ત્રિવેદી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્ર.આ. ૨૦૧૦, પૃ.૩૬૫
૧૬. 'તપસીલ', સં. દલપત પઢિયાર, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, પ્ર.આ.૧૯૯૯ પૃ.૨૫૯
૧૭. 'ટૂંકીવાર્તા અને હું', સં. હર્ષદ ત્રિવેદી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્ર.આ. ૨૦૧૦, પૃ.૩૬૬
૧૮. 'તપસીલ', સં. દલપત પઢિયાર, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, પ્ર.આ. ૧૯૯૯, પૃ.૨૬૧
૧૯. 'સર્જનપ્રક્રિયા અને નારીચેતના', સં. ઉષા ઉપાધ્યાય, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૬, પૃ.૧૨૦
૨૦. 'સમીપે', અંકઃ ૩૨, પૃ.૨૩
૨૧. 'સર્જનપ્રક્રિયા અને નારીચેતના', સં. ઉષા ઉપાધ્યાય, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૬, પૃ.૧૨૧

૨૨. ‘તપસીલ’, સં. દલપત પઢિયાર, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્ર.આ. ૧૯૯૯, પૃ.૨૬૦
૨૩. ‘સમીપે’, અંકઃ૩૨, પૃ.૨૦
૨૪. ‘પ્લેટફોર્મ નંબર ચાર’, હિમાંશી શેલત, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, પુનઃમુદ્રણઃ ૨૦૦૧, પૃ. પ્રસ્તાવનાઃ ૫
૨૫. ‘વાર્તા વિશેષઃ હિમાંશી શેલત’, સં. શરીફા વીજળીવાળા, અરુણોદય પ્રકાશન અમદાવાદ, પ્ર.આ.૨૦૧૩, પૃ.૧૭૦
૨૬. ‘સમીપે’, અંકઃ ૨૪, પૃ.૪૩
૨૭. એજન, પૃ.૪૪
૨૮. એજન, પૃ.૪૩
૨૯. ‘આધુનિકોત્તર સાહિત્ય’, સં. સુધા નિરંજન પંડયા, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, પ્ર.આ. ૨૦૦૬, પૃ.૪૨
૩૦. ‘વાર્તાસંદર્ભ’, શરીફા વીજળીવાળા, પ્ર.પોતે, મુખ્ય વિક્રેતા-ગૂર્જર એજન્સી, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૧, પૃ.૧૯૧
૩૧. ‘વિકટર’, હિમાંશી શેલત, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, પ્ર.આ.૧૯૯૯, પૃ.પ્રસ્તાવનાઃ ૧૦
૩૨. એજન, પૃ.૫ - પ્રસ્તાવના
૩૩. ‘પરાવાસ્તવવાદ’, હિમાંશી શેલત, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્ર.આ.૧૯૮૭, પૃ.૬ - પ્રસ્તાવના
૩૪. ‘વાર્તા વિશેષઃ હિમાંશી શેલત’, સં. શરીફા વીજળીવાળા, અરુણોદય પ્રકાશન અમદાવાદ, પ્ર.આ.૨૦૧૩, પૃ.૧૬૩